CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૪ | શનિવાર તા.૧૮-૦૭-૨૦૨૬ | અંક : ૧૭૦ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# પાકિસ્તાનનું સરહદ પર ફાયરિંગ : સેનાનો વળતો પ્રહાર

## પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં અશાંતિના માહોલથી ધ્યાન ભટકાવવા રાજૌરી સરહદ પર ગોળીબાર કર્યો : ભારતીય સેનાએ પણ વળતો ગોળીબાર કર્યો

નવી દિલ્હી

પાકિસ્તાન કબ્જા હેઠળના જમ્મુ-કાશ્મીરમાં સતત બગડતી પરિસ્થિતિ અને જનતાના વિરોધ પ્રદર્શનથી દેશ અને દુનિયાનું ધ્યાન ભટકાવવા માટે પાકિસ્તાની સેનાએ ફરી એકવાર સરહદ પર ફરી એક નવો પેંતરો રચ્યો છે. શુક્રવારે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં લાઈન ઓફ કંટ્રોલ પર પાકિસ્તાન તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ભારતીય સેનાએ પણ આ ઉશ્કેરણીજનક ગોળીબારનો સામનો કરતા પાકિસ્તાનને તેની



જ ભાષામાં જડબાતોડ જવાબ આપ્યો છે.મળતી માહિતી મુજબ, શુક્રવારે રાત્રે આશરે ૧૦થી ૧૧ વાગ્યાની આસપાસ રાજૌરી જિલ્લાના તરકુંડી ફોરવર્ડ એરિયામાં પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારોથી અચાનક ભારે ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. શરૂઆતમાં ભારતીય સેનાએ તેને માત્ર એક ઉશ્કેરણીજનક પ્રવૃત્તિ ગણીને ભારે સંયમ જાળવ્યો હતો. પરંતુ જયારે સરહદ પારથી ફાયરિંગ વધુ તેજ થયું, ત્યારે ભારતીય જવાનોએ પણ મોરચો સંભાળી લીધો અને પાકિસ્તાની ચોકીઓ પર જોરદાર વળતો પ્રહાર કર્યો હતો. આ ગોળીબાર મોડી રાત સુધી અટકતા-અટકતા ચાલુ રહ્યો હતો. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, બોર્ડર પર તહેનાત ભારતીય જવાનોએ રાત્રિના સમયે સરહદ પારથી કેટલાક શંકાસ્પદ આતંકીઓની હિલચાલ જોઈ હતી. આતંકીઓ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા જણાતા જ સેનાએ તાબડતોબ ફાયરિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ આતંકીઓને કવર ફાયર આપવા માટે પોતાના તરફથી નાના હથિયારો વડે બ્લાઈન્ડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું.



ઓમાનના અખાતમાં ૧૧મા અભિયાન એકમના યુએસ મરીન એમ/ટી વેન યાઓ પર ચકાસણી બૉર્ડિંગ કરે છે. યુએસ દળોએ ઈરાન સામે ચાલુ નૌકાદળ નાકાબંધીનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા માટે ત્રણ વાણિજ્યિક જહાજોને રીડાયરેક્ટ કર્યા છે, એકને અક્ષમ કર્યો છે અને બીજામાં સવારી કરી છે.

## પ્રધાનમંત્રી મોદીના રાજીનામાની માંગ સાથે કોકરોચ પાર્ટીના સ્થાપક ઉપવાસ ઉપર ઉતર્યા

### પોલીસે બળપ્રયોગ કર્યો હોવાનો અભિજિત દીપકેનો આક્ષેપ

નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર પરથી સવારે એક મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં દિલ્હી પોલીસે ૨૦ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા જાણીતા પર્યાવરણ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને મંચ પરથી ઉઠાવી લીધા છે. આ દરમિયાન 'કોકરોચ જનતા પાર્ટી' (ઝત્ત) ના સ્થાપક અભિજીત દીપકેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર દાવો કર્યો છે કે પોલીસ દ્વારા તેમને માર મારવામાં આવ્યો છે અને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. બીજી તરફ પોલીસે પ્રદર્શનકારીઓને જંતર-મંતર વહેલી તકે ખાલી કરવા માટે અલ્ટીમેટમ આપી દીધું છે. આ સાથે હવે સીજેપીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજીનામાની પણ માગ કરી છે. બીજી બાજુ આંદોલન ચાલુ રાખવા માટે હવે ખુદ અભિજિત દીપકે અનશન પર બેસી ગયા છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, માનનીય હાઈકોર્ટના નિર્દેશોનું પાલન કરીને સોનમ વાંગચુકને સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. પોલીસનું કહેવું છે કે વાંગચુકના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરી શકાય તેમ નથી, કારણ કે એક દિવસ પહેલા જ ડોક્ટરોએ ચેતવણી આપી હતી કે લાંબા ઉપવાસના કારણે તેમના અંગો ધીમે-ધીમે કામ કરવાનું બંધ કરી શકે છે. હાલ સફદરજંગ હોસ્પિટલ ખાતે ડોક્ટરોની ટીમ તૈનાત છે અને ટૂંક સમયમાં મેડિકલ બુલેટિન જાહેર થશે.

## સોનમ વાંગચૂકને પોલીસ ઉઠાવી ગઈ : હોસ્પિટલમાં દાખલ

### દિલ્હીના જંતર-મંતર મેદાન પર ચાલતા અનશનમાં પોલીસની ઓચિંતાની એન્ટ્રી : પ્રદર્શનકારીઓને હટાવી પોસ્ટર કબજે કર્યા

નવી દિલ્હી

દિલ્હીના જંતર-મંતર ખાતે છેલ્લા ૨૦ દિવસથી અનશન પર બેઠેલા જાણીતા પર્યાવરણવિદ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. વહેલી સવારે મોટી સંખ્યામાં દિલ્હી પોલીસના જવાનો જંતર-મંતર પહોંચ્યા હતા અને ગણતરીની મિનિટોમાં જ સોનમ વાંગચુકને ત્યાંથી ઉપાડીને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.પોલીસની આ ઓચિંતી કાર્યવાહીને પગલે આંદોલન સ્થળ પર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સતત ૨૦ દિવસના ઉપવાસના કારણે સોનમ વાંગચુકની તબિયત લથડી રહી હતી અને તેમનું વજન પણ ૯ કિલો કરતાં વધુ ઘટી ગયું હતું.દિલ્હી પોલીસે માત્ર સોનમ વાંગચુકને જ હોસ્પિટલ ખસેડ્યા નથી, પરંતુ જંતર-મંતર પરથી અન્ય તમામ પ્રદર્શનકારીઓને પણ હટાવી દીધા છે. આંદોલન સ્થળે લગાવવામાં આવેલા તમામ બેનરો અને પોસ્ટરો પોલીસે કબજે કરીને હટાવી દીધા છે. સોનમ વાંગચુકના સમર્થકો અને વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે કે




પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરવામાં આવ્યો છે, જોકે દિલ્હી પોલીસે લાઠીચાર્જના આ આરોપોને સરેઆમ નકારી દીધા છે.આ આંદોલન સાથે જોડાયેલા 'કોકરોચ જનતા પાર્ટી' ના સ્થાપક અભિજીત દીપકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પછી એક અનેક પોસ્ટ કરીને દિલ્હી પોલીસ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે, "દિલ્હી પોલીસે જંતર-મંતર પર કડક વલણ અપનાવ્યું છે. લોકો પર બળપ્રયોગ કરવામાં આવી રહ્યો છે અને સોનમ સરને જબરદસ્તીથી લઈ જવામાં આવ્યા છે." દીપકે વધુમાં આરોપ લગાવ્યો છે કે પોલીસે તેમને પણ રોકી રાખ્યા હતા, તેમની સાથે મારપીટ કરી હતી અને બાદમાં કસ્ટડીમાં લઈ લીધા હતા. આ કાર્યવાહી બાદ જંતર-મંતર પર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી છે.




## ભારતના પ્રથમ ખાનગી ઓર્બિટલ રોકેટ વિક્રમ-૧ શ્રીહરિકોટા ખાતેથી સફળતાપૂર્વક લોન્ચ થયું

### હૈદરાબાદની ખાનગી સ્ટાર્ટઅપ કંપની સ્કાયરૂટ એરોસ્પેસ દ્વારા દેશનું પ્રથમ ઓર્બિટલ રોકેટ લોન્ચ કરાયું : પ્રધાનમંત્રીએ આપ્યા અભિનંદન

શ્રીહરિકોટા

ભારતના સ્પેસ સેક્ટરમાં આજે નવો સુવર્ણ ઈતિહાસ રચાયો છે. હૈદરાબાદ સ્થિત ખાનગી સ્પેસ સ્ટાર્ટઅપ 'સ્કાયરૂટ એરોસ્પેસ' દ્વારા દેશનું પહેલું પ્રાઈવેટ ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧' સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. ભારતીય અવકાશ સંશોધનના ઈતિહાસમાં આ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ માનવામાં આવી રહી છે.અહેવાલો અનુસાર, આ ઐતિહાસિક લોન્ચિંગ આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા સ્પેસ સેન્ટર પરથી આજે સવારે ૧૧:૩૦ વાગ્યે નિર્ધારિત કરવામાં આવ્યું હતું. જો કે, લોન્ચિંગની બરાબર ૫ મિનિટ પહેલા કોઈ કારણસર કાઉન્ટડાઉનને રોકી દેવામાં આવ્યું હતું. થોડીવારના હોલ્ડ અને ટેકનિકલ ચકાસણી બાદ પ્રક્રિયા ફરી શરૂ કરાઈ હતી અને બપોરે ૧૨:૦૫ વાગ્યે રોકેટે સફળ ઉડાન ભરી હતી.સ્કાયરૂટ એરોસ્પેસના આ લોન્ચિંગ પ્રોજેક્ટને 'મિશન આગમન' નામ આપવામાં આવ્યું છે. 'વિક્રમ-૧' રોકેટ પૃથ્વીની નીચલી કક્ષામાં (લો અર્થ ઓર્બિટ) ૪૫૦ કિલોમીટરની ઊંચાઈ સુધી જશે. આ મિશન અંતર્ગત રોકેટ પોતાની સાથે આધુનિક ટેકનોલોજી અને કલા સાથે જોડાયેલા ગ્રહ સ્પેસનો ટેકનોલોજી પેલોડ, કોસ્મોસર્વ સ્પેસનો પેલોડ, ડીક્યુબ્ડનો સ્પેસ રિસર્ચ સાથે જોડાયેલો પેલોડ, પોતે સ્કાયરૂટ એરોસ્પેસનો પોતાનો ઈન-હાઉસ સ્કોપ પેલોડ અવકાશમાં લઈ ગયું છે:

સબ-ઓર્બિટલ અને ઓર્બિટલ રોકેટ વચ્ચે મોટો તફાવત હોય છે. સબ-ઓર્બિટલ રોકેટ માત્ર અવકાશની સરહદ સુધી પહોંચીને પૃથ્વી પર પાછું ફરે છે. જ્યારે ઓર્બિટલ રોકેટ ઉપગ્રહ (સેટેલાઈટ)ને એટલી પ્રચંડ ગતિ અને વેગ આપે છે કે તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈને સતત ચક્કર લગાવતો રહે છે.

## શ્રીલંકામાં મેચ ફિક્સિંગના આરોપમાં ભારતીય ક્રિકેટર મનજોતની ધરપકડ

### લંકા પ્રીમિયર લીગમાં એક ખેલાડીને લાલચ આપી હોવાના આરોપસર કરાઈ કાર્યવાહી

કોલંબો

ભારતને અંડર-૧૯ વર્લ્ડ કપ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર પૂર્વ ક્રિકેટર મનજોત કાલરાની શ્રીલંકામાં ધરપકડ કરવામાં આવી છે.

હાલમાં રમાઈ રહેલી લંકા પ્રીમિયર લીગમાં જાફના કિંગ્સ ટીમના સહ-માલિક બનેલા ૨૭ વર્ષીય મનજોત કાલરા પર એક ખેલાડીને મેચ ફિક્સિંગ માટે ઉશ્કેરવાનો (લાલચ આપવાનો) ગંભીર આરોપ લાગ્યો છે. રમતગમતના ગુનાઓ રોકવા માટે બનેલી શ્રીલંકા પોલીસની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ (SIU) દ્વારા શુક્રવારે આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

અહેવાલ મુજબ, ધરપકડ બાદ મનજોત કાલરાને કોર્ટમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં અદાલતે તેને ૩૧ જુલાઈ સુધી ન્યાયિક કસ્ટડીમાં (જેલમાં) મોકલી આપ્યો છે.

આ કેસમાં માત્ર મનજોત જ નહીં, પરંતુ યુવરાજ પુષ્પા નામના અન્ય એક ભારતીય નાગરિકની પણ ધરપકડ કરવામાં આવી છે. કોર્ટે તેને પણ મનજોતની સાથે જેલ ભેગો કરવાનો આદેશ આપ્યો છે. આ ઘટનાને પગલે રમતગમત ક્ષેત્રે ચકચાર મચી ગઈ છે.

આ મોટી ધરપકડ બાદ શ્રીલંકા ક્રિકેટ બોર્ડે (SLC) સત્તાવાર નિવેદન બહાર પાડીને સ્થિતિ સ્પષ્ટ કરી છે. બોર્ડે જણાવ્યું છે કે આ ઘટનાની લંકા પ્રીમિયર લીગના આયોજન પર કોઈ અસર નહીં પડે અને મેચો તેના સમયપત્રક મુજબ જ રમાશે. બોર્ડે તપાસ કરનારી એજન્સીઓને પૂરેપૂરો સાથ આપવાની ખાતરી આપી છે. બોર્ડે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ક્રિકેટમાં કોઈ પણ પ્રકારનો ભ્રષ્ટાચાર કે ગેરરીતિ ચલાવી લેવામાં આવશે નહીં અને લીગની ઈમાનદારી જાળવી રાખવા માટે એન્ટિ-કરપ્શન યુનિટ સતત પોલીસ સાથે મળીને કામ કરી રહ્યું છે.

## ભારતમાં કોરોના વાયરસના ૩૩૯ કેસ નોંધાયા : કેરળમાં સૌથી વધુ ૧૧૫ કેસ

### મહારાષ્ટ્રમાં પણ કોરોનાના કેસ વધતા આરોગ્ય વિભાગ એલર્ટ

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોનાને ફરી ફૂંફાડો માર્યો છે. દેશમાં કોરોનાના કેસની બાબતે મહારાષ્ટ્ર દેશમાં ત્રીજા ક્રમે છે. ૧ જુલાઈથી અત્યાર સુધીમાં સમગ્ર ભારતમાં કોવિડ-૧૯ના ૩૩૯ કેસ નોંધાયા છે.

કેરળમાં દેશમાં સૌથી વધુ ૧૧૫ કેસ સામે આવ્યા છે. કર્ણાટક ૬૪ કેસ સાથે બીજા અને મહારાષ્ટ્ર ૪૮ કેસ સાથે ત્રીજા સ્થાને છે. આ સિવાય તમિલનાડુમાં ૩૯, આંદામાન-નિકોબાર અને દિલ્હીમાં ૧૮-૧૮, તેમજ રાજસ્થાનમાં ૧૨ કેસ નોંધાયા છે, જ્યારે બાકીના કેસ અન્ય રાજ્યોમાં સામે આવ્યા છે.

મળતી વિગત પ્રમાણે, મહારાષ્ટ્રમાં કોરોનાનો પ્રકોપ ફરીથી વધી ગયો છે. છેલ્લા ૧૦ દિવસમાં કોવિડના કેસોમાં મામૂલી વધારો જોવા મળ્યો છે. જો કે, નવી લહેરના કોઈ સંકેતો નથી. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, આ કોઈ નવી લહેર નથી, પરંતુ ઈન્ફ્લુએન્ઝાની જેમ વાયરસના ઉતાર-ચઢાવનો એક ભાગ છે.

## ટ્રમ્પના નિર્ણયથી અમેરિકામાં ભારતીય ટ્રક ચાલકોની મુશ્કેલી વધી

### ટ્રમ્પની હવે પ્રવાસી ટ્રક ચાલકો ઉપર તરાપ : અમેરિકન સેનાના નિવૃત્ત સૈનિકોને લાઈસન્સ આપશે

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રવાસીઓને લઈને એક નવો અને અત્યંત વિવાદિત પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેની સીધી અસર ત્યાં વસતા લાખો ભારતીય પ્રવાસીઓ પર પડશે. પૅન્સિલવેનિયામાં આયોજિત 'મિલિટરી ઈન્વેસ્ટમેન્ટ સમિટ'માં સંબોધન કરતાં ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેમની સરકાર પ્રવાસી ટ્રક ડ્રાઈવરોને હટાવીને તેમની જગ્યાએ અમેરિકન સેનાના નિવૃત્ત સૈનિકોને તૈનાત કરશે. આ પ્રસ્તાવ હેઠળ, સેનામાં ભારે વાહનો ચલાવવાનો અનુભવ ધરાવતા



અમેરિકી નાગરિકોને કોઈ પણ ઝંઝટ વિના સીધું જ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ આપી દેવામાં આવશે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે પ્રવાસી ડ્રાઈવરોમાંથી મોટા ભાગના નશાની લતમાં ડૂબેલા હોય છે અને રસ્તા પરના સાઈન બોર્ડ પણ વાંચી શકતા નથી, જેના કારણે અકસ્માતોમાં લોકોના જીવ જઈ રહ્યા છે. ટ્રમ્પ પ્રશાસન આ દિશામાં પહેલાથી જ મોટો ક્રેકડાઉન કરી રહ્યું છે. અહેવાલો અનુસાર, ચાલુ વર્ષના માર્ચ મહિનામાં જ નવા નિયમો હેઠળ અંદાજે બે લાખ જેટલા પ્રવાસી ડ્રાઈવરોના કોમર્શિયલ લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા છે, જેમની પાસે અગાઉ અમેરિકામાં રહેવા અને કામ કરવાના કાનૂની દસ્તાવેજો હતા. તાજેતરના વર્ષોમાં અમેરિકન નાગરિકો આ ક્ષેત્રથી દૂર થતાં પ્રવાસીઓ માટે ટ્રક ડ્રાઈવિંગ કમાણીનું એક મુખ્ય સાધન બન્યું હતું. 'નોર્થ અમેરિકન પંજાબી ટ્રકર્સ એસોસિએશન' ના આંકડા અનુસાર, હાલમાં અમેરિકામાં આશરે ૧.૩ થી ૧.૫ લાખ ટ્રક ડ્રાઈવરો પંજાબ અને હરિયાણા મૂળના છે. જો ટ્રમ્પનો આ નવો પ્રસ્તાવ સંપૂર્ણપણે લાગુ થશે, તો આ હજારો ભારતીય પરિવારોની રોજીરોટી પર સીધું સંકટ આવી જશે. ભારતીય મૂળના ડ્રાઈવરો પહેલાથી જ ફરજિયાત અંગ્રેજી કાર્યક્ષમતા કસોટી અને નવા કડક કાયદાઓની માર ઝીલી રહ્યા છે, તેમાં આ નિર્ણય મુશ્કેલીઓ વધારે વધારશે.



સૌરાષ્ટ્ર આસપાસ

# અમદાવાદમાં રૂ. ૨૭૧૯ કરોડના ૬ પ્રોજેક્ટને મંજૂરી

## અમદાવાદ મહાનગરપાલિકાને આ ૬ પ્રોજેક્ટ્સ માટે ૬૭૯.૯૫ કરોડની કેન્દ્રીય સહાય તથા ૬૭૯.૯૫ કરોડની રાજ્ય સરકારની સહાય મળશે

અમદાવાદ,

કેન્દ્ર સરકારે અર્બન ચેલેન્જ ફંડમાંથી અમદાવાદના ૬ મોટા પ્રોજેક્ટ્સ માટે ૨૭૧૯.૮૦ કરોડ મંજૂર કર્યા છે. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે પશ્ચિમ અને પૂર્વ અમદાવાદના ગટર નેટવર્ક, વોટર મેનેજમેન્ટ, સ્લજ મેનેજમેન્ટ,આઈટીએમએસ અને એએફસીએસ સહિતના પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આનાથી ગટર ઓવરફ્લો ઘટશે, જાહેર પરિવહન સુધરશે અને શહેર વધુ સ્માર્ટ બનશે.

કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે મંજૂર કરેલા આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે- પશ્ચિમ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુનર્વસન માટે ૮૫૨.૯૩ કરોડ,પૂર્વ અમદાવાદના મુખ્ય ગટર નેટવર્કના પુનર્વસન માટે ૫૫૧.૩૫ કરોડ,અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં જૂના ગટર નેટવર્કના પુનર્વસન માટે ૨૯૦.૨૪ કરોડ,ઈન્ટેલિજન્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ માટે ૨૧૫ કરોડ,૧૨૫ ટીપીડીની ઈન્ટીગ્રેટેડ સ્લજ મેનેજમેન્ટ ફેસિલીટી માટે ૪૭૯.૨૫ કરોડ,આઈટીએમએસ અને એએફસીએસ માટે ૩૩૧.૦૩ કરોડ રૂપિયા મંજૂર

આ પ્રોજેક્ટ્સ કાર્યરત થતાં અમદાવાદ શહેરના ગટર નેટવર્કનું પુનર્વસન (રિહેબિલિટેશન) કરીને ગટર ઓવરફ્લો તથા લીકેજ જેવી સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. એટલું જ નહીં, સમગ્ર ગટર અને સ્ટોર્મ વોટર સિસ્ટમનું રિયલ-ટાઈમ ડિજિટલ મોનિટરિંગ અને સ્માર્ટ સંચાલન શક્ય બનશે. ઉપરાંત, ગટરના સ્લજમાંથી બાયોગેસ અને ગ્રીન એનર્જીના ઉત્પાદનથી પર્યાવરણને અનુકૂળ અને સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન મળશે.

ઈન્ટીગ્રેટેડ ટ્રાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ આઈટીએમએસ અને ઓટોમેટેડ ફેર કલેક્શન સિસ્ટમના કારણે એએમટીએસ,બીઆરટીએસ અને મેટ્રો માટે કોમન મોબિલિટી કાર્ડ અને કોમન જર્ની એપ્લિકેશન મારફતે નાગરિકોને સરળ મુસાફરીની સેવા, જાહેર પરિવહન સંબંધિત સચોટ અને રિયલ-ટાઈમ માહિતી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને રૂટનું કાર્યક્ષમ આયોજન તેમજ આધુનિક ઈન-બસ સર્વેલન્સ દ્વારા બહેતર ઈન્સિડન્ટ મેનેજમેન્ટ સાથે સુરક્ષિત અને સલામત સવારીની સુવિધા મળશે. આ પ્રોજેક્ટ્સ દ્વારા અમદાવાદને વધુ સ્માર્ટ, સ્વચ્છ, રિઝિલિયન્ટ અને વૈશ્વિક ધોરણોનું શહેર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થશે. કાર્યક્ષમ, ટકાઉ અને ભવિષ્યલક્ષી શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે તથા નાગરિકોને વધુ ગુણવત્તાયુક્ત સેવાઓ પ્રાપ્ત થશે.

કેન્દ્ર સરકારે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દેશના શહેરોને માર્કેટ આધારિત ધિરાણ અને સંતુલિત પ્રાદેશિક વિકાસ તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરવા માટે અર્બન ચેલેન્જ ફંડ શરૂ કરેલું છે અને ૫ વર્ષ દરમિયાન કુલ ૧ લાખ કરોડની કેન્દ્રીય સહાય માર્કેટ-લેડ અર્બન ટ્રાન્સફોર્મેશન માટે આ ફંડ પૂરી પાડે છે.

આ યોજના અન્વયે ક્રિએટિવ રિડેવલપમેન્ટ ઓફ સિટીઝ, સિટીઝ એઝ ગ્રોથ હબ અને વોટર એન્ડ સેનિટેશન એમ ત્રણ વર્ટિકલ્સમાં પ્રોજેક્ટના કામો કરી શકાય છે. ગુજરાતને અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત ૬,૪૭૫ કરોડની કેન્દ્રીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. જેનાથી રાજયના શહેરો દ્વારા કુલ ૨૫ હજાર ૯૦૦ કરોડની રકમના કામો અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત હાથ ધરી શકાશે. આ ફંડ અંતર્ગત પ્રોજેક્ટ્સની રકમના ૨૫ ટકા કેન્દ્ર સરકારની સહાય, ૨૫ ટકા રાજ્ય સરકારની સહાય અને બાકીના ૫૦ ટકા મ્યુનિસિપલ બોન્ડ, લોન અથવા પીપીપી દ્વારા ઉપલબ્ધ કરવાના રહે છે.

# ગિફ્ટ સિટી ખાતે HCL ટેકના ગ્લોબલ ટેકનોલોજી સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ




ગાંધીનગર,

ભારતીય આઈટી ઉદ્યોગની અગ્રણી અને સૌથી ઝડપથી વિકસતી કંપની ૐઝ઼ ટેકના ગિફ્ટ સિટી ખાતે કાર્યરત થયેલા ગ્લોબલ ટેકનોલોજી સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી શ્રીએ આ નવી શરૂઆતને ગિફ્ટ સિટી અને ગુજરાતના આઈટી સેક્ટરના વિકાસ માટે એક અત્યંત મહત્વપૂર્ણ સીમાચિહ્ન ગણાવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે મોટી આઈટી કંપનીઓ અન્ય રાજ્યોથી મેનપાવર આયાત કરતી હોય છે, પરંતુ તેનાથી વિપરીત HCL ટેક સ્થાનિક સ્તરે જ રોજગારીની તકો ઊભી કરવા અને સ્થાનિક ભાગીદારોને સાથે રાખીને આગળ વધવાની દિશામાં કામ કરી રહી છે. કંપનીની આ નીતિ ખરા અર્થમાં પ્રશંસનીય છે અને તે રાજ્યના યુવાધનને સ્વનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

મંત્રીશ્રીએ HCL કંપની દ્વારા ચલાવવામાં આવતી 'કમ બેક હોમ' પહેલની સરાહના કરતા કહ્યું હતું કે, ગુજરાતના જે પ્રતિભાશાળી યુવાનો રોજગારી અર્થે પોતાના પરિવાર અને માતા-પિતાથી દૂર બેંગલુરુ, પુણે, હૈદરાબાદ કે યુ.એસ. જેવા સ્થળોએ કામ કરે છે, તેમને પોતાના વતનમાં પરત લાવી રોજગારી આપવાની HCL ની પહેલ અન્ય કંપનીઓ માટે ઉદાહરણ બની છે. આ સેન્ટરના માધ્યમથી હવે ગુજરાતી યુવાનો પરિવાર સાથે રહીને, પોતાના ઘર આંગણે જ વૈશ્વિક સ્તરની આઈટી કારકિર્દી ઘડી શકશે અને પોતાના સપના સાકાર કરી શકશે.

# સોશિયલ મીડિયા મારફતે સગીરાને બ્લેકમેલ કરવાના આરોપસર એક શખ્સની ધરપકડ

અમદાવાદ,

ફરી એકવાર સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકો સાથે સંપર્કનો ગેરફાયદો અને નુકસાન નો બનાવ સામે આવ્યો છે જેમાં, સોશિયલ મીડિયા પર હિન્દુ યુવકની ખોટી ઓળખ આપીને હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી સગીરાનું ઓનલાઈન જાતીય શોષણ અને બ્લેકમેઈલિંગ કરવાના એક ચકચારી કેસનો અમદાવાદ ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યો છે. કણભા પોલીસ અને એલ.સી.બી. (ન્ઝ્રમ્)ની સંયુક્ત ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે મધ્ય પ્રદેશના ગ્વાલિયરથી ૨૫ વર્ષીય આરોપી બિટ્ટુખાન ઉર્ફે 'સોનુ' રહીશખાનની ધરપકડ કરી લીધી છે.

આ મામલે મળતી માહિતી અનુસાર, આરોપી બિટ્ટુખાને ગત ફેબ્રુઆરી મહિનામાં એક મેસેજિંગ એપ્લિકેશન મારફતે સગીરાનો સંપર્ક કર્યો હતો. તેણે પોતાનું નામ 'સોનુ' હોવાનું જણાવી પોતે ૨૩ વર્ષનો કુંવારો હિન્દુ યુવક હોવાની ખોટી ઓળખ આપી હતી. સગીરા અભ્યાસ અર્થે અન્ય શહેરમાં હોસ્ટેલમાં રહેતી હોવાથી, આરોપીએ પોતાની સાચી ધાર્મિક ઓળખ છુપાવીને તેનો વિશ્વાસ જીતી લીધો હતો અને ત્યારબાદ સગીરાનો વોટ્સએપ નંબર મેળવ્યો હતો.ધીમે-ધીમે વાતચીત વધારીને નરાધમે સગીરાને અશ્લીલ વીડિયો કોલ કરવા દબાણ કર્યું હતું અને કપટપૂર્વક તેના સ્ક્રીન રેકોર્ડિંગ ઉતારી લીધા હતા. આટલું જ નહીં, આરોપીએ સગીરાના જી-મેઈલ અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના પાસવર્ડ પણ મેળવી લીધા હતા અને તેની પ્રવૃત્તિઓ પર નજર રાખતો હતો. ત્યારબાદ તેણે સગીરાને રૂબરૂ મળી શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું હતું.

# રાજ્યમાં ૧૯,૫૦૦ આરોગ્યની ટીમો દ્વારા ૬.૫૧ કરોડની વસ્તીનું સર્વેલન્સ, ૨૯ લાખ બ્રીડિંગ સાઈટ્સનો નાશ

## મેલેરિયાના રેકોર્ડબ્રેક ૯૪ લાખથી વધુ ટેસ્ટ, ૪૮૬ દર્દીઓને મળી ફ્રી સારવાર

ગાંધીનગર,

ગુજરાતમાં ચોમાસાની ઋતુની શરૂઆત થતાં જ મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવા મચ્છરજન્ય રોગોના ફેલાવાને રોકવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એક્શન મોડમાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં 'રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ' અંતર્ગત યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ અભિયાન હેઠળ વર્ષ-૨૦૨૬માં મેલેરિયાના વહેલા નિદાન માટે અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક ૯૪ લાખથી વધુ લોહીના નમૂના લેવામાં આવ્યા છે, જેમાં પોઝિટિવ જણાતા તમામ ૪૮૬ દર્દીઓને તંત્ર દ્વારા સંપૂર્ણપણે નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના સચોટ નિદાન માટે રાજ્યની મેડિકલ કોલેજો સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં ખાસ નિદાન કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે, જ્યાં અત્યાર સુધીમાં ડેન્ગ્યુ માટે ૬૫,૨૯૩ અને ચિકુનગુનિયા માટે ૯,૯૬૩ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી છે.

મચ્છરોનો નાશ કરવા માટે આરોગ્ય વિભાગની ટીમો સીધી નાગરિકોના ઘર સુધી પહોંચી રહી છે. આ વર્ષે હાઉસ-ટુ-હાઉસ ઝુંબેશના બીજા રાઉન્ડ અંતર્ગત ૧૯,૫૦૦થી વધુ આરોગ્ય ટીમોએ ૬.૫૧ કરોડથી વધુની વસ્તીને સર્વેલન્સ હેઠળ આવરી લીધી હતી. આ હાઉસ-ટુ-હાઉસ સર્વે દરમિયાન તાવના લક્ષણો ધરાવતા દર્દીઓની તપાસ કરી મેલેરિયાના ૨૮ નવા કેસ શોધી કાઢવામાં આવ્યા હતા અને તુરંત જ તેમની સારવાર શરૂ કરી દેવાઈ હતી.મચ્છરોના ઉપદ્રવને રોકવા માટે રાજયના આરોગ્ય વિભાગ દ્વારા ૨૯ લાખથી વધુ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો -બ્રીડિંગ સાઈટ્સ સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, મચ્છરોના સફાયા માટે ૩ લાખથી વધુ ઘરોમાં ફોગિંગ -ધુમાડો કરવામાં આવ્યું છે. મચ્છરોનો ફેલાવો અટકાવવા કાયમી ધોરણે પાણી ભરાઈ રહેતું હોય તેવા ૪,૯૯૮ સ્થળો પર મચ્છરોના પોરા ખાઈ જતી ખાસ 'પોરાભક્ષક' -લાર્વીવોરસ માછલીઓ મૂકવામાં આવી છે. તદુપરાંત, રાજ્યના સંવેદનશીલ ૨૪ જિલ્લાના ૧૧૬ ગામોની ૧.૦૬ લાખની વસ્તીને જંતુનાશક દવાના પ્રથમ રાઉન્ડ હેઠળ આવરી લેવાઈ છે, જ્યારે આ દવાનો બીજો રાઉન્ડ આગામી ૧ ઓગસ્ટ ૨૦૨૬થી શરૂ કરવામાં આવશે.

# ગિરનારની પવિત્ર પાંચ ટૂંક ઉપર વહીવટી તંત્ર દ્વારા વિશેષ જાહેરનામું અમલી

## ગિરનાર ક્ષેત્રમાં શાંતિ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે વહીવટી તંત્ર એકશનમાં

જૂનાગઢ,

ગુજરાત સહીત દેશભરમાં જૂનાગઢના ભવનાથ વિસ્તાર તેમજ ગિરનાર ક્ષેત્રમાં શાંતિ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. ગિરનારની પવિત્ર પાંચ ટૂંક ઉપર વહીવટી તંત્ર દ્વારા વિશેષ જાહેરનામું અમલી કરી દેવામાં આવ્યું છે.આ વિસ્તારની ગરિમા જળવાય અને કોઈ પણ સ્તરે ધાર્મિક લાગણી ન દુભાય તે હેતુથી પોલીસ અને પ્રશાસન દ્વારા સુરક્ષા વ્યવસ્થા અભેદ્ય બનાવી દેવામાં આવી છે.

જાહેરનામા અનુસાર,ગિરનાર ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારના ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરવા,વિવાદાસ્પદ ભાષણો આપવા તેમજ સક્ષમ અધિકારીની મંજૂરી વિના લાઉડ સ્પીકર કે અન્ય વાજિંત્રો વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.આ ઉપરાંત સમગ્ર ભવનાથ અને ગિરનાર ટૂંક પર કોઈ પણ વ્યક્તિ ઘાતક હથિયારો સાથે રાખી શકશે નહીં.યાત્રાળુઓની સુરક્ષા અને ધાર્મિક શાંતિ ભંગ ન થાય તે માટે આ નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે.

વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આ જાહેરનામાના નિયમોનો ભંગ કરનાર કે કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરનાર કોઈ પણ શખ્સ વિરુદ્ધ સહેજ પણ ચલાવી લેવામાં આવશે નહીં અને તેમની સામે તાત્કાલિક ધોરણે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# વિજાપુરમાં ઘરના મોભીની હત્યા માટે પત્ની, દીકરીએ કાવતરું રચ્યું અને કાર નીચે કચડવાની ભાણેજને સોપારી આપી

## હિટ એન્ડ રનની ઘટના સામાન્ય અકસ્માત નહીં પરંતુ પૂર્વનિયોજિત હત્યા હોવાનો પર્દાફાશ થતાં ત્રણની ધરપકડ

મહેસાણા,તા.૧૭

મહેસાણા જિલ્લાના વિજાપુરમાંથી એક સંબંધોને લજવતો કિસ્સો સામે આવ્યો છે. ૮ જુલાઈના રોજ બનેલી એક હિટ એન્ડ રનની ઘટના સામાન્ય અકસ્માત નહીં પરંતુ પૂર્વનિયોજિત હત્યા હોવાનો પર્દાફાશ થયો છે. ઘરકંકાસ અને શંકા-વહેમના કારણે એક પત્ની અને દીકરીને મળીને પતિની હત્યા કરવાની સોપારી આપી હતી. આ માતા પુત્રીએ મળીને પોતાના સગા ભાણેજને સોપારી આપીને ઘરના મોભીને કાર નીચે કચડી મારી નાખ્યા. વિજાપુર પોલીસે આ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલીને પત્ની, પુત્રી અને ભાણેજ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

અકસ્માતમાં મોત બાદ તપાસે લીધો નવો વળાંક - ૮ જુલાઈ ૨૦૨૬ના રોજ વિજાપુરના આનંદપુરા રોડ પર બનેલી આ ઘટના છે. રામમંદિર પાસે મેડિકલ સ્ટોર ચલાવતા વિનોદભાઈ મણીલાલ પટેલ પોતાના એક્ટિવા પર જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવેલી એક સફેદ રંગની બ્રેઝા કારે તેમને જોરદાર ટક્કર મારી દીધી. અકસ્માત એટલો ભયાનક હતો કે વિનોદભાઈનું કમકમાટીભર્યું મોત નીપજ્યું અને કાર ચાલક ગાડી લઈને ફરાર થઈ ગયો. વિજાપુર પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી, પણ પોલીસને અંદાજો નહોતો કે આ અકસ્માત પાછળ એક મોટું ગુનાહિત કાવતરું છુપાયેલું છે.

વિજાપુર પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરતા એક નંબર પ્લેટ વગરની શંકાસ્પદ બ્રેઝા કાર નજરે પડી હતી. આ દરમિયાન એક મહત્વનો સાક્ષી પોલીસ સમક્ષ હાજર થયો અને તેણે જણાવ્યું કે, તેનો મિત્ર વિમલ પટેલ સીસીટીવી કેમેરા ફિટ કરવાના બહાને તેને ગાડીમાં બેસાડી ગયો હતો અને તેણે જ જાણીજોઈને એક્ટિવા સવારને ટક્કર મારી ગાડી ભગાવી મૂકી હતી.

# કચ્છના સંવેદનશીલ સરક્રિક વિસ્તારમાંથી શંકાસ્પદ પાકિસ્તાની બોટ ઝડપાઈ

## શંકાસ્પદ પાકિસ્તાની બોટ મામલે વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત તપાસ શરૂ કરવામાં આવી



ભુજ,

કચ્છના સરહદી અને અત્યંત સંવેદનશીલ સરક્રિક વિસ્તારમાં સુરક્ષા એજન્સીઓએ સતર્કતા વધુ વધારી છે. દરિયાઈ સરહદ પર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના જવાનોને ભારતીય જળસીમામાં એક શંકાસ્પદ પાકિસ્તાની બોટ મળી આવી છે. બોટ મળી આવતાં જ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે અને વિવિધ એજન્સીઓ દ્વારા સંયુક્ત તપાસ શરૂ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, મ્જીહ્લના જવાનો સરક્રિક વિસ્તારમાં રૂટિન પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે તેમની નજર ભારતીય જળસીમામાં રહેલી એક શંકાસ્પદ બોટ પર પડી હતી. તાત્કાલિક કાર્યવાહી કરીને જવાનોએ બોટને કબજામાં લીધી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, બોટ બિનવારસી હાલતમાં મળી આવી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બોટ ભારતીય જળસીમામાં કેવી રીતે પહોંચી અને તેનો હેતુ શું હતો તે અંગે હાલમાં કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.

# દીવા કરો, માનતા રાખો, પરંતુ સારા કર્મ વગર કુદરત સાથ નહીં આપે : ગેનીબેન ઠાકોરની મહિલાઓને ટકોર

## શિક્ષણ જ એકમાત્ર એવું હથિયાર છે જે ગરીબી અને કુરીવાજોમાંથી મુક્તિ અપાવી શકે

પાલનપુર,

બનાસકાંઠાના વાવ-થરાદ વિસ્તારના લોકપ્રિય નેતા અને કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર હંમેશા પોતાના બેબાક અને લોકાભિમુખ અંદાજ માટે જાણીતા છે. તાજેતરમાં લાખણી તાલુકાના મોટાકાપરા ગામે આયોજિત એક ધાર્મિક કાર્યક્રમમાં તેમણે અંધશ્રદ્ધા વિરુદ્ધ એક મોટું અને પ્રેરણાદાયી નિવેદન આપ્યું છે, જેની હાલ સમગ્ર પંથકમાં ભારે ચર્ચા થઈ રહી છે. ગઈકાલે મોટાકાપરા ગામે માતાજીના મંદિરના એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા પહોંચેલા ગેનીબેન ઠાકોરે ત્યાં ઉપસ્થિત વિશાળ જનમેદની, ખાસ કરીને મહિલાઓને સંબોધતા અંધશ્રદ્ધાના દૂષણ સામે કડક શબ્દોમાં ટકોર કરી હતી.

ગેનીબેન ઠાકોરે શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, "દીવા કરો, માનતા રાખો, તેમાં કોઈ વાંધો નથી, પરંતુ સારા કર્મ વગર કુદરત પણ સાથ નહીં આપે." તેમણે સમજાવ્યું કે માત્ર પૂજા-પાઠ કે માનતાઓ રાખવાથી ભાગ્ય બદલાતું નથી, તેના માટે માણસે પોતાના કર્મો પણ સુધારવા પડે છે. જો કર્મ સારા હશે, તો જ ઈશ્વરની કૃપા દ્રષ્ટિ તમારા પર રહેશે.

ગામડાઓમાં ખાસ કરીને મહિલાઓ ઘણીવાર દોરા-ધાગા અને અંધશ્રદ્ધાની જાળમાં વહેલી ફસાઈ જતી હોય છે. આ બાબતે ચિંતા વ્યક્ત કરતા સાંસદે બહેનોને ખાસ અપીલ કરી હતી કે, "બહેનો અંધશ્રદ્ધામાં ન આવે અને પોતાના દીકરા-દીકરીઓને ભણાવે." શિક્ષણ જ એકમાત્ર એવું હથિયાર છે જે ગરીબી અને કુરીવાજોમાંથી મુક્તિ અપાવી શકે છે. નવી પેઢી ભણશે તો જ સમાજનો સાચો વિકાસ થશે.

સ્થાનિક સ્તરે ચાલતી અંધશ્રદ્ધા અને તેના કારણે પરિવારોમાં ઊભી થતી તિરાડ અંગે બોલતા ગેનીબેને પોતાના આગવા અંદાજમાં કટાક્ષ કર્યો કે, "ભુવાજીના કહેવા પર ભાઈઓ માં ક્યાં કોઈ સંપ કરે છે?" ઘણીવાર ભુવાજીઓ કે તાંત્રિકોના ચક્કરમાં આવીને પરિવારો અંદરોઅંદર વેરઝેર બાંધી બેસે છે.

# લોકોનો અટેન્સન સ્પાન સરેરાશ માત્ર ૮ સેકન્ડ : પ્રશાંત પાઠરાબે



## ડિજિટલ યુગમાં ફેક ન્યૂઝ, મિસઈન્ફોર્મેશન અને ડિસઈન્ફોર્મેશનના વધતા પડકારો વચ્ચે પત્રકારો માટે તથ્યોની ચકાસણી, વૈજ્ઞાનિક અભિગમ અને પુરાવા આધારિત રિપોર્ટિંગ અત્યંત જરૂરીઃ ડૉ.જે.એમ વ્યાસ, ઉપ કુલપતિ

ગાંધીનગર,

ઈન્ટર-મીડિયા પબ્લિસિટી કોઓર્ડિનેશન કમિટી બેઠકને સંબોધતા ફોરેન્સિક જર્નાલિઝમના મહત્ત્વ પર પ્રકાશ પાડતાં NFSUના વાઈસ ચાન્સેલર ડૉ. જે.એમ. વ્યાસે જણાવ્યું હતું કે પત્રકારો કોઈપણ ઘટના સ્થળે પહોંચનારા પ્રથમ પ્રતિસાદ આપનારાઓમાંથી એક હોય છે. તેથી ઘટનાસ્થળેથી મળતી માહિતી, પુરાવા અને તથ્યોની સચોટ સમજણ તથા તેની જવાબદાર રજૂઆત માટે ફોરેન્સિક જર્નાલિઝમનું મહત્ત્વ સતત વધી રહ્યું છે.

પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ઈન્ટર-મીડિયા પબ્લિસિટી કોઓર્ડિનેશન કમિટી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોના અધિકારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ડૉ. જે.એમ. વ્યાસે આગળ જણાવ્યું કે ડિજિટલ યુગમાં ફેક ન્યૂઝ, મિસઈન્ફોર્મેશન અને ડિસઈન્ફોર્મેશનના વધતા પડકારો વચ્ચે પત્રકારો માટે તથ્યોની ચકાસણી, વૈજ્ઞાનિક અભિગમ અને પુરાવા આધારિત રિપોર્ટિંગ અત્યંત જરૂરી બની ગયું છે. ફોરેન્સિક જર્નાલિઝમ પત્રકારોને ઘટનાની હકીકતોને વધુ ચોકસાઈથી સમજવામાં અને સમાજ સમક્ષ વિશ્વસનીય માહિતી રજૂ કરવામાં મદદરૂપ બને છે.

આ સાથે જ તેમણે એર ઈન્ડિયા પ્લેન દુર્ઘટના વખતે મૃતદેહોની ઓળખ માટે NFSU દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી, જેમાં માત્ર દસ જ દિવસમાં તમામ ૨૭૦ મૃતદેહોના ડીએનએ પરિક્ષણ કરવામાં આવ્યા હતાં તે અંગે પણ વિસ્તારપૂર્વક વાત કરી હતી.

આ અવસરે પીઆઈબીના ડાયરેક્ટર જનરલ પ્રશાંત પાઠરાબેએ જણાવ્યું હતું કે, "આજના સમયમાં લોકોનો એકાગ્રતાનો સમય સરેરાશ માત્ર ૮ સેકન્ડ જેટલો જ રહ્યો છે. એટલે કે કોઈપણ સંસ્થા કે સંચારકર્તા પાસે લોકોનું ધ્યાન આકર્ષવા અને વિશ્વાસ સ્થાપિત કરવા માટે ખૂબ જ મર્યાદિત સમય હોય છે. ફેક ન્યૂઝ, મિસઈન્ફોર્મેશન અને ડિસઈન્ફોર્મેશનના આ યુગમાં વિશ્વસનીયતા જ સૌથી મોટી સંપત્તિ છે."

ડિજિટલ અને સોશિયલ મીડિયા દ્વારા માહિતીના ઝડપી પ્રવાહ વચ્ચે ભ્રામક માહિતીનો પડકાર સતત વધી રહ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે તથ્ય આધારિત, જવાબદાર અને વિશ્વસનીય સંચાર દ્વારા જ જનવિશ્વાસને મજબૂત બનાવી શકાય છે. અસરકારક સંચાર માત્ર સંદેશ પહોંચાડવાનું સાધન નથી, પરંતુ તે લોકો સાથે વિશ્વાસપૂર્ણ સંબંધો વિકસાવવાનો અને સંસ્થાની વિશ્વસનીયતા વધારવાનો માર્ગ પણ છે.

બેઠક દરમિયાન, વિવિધ વિભાગો NFSU, IMD, દૂરદર્શન, આકાશવાણી, ઈએફપીઓ, IOCL, NHAI,ડિફેન્સ પીઆરઓ, ઈસરો, ગુજરાત રાજ્ય માહિતી વિભાગ અને પોસ્ટ વિભાગ વગેરેના પ્રતિનિધિઓએ 'એક પેડ મા કે નામ' ની થીમ પર આ મહિનામાં હાથ ધરવામાં આવેલી જાગૃતિ અને પ્રચાર પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. સાથે જ આગામી મહિના દરમિયાન યોજાનારા કાર્યક્રમો, અભિયાનો અને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના વ્યાપક પ્રચાર-પ્રસાર માટેની કાર્યયોજનાની માહિતી પણ આપી હતી.

બેઠક દરમિયાન અસરકારક સરકારી સંચાર, માહિતી પ્રસારણમાં વિશ્વસનીયતાનું મહત્ત્વ, જનસંપર્ક ક્ષેત્રના બદલાતા પડકારો અને ડિજિટલ યુગમાં જનવિશ્વાસ જાળવવાની વ્યૂહરચનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકે વિવિધ મંત્રાલયો અને વિભાગો વચ્ચે સંકલન મજબૂત બનાવવાની સાથે અસરકારક અને વિશ્વસનીય સરકારી સંચારને વધુ ગતિ આપવાનો માર્ગ મોકળો કર્યો હતો.

# જામનગર જિલ્લાના દરિયાકાંઠે મરીન કમાન્ડોનું મેગા પેટ્રોલિંગ





જામનગર : દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં દરિયાઈ સરહદોનું મહત્વ સતત વધી રહ્યું છે. આવા સંજોગોમાં દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, આતંકવાદી ઘૂસણખોરી, હથિયારોની હેરાફેરી, નશીલા પદાર્થોનો વેપાર અથવા દેશવિરોધી કાવતરાઓને રોકવા માટે સુરક્ષા તંત્ર સતત સક્રિય છે.

આ જ અભિગમને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સલામતી, જાહેર વ્યવસ્થા અને દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા જામનગર જિલ્લાના વિવિધ દરિયાકાંઠા વિસ્તારોમાં વિશેષ ''સઘન કોસ્ટલ પેટ્રોલિંગ'' અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ગત તા. ૧૭'જુલાઈના રોજ યોજાયેલા આ વિશેષ ઓપરેશનનો મુખ્ય હેતુ દરિયાઈ માર્ગો મારફતે થતી કોઈપણ ગેરકાયદેસર, અસામાજિક, આતંકવાદી અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને અટકાવવાનો હતો.

જામનગર જિલ્લો ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ દરિયાકાંઠા વિસ્તારોમાંનો એક ગણાય છે. અહીં આવેલા બંદરો, ઉદ્યોગો, ઓઈલ ટર્મિનલ, જેટીઓ અને અન્ય વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્થાપનોને કારણે આ વિસ્તાર સુરક્ષા એજન્સીઓ માટે સતત પ્રાથમિકતા ધરાવે છે.

જામનગરનો દરિયાકાંઠો માત્ર માછીમારી માટે જ નહીં પરંતુ ઔદ્યોગિક અને વ્યાપારી દૃષ્ટિએ પણ અત્યંત મહત્વનો હોવાથી અહીં સુરક્ષામાં કોઈપણ પ્રકારની બેદરકારી ગંભીર પરિણામો લાવી શકે છે. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર. યાદવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી. એમ. બોપલિયા સહિત મરીન કમાન્ડોની ટીમોએ સમગ્ર ઓપરેશનનું આયોજન અને અમલીકરણ કર્યું હતું.

વિશેષ પેટ્રોલિંગ દરમિયાન એરફોર્સ રેન્જ, સરમતની નાળ, રસૂલનગર, જી.એસ.એફ.સી. જેટી/પ્લાન્ટ, સિક્કા સોલ્ટ ગેટ ચેનલ વિસ્તાર તેમજ આસપાસના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં પગપાળા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે દરિયાઈ સુરક્ષા માટે બોટ પેટ્રોલિંગ, વાહન પેટ્રોલિંગ અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ આ વખતે મરીન કમાન્ડોએ ફૂટ પેટ્રોલિંગ દ્વારા દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોની નજીકથી ચકાસણી કરી હતી.

મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી હતી. દરેક ટીમને ચોક્કસ વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિઓ, અજાણી હિલચાલ, શંકાસ્પદ બોટો અને દરિયાઈ માર્ગોથી થતી પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી હતી. સુરક્ષાની દૃષ્ટિએ મહત્વપૂર્ણ ગણાતા ફિશ લેન્ડિંગ પોઈન્ટ, માછીમારી કેન્દ્રો અને અન્ય સ્થળોની પણ સઘન તપાસ કરવામાં આવી હતી.

પેટ્રોલિંગ દરમિયાન વિવિધ માછીમારી વસાહતો અને ફિશિંગ સેન્ટરોમાં મુલાકાત લઈ માછીમારો સાથે સીધી વાતચીત કરવામાં આવી હતી. સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવતાં તેમને કોઈપણ અજાણી બોટ, અજાણ્યા વ્યક્તિ અથવા શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરવામાં આવી હતી.

## દ્વારકામાં બાળ દર્દીને ચાંદીપુરા વાયરસનો શંકાસ્પદ કેસ સામે આવ્યો

જામનગર : જામનગર શહેરના ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ ગણાતા બે બાળ દર્દીય જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે, દરમિયાન દ્વારકાથી પણ વધુ એક બાળ દર્દીને ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દી તરીકે ગણીને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડાયું છે, અને ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દીઓના આંકડો ત્રણનો થયો છે.

ત્રણેય બાળદર્દીઓની જી.જી.હોસ્પિટલના બાળકોના વોર્ડમાં અલગ વિભાગ બનાવીને સઘન સારવાર ચાલી રહી છે. અને ત્રણેય બાળકોની હાલત અત્યંત નાજુક હોવાથી તબીબો ની ટિમ દ્વારા તેઓને બચાવવા માટેનો પ્રયત્ન થઈ રહ્યા છે.

## મુંગણી ગામે દુકાન ભાડે આપવાના પ્રશ્ને પિતા-પુત્ર પર કરાયો હુમલો

જામનગર સિક્કાના મુંગણી ગામેં દુકાન ભાડે આપવાની બાબતને લઈને થયેલા વિવાદમાં એક શખ્સે પિતા અને પુત્ર પર લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. બનાવ અંગે સિક્કા પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ, સિક્કાના મુંગણી ગામના ગાગવા રોડ પર રહેતા વર્ષાબા મહિપતસિંહ કંચવાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના પતિ મહિપતસિંહની ગાગવા ધારે આવેલી દુકાન હાલમાં બંધ છે અને તેને ભાડે આપવાની ઈચ્છા હતી. જોકે, ગામમાં રહેતો કિરીટસિંહ રણજીતસિંહ કંચવા દુકાન કોઈને ભાડે આપવા દેતો ન હોવાથી આ બાબતનું મનદુઃખ રાખતો હતો.

જે અદાવતમાં તા. ૧૪ જુલાઈની રાત્રે મુંગણી ગામે ફરિયાદીના ઘરની બહાર આરોપીએ મહિપતસિંહને અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ લોખંડના પાઈપ વડે મહિપતસિંહ તેમજ તેમના પુત્ર જયવીરસિંહ પર હુમલો કરી બંનેને મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી.

આ બનાવ અંગે વર્ષાબા કંચવાએ સિક્કા પોલીસ સ્ટેશનમાં આરોપી કિરીટસિંહ રણજીતસિંહ કંચવા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં પોલીસના સી.સી.ટી.વી. કેમેરાની મદદથી ૧,૭૨૨ ઈ-ચલણ ઈસ્યૂ થયા

જામનગર : જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોના અસરકારક અમલ માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહનચાલકો સામે સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની તથા નાયબ પોલીસ અધિક્ષક (મુખ્ય મથક) વી. કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી. બી. સિંગલના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી રહી છે.

વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત જામનગર શહેરમાં સ્થાપિત સીસીટીવી કેમેરાની મદદથી તા. ૧થી ૧૫ જુલાઈ દરમિયાન મોટર વાહન અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ કુલ ૧,૭૨૨ ઈ-ચલણ ઈસ્યૂ કરવામાં આવ્યા છે. તેમાં વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાના ૭૨૫, રોંગ સાઈડ (વન-વે)માં વાહન ચલાવવાના ૧૯૬, ત્રિપલ સવારીના ૬૩૨, આરટીઓ માન્ય નંબર પ્લેટ વગર (ફેન્સી નંબર પ્લેટ) વાહન ચલાવવાના ૧૪૯, સીટબેલ્ટ ન પહેરવાના ૧૧ તથા અન્ય પ્રકારના ૯ ગુનાઓનો સમાવેશ થાય છે.

પોલીસે જણાવ્યું છે કે તમામ ઈ-ચલણ સ્પીડ પોસ્ટ મારફતે વાહન માલિકના આરટીઓમાં નોંધાયેલા સરનામે મોકલવામાં આવી રહ્યા છે. ઈ-ચલણની ભરપાઈ પરિહવન વિભાગની વેબસાઈટ, ગૂગલ પે અથવા ફોનપે જેવા ડિજિટલ માધ્યમથી તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે રૂબરૂ જઈને પણ કરી શકાય છે. ઈ-ચલણની ભરપાઈ ૯૦ દિવસની સમયમર્યાદામાં કરવી ફરજિયાત છે. સમયમર્યાદા બાદ ભરપાઈ વર્ચ્યુઅલ કોર્ટ મારફતે કરવાની રહેશે.

જામનગર પોલીસે સ્પષ્ટ કર્યું છે કે આ કામગીરીનો હેતુ માત્ર દંડ વસૂલવાનો નથી, પરંતુ માર્ગ અકસ્માતો અટકાવી નાગરિકોના જીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેથી તમામ વાહનચાલકોને હેલ્મેટ અને સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા, વધુ ઝડપે વાહન ન ચલાવવા, નશાની હાલતમાં ડ્રાઈવિંગ ટાળવા તેમજ તમામ ટ્રાફિક નિયમો અને સંકેતોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

## ગાગા ગામની સીમમાંથી છ જુગારી પકડાયા

ખંભાળિયા : કલ્યાણપુરના ગાગા ગામની સીમ વિસ્તારમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી જુગાર રમતા છ શખ્સને રોકડ રકમ અને મોબાઈલ ફોન સાથે પકડી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના ગાગા ગામે સીમ વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા કરસનભાઈ પરબતભાઈ નારંગી કરંગીયા, નગાભાઈ નારણભાઈ લગારિયા,જેસાભાઈ ભીખાભાઈ કરંગીયા, ડોસાભાઈ નારણભાઈ ચાવડા, સામસીભાઈ સામતભાઈ ગોજીયા અને જેસાભાઈ ભીમસીભાઈ કરંગીયા નામના છ શખ્સને દરોડા દરમિયાન કલ્યાણપુર પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૧૨૪૦ ની રોકડ રકમ તથા રૂ. ૨૧૫૦૦ ની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૩૨૭૪૦ ની માલમતા ઝબ્બે કરી હતી.

## ધ્રોલ પંથકમાં ગેરકાયદે ખનન સામે કાર્યવાહી નહિ થતા અરજદારનો અર્ધનગ્ન વિરોધ




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના મજોઠ ગામમાં ચાલી રહેલા કથિત ગેરકાયદે ખનીજ ખનન સામે અનેક રજૂઆતો છતાં કાર્યવાહી ન થતાં અરજદારે જામનગર સ્થિત ખાણ-ખનીજ વિભાગની કચેરીએ અર્ધનગ્ન હાલતમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મજોઠ ગામના સોડાભાઈ નાગજીભાઈ વરુના જણાવ્યા મુજબ, ગામમાં લાંબા સમયથી નદીમાંથી રેતીનું ખનન તેમજ સિંચાઈની જમીનમાંથી ગેરકાયદેસર માટી ખનનની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ અંગે તેમણે ખાણ-ખનીજ વિભાગ સહિત સંબંધિત સરકારી તંત્રને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરી હોવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

અરજદારે આક્ષેપ કર્યો છે કે ગેરકાયદે ખનનનો વિરોધ કરવા બદલ તેમને ખનીજ માફિયાઓ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. તેમના કહેવા મુજબ, કેટલાક લોકો મારફતે તેમને એવો સંદેશો આપવામાં આવ્યો છે કે તેમની અરજીઓનો કોઈ અસર થવાની નથી. આ કારણે તેઓ અને તેમનો પરિવાર ભયના માહોલમાં જીવન જીવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

અરજદારે વધુમાં એવો પણ આક્ષેપ કર્યો છે કે ખાણ-ખનીજ વિભાગના કેટલાક અધિકારીઓની કથિત નિષ્ક્રિયતા અથવા મિલીભગતને કારણે ગેરકાયદે ખનન સામે કાર્યવાહી થતી નથી. જોકે, આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને વિભાગ તરફથી આ અંગે કોઈ પ્રતિભાવ જાહેર થયો નથી. અરજદારે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ગેરકાયદે ખનન તાત્કાલિક બંધ કરાવવા, સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવા તેમજ પોતાને અને પરિવારને પોલીસ સુરક્ષા આપવા માંગ કરી છે. તેમણે ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો તેઓ આમરણાંત ઉપવાસ સહિત વધુ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે. અરજદારે જણાવ્યું હતું કે, "જો મારા આંદોલન દરમિયાન કોઈ અઘટિત ઘટના બને તો તેની સંપૂર્ણ જવાબદારી જામનગર ખાણ અને ખનીજ વિભાગની રહેશે."

## જામનગરમાં સોશિયલ મીડિયામાં બદનક્ષી કરવાના કેસમાં કોર્ટનો સમન્સનો હુકમ

જામનગર : જામનગરમાં સોશિયલ મીડિયા પર વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે તેવી ટિપ્પણીઓ કરવાના મામલે જામનગરની અદાલતે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. અદાલતે પ્રાથમિક પુરાવાઓના આધારે ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ હેઠળ ગુનો બને છે તેમ માની આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કર્યો છે.

ફરિયાદી હસમુખભાઈ છગનભાઈ રાઠોડે જામનગરના અભયભાઈ પ્રિતમભાઈ ધોળકિયા સામે ખાનગી ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપીએ પોતાના ફેસબુક એકાઉન્ટ પર ફરિયાદીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે તેવી અપમાનજનક અને બદનક્ષીજનક ટિપ્પણીઓ પોસ્ટ કરી હતી. તેમાં ફરિયાદીને સમાજવિરોધી તત્વો સાથે સાંકળતા અને તેમનાથી દૂર રહેવા જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે ફરિયાદીની સામાજિક પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન પહોંચ્યું હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું.

આ ફરિયાદના આધારે અદાલતે પોલીસ તપાસનો આદેશ આપ્યો હતો. પોલીસે તપાસ પૂર્ણ કરીને અહેવાલ અદાલતમાં રજૂ કર્યો હતો. તપાસના અહેવાલ અને ઉપલબ્ધ દસ્તાવેજી પુરાવાના આધારે જામનગરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટના કોર્ટે પ્રાથમિક દૃષ્ટિએ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ હેઠળનો ગુનો બનતો હોવાનું માની આરોપી અભયભાઈ પ્રીતમભાઈ ધોળકિયા સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ સંજય એસ. દાઉદીયા અને ભાવિકાબેન પી. જોશી હાજર રહ્યા હતા.

**નામ બદલાવેલ છે**

આથી હું મારૂં નામ **'સોમૈયા વિરાજ નવનીત કુમાર'** જાહેર કરું છું કે, પાસપોર્ટમાં મારું નામ **'સોમૈયા વિરાજ નવનીત કુમાર'** છે, અને હવેથી હું **'સોમૈયા વિરાજ'** ના નામથી ઓળખાઈશ, જેની સર્વેએ નોંધ લેવી.
**સોમૈયા વિરાજ :** હાઉસ નં ૭, વૃંદાવન સોસાયટી, વર્ધમાન નગર સામે, માર્કેટિંગ યાર્ડ રોડ, લાલવાડી જામનગર સીટી, જામનગર, જામનગર, ગુજરાત - ૩૬૧૦૦૧.

## સલાયાના બંદર વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના સલાયા ગામમાંથી કોઈ શખ્સ મોટરસાયકલની ઉઠાંતરી કરી લઈ ગયાની સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ સલાયા ગામે ગત તા. ૮ ના રોજ બંદર વિસ્તારમાંથી સતારભાઈ તાલબભાઈ સંઘારની માલિકીના જી. જે. ૧૦. બી. ઈ. ૦૯૭૩ નંબરના મોટરસાયકલની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયાની તેણે સલાયા મરીન પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા એ. એસ. આઈ. વી. વી. માયાણી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## શંકર ટેકરી વિસ્તારમાં સ્થાનિક કોર્પોરેટરની ત્વરિત કાર્યવાહીથી મોટી જાનહાનિ ટળી




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના પંચશીલનગર વિસ્તારમાં રામાપીર મંદિર પાસે આવેલ જી.ઈ.બી.ના વીજ પોલમાં નીચેથી ગંભીર તિરાડ (ક્રેક) પડતાં સમગ્ર પોલ જોખમી રીતે નમી ગયો હતો, જેના કારણે કોઈપણ સમયે મોટી જાનહાનિ સર્જાઈ શકે તેવી સ્થિતિ ઉભી થઈ હતી.

સ્થાનિક રહિશોએ આ ગંભીર બાબતની જાણ કોર્પોરેટર રાજુ યાદવને કરતાં, તેમણે તાત્કાલિક ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીનો ટેલિફોનિક સંપર્ક કર્યો. જેથી તેઓએ તરત જ જી.ઈ.બી.ના અધિકારીઓને સૂચના આપતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી અને જોખમી વીજ પોલને સુરક્ષિત રીતે દૂર કરતાં સંભવિત મોટી જાનહાનિ ટળી ગઈ.

આ સમગ્ર ઘટનામાં કોર્પોરેટર રાજુ યાદવની ત્વરિત અને મહત્વપૂર્ણ ભૂમિકા તેમજ ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીની સમયસરની સૂચનાથી તાત્કાલિક કાર્યવાહી શક્ય બની હતી. આ ઝડપી અને સમયસર કામગીરી બદલ સ્થાનિક રહિશોએ કોર્પોરેટર રાજુ યાદવ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જી.ઈ.બી.ના અધિકારીઓ અને કર્મચારીઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો.

## પાટણ જિલ્લાના ઝાપટપુરાને ઈસ્લામપુરા કરતા હિન્દુ સેના આવી મેદાનમાં



જામનગર : ગુજરાતમાં આવેલ પાટણ જિલ્લાના હારિજ ગામના "ઝાપટપુરા" નું નામ અચાનક "ઈસ્લામપુરા" કરતા ગામમાં રોષ ફાટી નીકળ્યો છે, હિન્દુ વસ્તી વધુ હતી ત્યાં હવે મુસ્લિમ વસ્તી વધતાની સાથે જ હારીજના ઝાપટપરા માંથી ઈસ્લામપુરા કરી દેવાયું એવા સમાચાર પ્રસિદ્ધ થતાની સાથે જ હિન્દુ સેનાએ ગુજરાતના મુખ્યમંત્રીને પત્ર લખી તત્કાલ નિષ્પક્ષ તપાસની માંગણી કરી છે,

જેમાં ઝાપટીપુરાનું નામ કોઈ સત્તાવાર બદલવામાં આવ્યું છે? આ નામ ક્યારે અને કોને ઈશારા પર થયું છે? કે પછી કોઈ નિયમોનું ઉલ્લંઘન કે ગેરમાર્ગે દોરવાનો પ્રચાર છે? જો ખરેખર કાયદા વિરુદ્ધની ગતિવિધિ થતી હોય તો તટસ્થ તપાસ થવી જોઈએ અને જે તે સંસ્થા કે વ્યક્તિ દ્વારા આ નામ બદલવાનું ષડયંત્ર રચ્યું હોય તો તેમને જાહેરમાં લાવી સબક શીખવી જેલના સળિયા પાછળ ધકેલવાની જરૂર છે. હિન્દુ સેના પાટણ જિલ્લાના હારીજના "ઝાપટપુરા ને ક્યારેય ઈસ્લામપુરા થવા નહીં દે" તેવી હિંદુ સેના ગુજરાતના ઉપાધ્યક્ષ વિનયજી શર્માએ ગર્ભિત ચેતવણી આપી છે અને સરકારના નીતિ નિયમને આધીન રહી ભ્રમિત પ્રચાર કે પ્રવૃત્તિ કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા ઉગ્ર માગણી હિન્દુ સેનાએ કરી છે.

**ખંભાલીયા નગરપાલિકા – ખંભાલીયા, જી.દેવભૂમિ દ્વારકા**

**ઓનલાઇન ટેન્ડરની જાહેર નિવિદા**

ખંભાલીયા નગરપાલિકા,ખંભાલીયા,જી.દેવભૂમિ દ્વારકા ને નીચે મુજબના કામો કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| 1. કામનું નામ:ખંભાલીયા નગરપાલિકા વિસ્તારમાં ઘન કચરા નિકાલ વ્યવસ્થાપન અને સ્વચ્છતા જાગૃતિ બાબતે તાલીમ કાર્યક્રમ યોજવાનું કામ, માસ મીડિયા, ડીઝીટલ મીડિયા,આઉટડોર મીડિયા તથા પ્રિન્ટિંગ ઓફ IEC મટીરીયલની કામગીરી | |
| અંદાજીત રકમ : રૂ.૮.00 લાખ | સમયમર્યાદા : ૧૨-માસ |
| ઈ.એમ.ડી. : રૂ.૮,000-00 | ટેન્ડર ફી :રૂ.૯00-00 |
| ૨. કામનું નામ:ડેવલોપમેન્ટ ઓફ ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ ઇન ખંભાલીયા નગરપાલિકા એરીયા, ખંભાલીયા(ચોથો પ્રયત્ન) | |
| અંદાજીત રકમ : રૂ.૧૨.૩૨ લાખ | સમયમર્યાદા : ૦૪-માસ |
| ઈ.એમ.ડી. : રૂ.૧૨,૪00-00 | ટેન્ડર ફી :રૂ.૯00-00 |

વેબસાઇટ :https://tender.nprocure.com/

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેંટ અપલોડ કરવાની છેલ્લી તારીખ :૨૫/૦૭/૨૦૨૬.

ફક્ત ઓરિજનલ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. સ્પીડ પોસ્ટ / કુરિયર /આર.પી.એ.ડી. ના માધ્યમથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : 30/૦૭/૨૦૨૬ના ૧૬:00 કલાક સુધી, ચીફ ઓફિસર, ખંભાલીયા નગરપાલિકા, મુ. ખંભાલીયા, જી. દેવભૂમિ દ્વારકા.

ટેક્નિકલ બિડ ખોલવાની તારીખ : ૩૧/૦૭/૨૦૨૬ના ૧૧:00 કલાકે

પ્રાઇઝ બિડ ખોલવાની તારીખ : ૩૧/૦૭/૨૦૨૬ના ૧૧:30 કલાકે

ઉપરોક્ત કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ પરથી તા.૧૮/૦૭/૨૦૨૬ થી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રેહશે.

ચીફ ઓફિસર — ખંભાલીયા નગરપાલિકા
પ્રમુખ — ખંભાલીયા નગરપાલિકા

માહિતી-જામ.-૯.જા.ખ./૩૧૬/૨૦૨૬

## જામનગરમાં ઝુલેલાલના પવિત્ર 'ચાલિયા સાહેબ' મહોત્સવનો પ્રારંભ




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં વસતા સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી ઝુલેલાલજીના પરમ પવિત્ર અને આસ્થાના પ્રતીક સમાન 'ચાલીહા વ્રત-અનુષ્ઠાન મહોત્સવ' નો ગઈકાલે તારીખ ૧૬ જુલાઈના રોજ અત્યંત ભક્તિભાવ અને ઉત્સાહપૂર્ણ માહોલમાં મંગલ પ્રારંભ થયો છે. આગામી ૨૫ ઓગસ્ટ સુધી ચાલનારા આ ૪૦ દિવસીય કઠોર અનુષ્ઠાનને લઈને સમગ્ર જામનગરના સિંધી સમાજમાં ભારે હર્ષોલ્લાસ વ્યાપી ગયો છે.

મહોત્સવના પ્રારંભે સિંધી સમાજના ધર્મગુરુ પરમ પૂજનીય સંત શ્રી શહેરાવાળા સાંઈજી ના સાનિધ્ય માં શોભાયાત્રા - સત્સંગ - ભજન - ભંડારપ્રસાદ સાથે નું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં ગુરુવારે સાંજે નાનકપુરીના સંત કંવરરામ મંદિર ખાતેથી નીકળી પવનચક્કી સર્કલ પાસે આવેલી વેજુમા હાલારી ભાનુશાલી સમાજની વાડી ખાતે પહોંચી હતી. શોભાયાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓ ભગવાન ઝુલેલાલના ભક્તિરંગમાં રંગાયેલા જોવા મળ્યા હતા. ત્યારબાદ પૂજ્ય ભહેરાણા સાહેબ પૂજન, તેમજ ધર્મગુરુ પરમ પુજનીય સંત શ્રી શહેરાવાલે સાંઈજીના મુખારવિંદે સત્સંગ તેમજ આશિર્વચન કરવામાં આવ્યું હતું. અને ચાલિહા સાહેબ ના વ્રતધારી અનુષ્ઠાયીઓને વ્રતની મટકી અને તેમના સંકલ્પ લેવડાવામાં આવ્યા હતા. સાથે જ સિંધી મ્યુઝિકલ ભજન નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં રસમધુર ભજનોએ સમગ્ર વાતાવરણને આધ્યાત્મિકતાથી ભરી દીધું હતું. કાર્યક્રમના અંતે ભંડારા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો હજારો જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

ચાલિહા મહોત્સવ એ માત્ર બાહ્ય ઉપવાસ નથી, પણ અંતર્યાત્રા અને આત્મશુદ્ધિનો માર્ગ છે. ભગવાન ઝૂલેલાલે ધર્મ અને સત્યની રક્ષા માટે અવતાર લીધો હતો. આ ૪૦ દિવસની સાધના આપણા મનના વિકારોને દૂર કરી જીવનમાં દિવ્યતા અને સકારાત્મકતા લાવે છે .

આગામી ૪૦ દિવસ સુધી ચાલનારા આ પરંપરાગત તપસ્યા આધ્યાત્મિકતા ના મહોત્સવ માં વ્રતધારકો અને અનુષ્ઠાયીઓ કઠિન વ્રત-નિયમો પાળીને ભક્તિભાવ સાથે આરાધના અને તપસ્યા કરશે. ત્યારબાદ ૪૧મા દિવસે પરંપરાગત રીત-રિવાજ મુજબ વિધિવત આ વ્રતની પૂર્ણાહુતિ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એસ.એસ.ડબલ્યુ (SSW) સાંઈ પરિવાર જામનગર અને સંત કંવરરામ મંદિર ચાલિહા સાહેબ સેવા સમિતિ દ્વારા ભારે જહેમત ઉઠવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સંસદમાં સંવાદ વધે તો લોકશાહી વધુ મજબૂત બને

ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે. આ લોકતંત્રનો સૌથી મજબૂત આધાર સ્તંભ સંસદ છે. દેશના કરોડો મતદારો પોતાના પ્રતિનિધિઓને એક જ આશા સાથે સંસદમાં મોકલે છે કે તેઓ લોકોના પ્રશ્નો ઉઠાવશે, સરકારને જવાબદાર બનાવશે અને વિકાસ માટે જરૂરી કાયદાઓ ઘડશે. પરંતુ જ્યારે સંસદમાં ચર્ચા કરતાં વધુ હોબાળો થાય, કામકાજ વારંવાર અટકી જાય અને કિંમતી સમય વેડફાય, ત્યારે તેનું સૌથી મોટું નુકસાન દેશ અને લોકશાહીને થાય છે. આ પરંપરા બદલવાની જરૂર છે.વિરોધ પક્ષ લોકશાહીની શક્તિ છે. સશક્ત વિરોધ પક્ષ વગર લોકશાહી પૂર્ણ બની શકતી નથી. સરકારના નિર્ણયો પર પ્રશ્નો ઉઠાવવા, ખામીઓ બતાવવા અને જનતાની વેદનાને અવાજ આપવાનો અધિકાર વિરોધ પક્ષને છે. પરંતુ વિરોધનો અર્થ સંસદનું કામ અટકાવવું નથી. ચર્ચા છોડીને સતત અવરોધ ઉભો કરવો એ લોકશાહીની ભાવનાને નબળી બનાવે છે. દેશની જનતા હવે ચર્ચા અને પરિણામ બંને જોવા માંગે છે.સંસદનું દરેક સત્ર રાષ્ટ્રના ભવિષ્ય સાથે જોડાયેલું હોય છે. કૃષિ, શિક્ષણ, આરોગ્ય, રોજગારી, ઉદ્યોગ, રાષ્ટ્રીય સુરક્ષા, ટેક્નોલોજી અને અર્થતંત્ર જેવા અનેક વિષયો પર નિર્ણયો લેવાય છે. એક દિવસનું પણ કામકાજ બંધ રહે તો અનેક મહત્વના મુદ્દાઓ પાછળ ધકેલાઈ જાય છે. સંસદનો દરેક કલાક દેશની સંપત્તિ સમાન છે. તેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ.ભારતની સંસદીય પરંપરા ગૌરવપૂર્ણ રહી છે. એક સમય એવો હતો જ્યારે કલાકો સુધી ઊંડાણપૂર્વક ચર્ચા થતી હતી. પક્ષ અને વિરોધ પક્ષ બંને તર્ક સાથે પોતાની વાત રજૂ કરતા હતા. અનેક વખત વિરોધ પક્ષના સૂચનોને સરકાર સ્વીકારતી હતી. આ પરંપરાએ લોકશાહીને મજબૂત બનાવી હતી. આજના સમયમાં પણ એ જ સંસ્કૃતિને ફરી જીવંત કરવાની જરૂર છે.લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણી જીતવી નથી. લોકશાહીનો સાચો અર્થ સતત સંવાદ, જવાબદારી અને સહકાર છે. સંસદ એ એવો મંચ છે જ્યાં મતભેદનો ઉકેલ ચર્ચાથી આવે છે. જો ચર્ચાના દરવાજા બંધ થઈ જાય તો ગેરસમજ વધે છે. જો સંવાદ ચાલુ રહે તો ઉકેલ પણ સરળ બને છે. તેથી દરેક રાજકીય પક્ષે સંવાદને પ્રાથમિકતા આપવી જોઈએ.સરકારની જવાબદારી પણ એટલી જ મહત્વની છે. દરેક મહત્વના મુદ્દા પર ખુલ્લી ચર્ચા કરવી, વિરોધ પક્ષને પૂરતો સમય આપવો અને યોગ્ય સૂચનોને સ્વીકારવાની તૈયારી રાખવી એ સારા શાસનની ઓળખ છે. બીજી તરફ વિરોધ પક્ષે પણ લોકોના વિશ્વાસને ધ્યાનમાં રાખીને રચનાત્મક ભૂમિકા ભજવવી જોઈએ.



# ૧૪- હરભાઈ : કેળવણીના અમર શિલ્પી, ધબકતો જીવ અને પ્રજ્ઞાપુરુષ

● તેઓ માનતા હતા કે દરેક સમસ્યાનો ઉકેલ હોય છે, જો તેને શોધવાની ઈચ્છા અને હિંમત હોય.
● કેળવણીનો હેતુ વિચારશીલ, ચારિત્ર્યવાન, જવાબદાર અને માનવતાસભર નાગરિકોનું ઘડતર કરવાનો છે.
● શિક્ષક એ વિદ્યાર્થીના વ્યક્તિત્વનું ઘડતર કરતો સક્ષમ શિલ્પી છે.

## ભાવનગર ૩૦૦

**- બળદેવસિંહ ગોહિલ**

ગુજરાતના શૈક્ષણિક ઈતિહાસમાં હરભાઈ ત્રિવેદી માત્ર એક શિક્ષક કે શિક્ષણશાસ્ત્રી નહી, પરંતુ શિક્ષણને જીવન સાથે સાંકળનારા પ્રયોગશીલ પ્રજ્ઞાપુરુષ તરીકે આદરણીય છે. કેળવણીના આ સાક્ષાત ઉપાસકે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને જ પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. તેમના મતે, સાચો શિક્ષક એ માત્ર પાઠ્યપુસ્તક ભણાવનાર વ્યક્તિ નથી, પણ વિદ્યાર્થીના વ્યક્તિત્વનું ઘડતર કરતો સક્ષમ શિલ્પી છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, તર્કશક્તિ અને વ્યવહારુ અભિગમ ધરાવતા હરભાઈ અધ્યાપનની સાથે વહીવટ, આયોજન અને સંસ્થાસંચાલનમાં પણ નિપુણ હતા. યુવાનીમાં સમાજશાસ્ત્રના અભ્યાસ સાથે ફોટોગ્રાફી અને મુંબઈમાં હોટેલ સંચાલન જેવા વૈવિધ્યસભર વ્યવસાયોના પ્રાયોગિક અનુભવોએ તેમની નેતૃત્વક્ષમતાને વધુ પ્રખર બનાવી હતી. જીવનના આ જ વાસ્તવિક અનુભવોના બળે તેઓ ગુજરાતના શિક્ષણ જગતમાં એક દૃષ્ટિવંત સંસ્થાનિર્માતા તરીકે પ્રસ્થાપિત થયા.દક્ષિણામૂર્તિઃ ગુજરાતમાં નૂતન શિક્ષણયુગનો પ્રારંભ : ભાવનગરની ઐતિહાસિક ભૂમિ પર નાનાભાઈ ભટ્ટ, ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદીની અણમોલ ત્રિપુટીએ 'દક્ષિણામૂર્તિ'ની સ્થાપના કરી ગુજરાતમાં એક ક્રાંતિકારી શિક્ષણ-ચળવળની મજબૂત નીવ મૂકી. આ માત્ર એક શૈક્ષણિક સંસ્થા નહોતી, પરંતુ શિક્ષણના મૌલિક વિચારો, નવતર પ્રયોગો અને નૈતિક મૂલ્યોને આકાર આપતી એક જીવંત પ્રયોગશાળા હતી.

સંસ્થાના પ્રારંભિક વર્ષો તીવ્ર આર્થિક સંકટોથી ઘેરાયેલા રહ્યા. શૈક્ષણિક પ્રયોગો માટે સાધનો ખરીદવાનું ભંડોળ પણ ઉપલબ્ધ નહોતું. આવી વિકટ પરિસ્થિતિમાં જ્યારે નાનાભાઈએ નિરાશ થઈને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "શિક્ષણ સંસ્થાઓ દાન પર જીવે છે; કાં તો ભંડોળ એકત્ર કરો અથવા આ પ્રયોગો બંધ કરો," ત્યારે અડગ આત્મવિશ્વાસ અને વ્યવહારુ દૃષ્ટિ ધરાવતા હરભાઈ ત્રિવેદીએ વિલંબ વિના ઉત્તર આપ્યો: "તો દાન મેળવવા માટેના પ્રયત્નો પણ આપણે જ કરવા જોઈએ." પ્રયોગો રોકવાના બદલે ભંડોળ એકત્ર કરવાનો કપરો માર્ગ પસંદ કરીને હરભાઈએ પોતાની અપૂર્વ કાર્યનિષ્ઠાનો પરિચય આપ્યો. આ એક એવી નિર્ણાયક ક્ષણ હતી, જેણે દક્ષિણામૂર્તિના ઈતિહાસમાં ભંડોળ એકત્ર કરવાની એક ગૌરવવંતી અને યાદગાર યાત્રાના મંડાણ કર્યા.મુંબઈની ભંડોળ યાત્રાઃ સંઘર્ષમાંથી પ્રગટેલી સિદ્ધિઃ નિષ્ફળતાના વંટોળ વચ્ચે એકાકી પુરૂષાર્થ સંસ્થાના હિતને સર્વોપરી ગણી હરભાઈ ત્રિવેદી અને ગિજુભાઈ બધેકા ભંડોળ એકત્ર કરવાના ભગીરથ કાર્ય અર્થે મુંબઈ પધાર્યા. ત્યાં તેમના સહાધ્યાયી હીરાલાલ અમૃતલાલના આતિથ્ય અને વ્યાપારી પરિચયપત્રો છતાં, પ્રારંભિક પ્રયાસો વંધ્ય નીવડ્યા. સતત દોડધામ અને નિરાશાને લીધે ગિજુભાઈ અસ્વસ્થ થતાં ભાવનગર પરત ફર્યા, કિંતુ હરભાઈએ એકાકી સંઘર્ષ ચાલુ રાખ્યો. એવામાં મુંબઈના બજારમાં ફાટી નીકળેલી ભીષણ આગે વ્યાપારજગતને અસ્તવ્યસ્ત કરી નાખ્યું અને ભંડોળની આશાઓ ધૂંધળી બની ગઈ. અંતે, હરભાઈને પણ ભારે હૈયે ખાલી હાથે પાછા ફરવું પડ્યું. નિષ્ફળતા છતાં, હરભાઈનો પવિત્ર શ્રમ એળે ન ગયો. તેમની પ્રામાણિકતા પર નાનાભાઈને અડગ વિશ્વાસ હતો અને સમય જતાં સમાજે પણ તેમના નિઃસ્વાર્થ સેવાભાવને ઓળખ્યો. હરભાઈના ધૈર્યથી પ્રભાવિત થઈ મિત્ર હીરાલાલે દક્ષિણામૂર્તિ બાલમંદિરના ભવન નિર્માણ અર્થે એ જમાનાની મસમોટી રકમ રૂ. ૨૦,૦૦૦નું ઉદાર દાન અર્પણ કર્યું, જેનાથી શૈક્ષણિક પ્રયોગોને નવી ગતિ મળી. આ જ ગાળામાં હરભાઈએ પશ્ચિમની સુપ્રસિદ્ધ 'ડોલ્ટન પ્લાન' શિક્ષણપદ્ધતિનો ગહન અભ્યાસ કર્યો, જે આગામી સમયમાં તેમના નૂતન પ્રયોગો માટે પ્રેરણાઝરણું બન્યો.શિક્ષક તાલીમની ક્રાંતિઃ 'સાત તાલીમ મંદિરો'ની દૂરંદેશી કલ્પના : ભાવનગરની પુણ્યધરા પર ગિજુભાઈ બધેકાએ મોન્ટેસોરી શિક્ષણના જે બીજ રોપ્યાં, તેને હરભાઈએ એક વટવૃક્ષનું રૂપ આપ્યું. 'વિનય મંદિર'ના સંચાલન દરમિયાન હરભાઈને સમજાયું કે શિક્ષણની ગુણવત્તા માત્ર બાલશિક્ષકો પૂરતી સીમિત ન રહેતાં, માધ્યમિક શિક્ષકો સુધી વિસ્તરવી અનિવાર્ય છે. તત્કાલીન મુંબઈ રાજ્યની મર્યાદિત પ્રશિક્ષણ વ્યવસ્થાની સામે તેમણે દક્ષિણામૂર્તિમાં 'માધ્યમિક અધ્યાપન મંદિર'ની સ્થાપના કરી, જ્યાં દેશભરના વિદ્વાનોના સાનિધ્યમાં શિક્ષણશાસ્ત્ર અને બાળમાનસશાસ્ત્રના નવા આયામો કંડારાયા.પરંતુ હરભાઈની દૃષ્ટિ આટલેથી અટકી નહી. તેઓ માનતા કે એક આદર્શ સંસ્થા માત્ર કુશળ શિક્ષકોથી નહી, પણ તેના પ્રત્યેક કર્મચારીની કાર્યદક્ષતા અને સંસ્કારિતાથી ઘડાય છે. આ વૈચારિક ક્રાંતિમાંથી જનમ્યો 'સાત તાલીમ મંદિરો'નો ભવ્ય વિચાર. આ નવતર યોજનામાં બાલ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો ઉપરાંત ગૃહપતિ, કારકુન, રસોઈયા અને પટાવાળાની તાલીમનો પણ સમાવેશ હતો.જ્યારે શંકાશીલોએ રસોઈયા કે પટાવાળાની તાલીમની આવશ્યકતા સામે પ્રશ્નો ઉઠાવ્યા, ત્યારે હરભાઈએ મક્કમતાથી ગરિમાપૂર્ણ ઉત્તર આપ્યોઃ "છાત્રાલય એ માત્ર રહેવાની જગ્યા નથી, પણ સંસ્કારનું પાવન કેન્દ્ર છે. ત્યાં પૌષ્ટિક ભોજન, સુવ્યવસ્થિત વહીવટ અને શિસ્તબદ્ધ વાતાવરણના નિર્માણ માટે પ્રત્યેક સેવક તાલીમબદ્ધ હોવો જોઈએ."સમયના વહેણ અને વહીવટી કારણોસર કાળક્રમે સાતમાંથી માત્ર બાલ, માધ્યમિક અને ગૃહપતિ તાલીમના વિભાગો જ અવિરત ચાલ્યા. છતાં, હરભાઈની આ સર્વગ્રાહી અને યુગદ્રષ્ટા પ્રશિક્ષણ કલ્પનાએ દક્ષિણામૂર્તિને પ્રયોગશીલ શિક્ષણના ઈતિહાસમાં સદાને માટે અનન્ય અને અમર ઓળખ અપાવી દીધી.

વૈચારિક વાડાબંધી અને આંતરિક સંઘર્ષઃ દક્ષિણામૂર્તિના પાયાના પથ્થર સમાન ત્રણેય કર્ણધારો ઉચ્ચ કોટિના શિક્ષણવિદો હતા, છતાં સમયના વહેણ સાથે તેમની વચ્ચેની વૈચારિક સંવાદિતા જોખમાઈ. આ ગજગ્રાહ ત્યારે સપાટી પર આવ્યો જ્યારે 'બાલ અધ્યાપન મંદિર'ના તાલીમાર્થીઓએ છાત્રાલયના શ્રમકાર્યનો અસ્વીકાર કર્યો. ગિજુભાઈએ તેમને માત્ર શૈક્ષણિક કાર્યની સૂચના આપી હોવાની દલીલ સામે હરભાઈએ મક્કમતાપૂર્વક સ્પષ્ટ કર્યું કે, "જ્યારે તમામ વિદ્યાર્થીઓ સમાન ફી ચૂકવે છે, ત્યારે શ્રમની વહેંચણી પણ ન્યાયી હોવી જોઈએ; પક્ષપાત સંસ્થાના આદર્શોને હણી નાખશે."દુર્ભાગ્યે, સમરસતાના અભાવે સર્જાયેલા આવા આંતરિક મતભેદો જ કાળક્રમે આ મૂલ્યનિષ્ઠ સંસ્થાની નબળાઈનું મુખ્ય કારણ બન્યા.દક્ષિણામૂર્તિના કેળવણીના મનીષીઓઃ એક ઐતિહાસિક વિરાસત વૈચારિક મતભેદોની વચ્ચે પણ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં શિક્ષણપ્રયોગોની સરવાણી ક્યારેય અટકી નહી. આ સંસ્થાના સુવર્ણકાળમાં નાનાભાઈ ભટ્ટની વહીવટી દૃષ્ટિ, ગિજુભાઈ બધેકાની બાળકેન્દ્રિત વિચારધારા અને હરભાઈ ત્રિવેદીની પ્રયોગશીલતાનો ભવ્ય ત્રિવેણી સંગમ રચાયો હતો. શિક્ષણમાં સંખ્યા કરતાં ગુણવત્તાના આગ્રહી એવા આ કેળવણીકારોએ પ્રત્યક્ષ અવલોકન, ક્રિયાત્મક સંશોધન અને અનુભૂતિ આધારિત તાલીમને શિક્ષણનો પાયો બનાવ્યો.મૌલિક શિક્ષણપદ્ધતિ અને પાઠ્યપુસ્તક સર્જનઃ ભાષા શિક્ષણના ક્ષેત્રે ગિજુભાઈ અને હરભાઈએ 'પ્રત્યક્ષ પદ્ધતિ'નો સફળ અમલ કર્યો અને ગુજરાતીના નવીન પાઠ્યપુસ્તકો રચ્યા. સામે પક્ષે, નાનાભાઈએ સંસ્કૃતમાં 'પરિચય પદ્ધતિ' અને ઈતિહાસમાં 'કેન્દ્રાનુસારી પદ્ધતિ' જેવા મૌલિક પ્રયોગો કરીને શિક્ષણસાહિત્યને સમૃદ્ધ કર્યું. પરિણામે, દક્ષિણામૂર્તિ માત્ર પ્રયોગશાળા જ નહીં, પરંતુ પાઠ્યપુસ્તક સર્જનનું એક ઐતિહાસિક કેન્દ્ર બની રહી.

હરભાઈ ત્રિવેદીઃ સાહસિક કેળવણીકારની વિરાસતઃ નાનાભાઈની પ્રેરણાથી શરૂ થયેલા 'છાત્રાલય' માસિકના સફળ સંપાદનથી લઈને વિનય મંદિરના વિકાસ સુધી હરભાઈ ત્રિવેદીનું પ્રદાન અજોડ રહ્યું. આર્થિક સંકટો અને સામાજિક પ્રતિરોધ વચ્ચે પણ તેમણે સહશિક્ષણ, જાતીય શિક્ષણ અને શિક્ષક તાલીમ જેવા ક્રાંતિકારી પ્રયોગો કર્યા, જેની નોંધ સ્વયં મહાત્મા ગાંધીજીએ પણ લીધી હતી. મુંબઈની ભંડોળ યાત્રા અને 'સાત તાલીમ મંદિરો'ની તેમની દૂરંદેશી કલ્પના તેમની અદમ્ય કાર્યનિષ્ઠાનું પ્રતીક છે.કેળવણીનો પરમ હેતુઃ આ શૈક્ષણિક ભગીરથ કાર્ય એ વાતનો જીવંત પુરાવો છે કે કેળવણીનો પરમ હેતુ માત્ર પદવીધરો તૈયાર કરવાનો નથી; પરંતુ વિચારશીલ, ચારિત્ર્યવાન અને માનવતાસભર નાગરિકોનું ઘડતર કરવાનો છે. આ જ કારણે ગુજરાતના શિક્ષણ ઈતિહાસમાં આ ત્રિપુટીનું પ્રદાન સદાય ચિરંજીવ અને પ્રેરણાદાયી રહેશે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આપની ચંદ્ર રાશિના ચોથા ભાવમાં ગુરુ ગ્રહ સ્થિત રહેશે અને તેના પરિણામ સ્વરૂપ, આ સપ્તાહ આપને આપની દૃષ્ટિમાં સકારાત્મકતા રાખતા, જે ધુમ્મસ આપની ચારે તરફ છવાઈ ગઈ છે, તેને સ્વયં જ આપના પ્રયત્નોથી હટાવવાની જરૂર રહેશે. કારણ કે આપને એ વાત સમજવી પડશે કે, આ ધૂળ જ આપની પ્રગતિને અવરોધી રહી છે. તેથી આ સમય તેમાંથી બહાર નીકળતા, કંઈક સારું કરવાનો છે. આ સપ્તાહ આપના માતા-પિતાની મદદથી, આપ આપની પૂર્વની કોઈ આર્થિક તંગીમાંથી બહાર નીકળવામાં સફળ રહેશો. જેના કારણે આપને આપના માનસિક તણાવથી મુક્તિ તો મળશે જ, સાથે જ આપ આપની સ્થિતિ સુધર્યા બાદ સાચી દિશામાં આપના પ્રયત્નો કરવામાં પણ સફળ રહેશો. આ સપ્તાહ આપને ઘરના નાના સભ્યો સાથે આપના સંબંધ સુધારવામાં મદદ મળશે. જેના કારણે આપ આપની મોટાઈ દેખાડતા, આપના પરિવારને સાથે લઈ ચાલવાનો પ્રયત્ન કરશો. આ માટે આપ સમસ્ત પરિવાર સાથે કોઈ યાત્રા અથવા પિકનિક પર જવાનું પ્લાન પણ કરી શકો છો. વ્યાપાર સાથે જોડાયેલ આપની રાશિના જાતકો માટે ગ્રહોની ગોચર સ્થિતિ અનુસાર, આ સપ્તાહ કારકિર્દીમાં પ્રોન્નતિ કરવાના અનેક શુભ અવસર મળવાના યોગ બનશે. જેના કારણે પૂર્વે જે સ્થિતિ બગડી હતી, તે ફરીથી આ દરમ્યાન પાટે ચઢી જશે. આપની રાશિના વિદ્યાર્થીઓને, શિક્ષણમાં આ અઠવાડિયે કોઈ પણ ઉથલ-પાથલનો સામનો કરવો નહીં પડે.

**વૃષભ - (બ, વ, ઉ)**ગુરુ ગ્રહ આપની ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં ઉપસ્થિત રહેશે અને આવામાં, આ આખા સપ્તાહ વાહન ચલાવનારાઓને, વિશેષ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવે છે, કારણ કે સંભવ છે કે આપની જરા સી બેદરકારી આપ માટે હાનિકારક સાબિત થઈ શકે. આ સપ્તાહ ઘણા લોકોના જીવનમાં કંઈક એવું ઘટી શકે છે, જેના ચલતે આપ મન ખોલીને પૈસા ખર્ચ કરતા, બીજાઓને પાર્ટી આપવા સુધીનું પ્લાન કરી શકો છો. જો કે આ દરમ્યાન કંઈ પણ ઉતાવળમાં કરવાથી બચો, અન્યથા આપને પછી એવું લાગશે કે આપે જરૂર કરતા વધારે ધનની બર્બાદી કરી દીધી. આ સપ્તાહ આપનું મન, ઘરમાં કંઈક બદલાવ લાવવા માટે ઉત્સુક દેખાશે. જો કે કંઈ પણ પરિવર્તન કરવા અથવા ઘર સાથે જોડાયેલ કોઈ પણ નિર્ણય લેતા પહેલા, બાકી લોકોના મત ભલીભાંતિ જાણી લો. અન્યથા આપ ન ઇચ્છતા હોવા છતાં, નકામી ટીકાના શિકાર થઈ શકો છો. શનિ દેવ આપની ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાના કારણે વ્યાપાર સાથે જોડાયેલ આપની રાશિના જાતકો માટે ગ્રહોની ગોચર સ્થિતિ અનુસાર, આ સપ્તાહ કારકિર્દીમાં પ્રોન્નતિ કરવાના અનેક શુભ અવસર મળવાના યોગ બનશે. જેના કારણે પૂર્વે જે સ્થિતિ બગડી હતી, તે ફરીથી આ દરમ્યાન પાટે ચઢી જશે. ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કોઈ ઉચ્ચ માન્યતા ધરાવતી સંસ્થામાં, પ્રવેશ લેવાનું સ્વપ્ન જોઈ રહેલ જાતકોની મહેનત આ સપ્તાહ રંગ લાવશે. કારણ કે આપને કોઈ સુંદર સમાચાર મળવાના, યોગ બનતા દેખાઈ રહ્યા છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ સપ્તાહ આપને આપના ખાન-પાનને લઈને વિશેષ ધ્યાન રાખવું પડશે. આવામાં ધ્યાન રાખો કે આપ શું ખાઈ રહ્યા છો અને જેટલું શક્ય હોય, બહારના ખાવાથી પરહેજ કરો. આ સપ્તાહ રાહુ ગ્રહ આપની ચંદ્ર રાશિના નવમા ભાવમાં બેઠા હોવાના કારણે આપ ઊર્જાથી ભરપૂર રહેશો અને શક્ય છે કે, આપને અચાનક કોઈ એવો અણધાર્યો ફાયદો પણ મળે જેની આપે હજી ઉમ્મીદ નહોતી કરી. આવામાં આ ફાયદાનો એક નાનો હિસ્સો, સામાજિક કાર્યોમાં પણ ચોક્કસ ઉપયોગ કરો. આ સપ્તાહ પારિવારિક મુદ્દાઓમાં, બહારના લોકોના અનિચ્છનીય હસ્તક્ષેપના કારણે આપ અને પરિવારના મોટા સભ્યો વચ્ચે તણાવ પેદા થઈ શકે છે. જેની અસર સીધી આપના શબ્દો પર પડશે. આ સપ્તાહ શનિ ગ્રહ આપની ચંદ્ર રાશિના દસમા ભાવમાં બિરાજમાન હોવાના કારણે કાર્યક્ષેત્રમાં પરિસ્થિતિઓ, સંપૂર્ણ રીતે આપની તરફેણમાં રહેશે. જેના કારણે આપ કાર્યસ્થળ પર આપના દરેક અધૂરા પડેલ કાર્યને પૂર્ણ કરતા, આપના વરિષ્ઠ અધિકારીઓ અને આપના બોસને ખુશ કરી શકશો. આનાથી ભવિષ્યમાં આપને ઉન્નતિ મળવાની પણ, સંભાવના બનતી દેખાશે.

**કર્ક - (ડ, હ) :-** આ સપ્તાહ નિયમિત વ્યાયામ જ, આપને સ્વસ્થ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ દરમ્યાન આપના સ્વાસ્થ્યમાં, ઘણા સારા પરિવર્તનો આવવાના પૂરા યોગ બનતા દેખાઈ રહ્યા છે. ખાસ કરીને એ લોકો માટે સમય વિશેષ સારો રહેશે, જેઓને મેદસ્વિતાની સમસ્યા છે, કારણ કે બૃહસ્પતિ દેવ આપની ચંદ્ર રાશિના પહેલા/લગ્ન ભાવમાં હાજર રહેશે. એ લોકોને આ સમયે આપની કેટલીક પરેશાનીઓથી હંમેશ-હંમેશ માટે છુટકારો મળી શકશે. આ સપ્તાહ આપ જલ્દી ધન કમાવવા માટે કોઈ પ્રકારનો શોર્ટકટ અપનાવી શકો છો, જેનાથી આપ ન ઇચ્છવા છતાં પોતાને ગેરકાયદેસર ઝઝૂંઝટમાં ફસાવી દેશો. આના પરિણામ સ્વરૂપ આપની છબીને નુકસાન સાથે-સાથે, આપને વધારાની ધન હાનિ થવાના યોગ બનશે. આ સપ્તાહ ઘર-પરિવારમાં કોઈ પ્રકારનો કાર્યક્રમ આયોજિત થઈ શકે છે, જેના પર આપને આપનું ઘણું ધન ખર્ચ કરવું પડશે. આનાથી આપના માનસિક તણાવમાં વૃદ્ધિ થશે, સાથે જ આપ અત્યધિક ઘરેલુ કાર્યોના કારણે, આપના કાર્યક્ષેત્ર પર જરૂરી ધ્યાન આપી શકવામાં પોતાને અસમર્થ પાશો.

**સિંહ - (મ, ટ) :-** આપની ચંદ્ર રાશિના બારમા ભાવમાં ગુરુ ગ્રહ સ્થિત રહેશે અને આવામાં, આ સપ્તાહ આપને પોતાને સ્વસ્થ રાખવા માટે, રમત-ગમત અને કેટલીક આઉટડોર પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેવો પડશે. કારણ કે આ પ્રવૃત્તિઓમાં આપની ભાગીદારી, આપની ખોવાયેલ ઊર્જાને ફરીથી એકત્ર કરી આવનાર સમયમાં, કોઈ મોટા કાર્યને પૂર્ણ કરવામાં આપની મદદ કરશે. આ સપ્તાહ આપ ઊર્જાથી ભરપૂર રહેશો અને શક્ય છે કે, આપને અચાનક કોઈ એવો અણધાર્યો ફાયદો પણ મળે જેની આપે હજી ઉમ્મીદ નહોતી કરી. આવામાં આ ફાયદાનો એક નાનો હિસ્સો, સામાજિક કાર્યોમાં પણ ચોક્કસ ઉપયોગ કરો. કેટલાક લોકો માટે, પરિવારમાં કોઈ નવા મહેમાનનું આગમન ઉત્સવ અને આનંદના ક્ષણો લઈ આવશે. આનાથી ઘરમાં નવા-નવા પકવાનો બનશે અને સાથે જ આપને લાંબા સમય પછી, આખા પરિવાર સાથે બેસવા અને સમય વ્યતીત કરવાનો અવસર પણ મળશે. આ સપ્તાહ જે વ્યાપારને સફળ બનાવવા માટે આપ વર્ષોથી મહેનત કરતા, આપનો ખૂન-પસીનો એક કરી રહ્યા હતા, તેને વ્યવસાયિક રૂપે આપ એક સારી પ્રતિષ્ઠા અપાવવામાં આ સપ્તાહ ઘણી હદ સુધી સફળ થઈ શકશો.

**કન્યા - (પ, ઠ, ણ) :-**આપની ચંદ્ર રાશિના સાતમા ભાવમાં શનિ ગ્રહ બેઠા રહેશે અને આવામાં, ઘરેલુ પરેશાનીઓ આપને આ સપ્તાહ, તણાવ આપી શકે છે. જેના ચલતે આપ આપના સ્વાસ્થ્ય પ્રત્યે, બેદરકારી રાખી શકો છો. પરંતુ આ દરમ્યાન ખુદ પોતાની સારવાર કરવાથી બચો, કારણ કે દવા પર આપની નિર્ભરતા વધવાના પણ યોગ બની રહ્યા છે. આર્થિક દ્રષ્ટિએ આપની રાશિના જાતકો માટે આ સપ્તાહ ઘણો શુભ સાબિત થવાનો છે, કારણ કે રાહુ દેવ આપની ચંદ્ર રાશિના છઠ્ઠા ભાવમાં ઉપસ્થિત રહેશે. આવામાં આ દરમ્યાન આપના પ્રયત્નોમાં જરા પણ કમી ન આવવા દો, કારણ કે આ સમયે આપના ધનમાં વૃદ્ધિ કરવા માટે અનુકૂળ ગ્રહોની સ્થિતિ આપ માટે બેહતરીન અવસર પ્રદાન કરી શકે છે. આ સપ્તાહ આપને પરિવારના લોકો સાથે વાદ-વિવાદ થવા પર, ધૈર્ય ન ગુમાવવાની સૂચના આપવામાં આવે છે. કારણ કે શક્ય છે કે કોઈ વાત પર ચર્ચા કરતી વખતે, આપ અને સભ્યો વચ્ચે વિચારોનો મતભેદ થાય, જેના પછી આપના પરિવારના લોકો કોઈ નાની-સી વાતને, રાઈનો પર્વત બનાવી શકે છે. તેથી જો આપ તેમને આ તક નહીં આપો, તો સ્વયં જ વાત સુલઝી શકે છે. આ સપ્તાહ કારકિર્દીમાં આગળ વધવાની આપની ઇચ્છા આપને કાર્યક્ષેત્ર અને અંગત જીવન બંનેમાં આપના નજીકનાઓથી દૂર કરી શકે છે.

**તુલા - (ર, ત) :-** આ સપ્તાહ આપને માનસિક શાંતિની કમીનો અનુભવ થશે, જેનાથી આપની અંદર કંઈક વ્યાકુળતા જોવા મળશે. આવામાં આ કારણે પોતાને વધારે વ્યાકુળ કરવાની જગ્યાએ, માનસિક શાંતિ મેળવવા માટે, ધર્મ-કર્મના કાર્યોમાં ઉત્સાહભેર ભાગ લેતા, જેટલું શક્ય હોય આપની શ્રદ્ધા અનુસાર દાન-પુણ્યના કામમાં ભાગ લો. કારણ કે આનાથી સમાજમાં તો આપનું માન વધશે જ, સાથે જ આપ પોતાને ઘણી હદ સુધી માનસિક તણાવથી પણ દૂર રાખી શકશો. ગ્રહોની હાલની સ્થિતિ, આ વાત તરફ પણ ઈશારો કરી રહી છે કે આ દરમ્યાન આપના કેટલાક અણધાર્યા ખર્ચ થવાની શક્યતા છે. જો કે, કેતુ દેવ આપની ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાના કારણે આપની આવ?માં સતત વૃદ્ધિ થવાથી, આપના જીવનમાં આ ખર્ચાઓની અસર દેખાશે નહીં અને આપ આપની સુખ-સુવિધાઓ પર પણ કંઈક ખર્ચ કરી શકશો. તેથી આવક અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવું, આપ માટે ખૂબ મહત્વપૂર્ણ છે. આ આખા સપ્તાહ ઘણા ઘરેલુ મામલાઓ આપના દિમાગ પર છવાયેલ રહેશે અને આ આપની સારી રીતે, કામ કરવાની ક્ષમતાને પણ બગાડી દેશે. જેની સીધી અસર આપના પારિવારિક જીવન પર પડશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** ગુરુ દેવ આપની ચંદ્ર રાશિના નવમા ભાવમાં બિરાજમાન રહેશે અને આવામાં, સ્વાસ્થ્ય રાશિફળમાં આ સપ્તાહ સ્વાસ્થ્યના દ્રષ્ટિકોણથી, આપ માટે સામાન્ય કરતા સારો રહેશે. કારણ કે આ સપ્તાહ આપની રાશિના સ્વામીની દૃષ્ટિ, આપને કોઈ પણ મોટો રોગ નહીં થવા દે. જો કે વચ્ચે-વચ્ચે કેટલીક નાની-મોટી શારીરિક સમસ્યાઓ તો આવશે, પરંતુ તો પણ ગત સમયની સરખામણીએ આ દરમ્યાન આપના સ્વાસ્થ્યમાં ઘણો સુધારો થશે અને આપને આપના સ્વાસ્થ્યમાં સકારાત્મક બદલાવ અનુભવ થશે. આ સપ્તાહ આપ માટે ખૂબ જ જરૂરી રહેશે કે, લાગણીઓમાં વહીને આપને આપના નજીકના લોકો પર એટલો ખર્ચ ન કરવો, જેનાથી આપને પછીથી આર્થિક પરેશાનીઓનો સામનો કરવો પડે. તેથી આપ માટે વધુ સારું રહેશે કે આપ આ અઠવાડિયે માત્ર અને માત્ર એક સાચા બજેટ પાલન સાથે જ, આપનો નાનામાં નાનો ખર્ચ કરો. કારણ કે આનાથી જ આપ ઘણી હદ સુધી, આપના ધનની બચત કરી શકશો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સપ્તાહ આપને કેટલાક થકવી દેનારા કાર્યોમાંથી સમય કાઢતા, આરામ કરવાની અને નજીકના મિત્રો વ તેમ જ પરિવાર સાથે કંઈક ખુશીની પળો વ્યતીત કરવાની જરૂર રહેશે. શનિ મહારાજ આપની ચંદ્ર રાશિના ચોથા ભાવમાં ઉપસ્થિત રહેશે અને આવામાં, આનાથી આપને આંતરિક પ્રસન્નતા મળવાની સાથે જ, આપની કાર્ય ક્ષમતામાં વૃદ્ધિ કરવાના અવસર પણ મળી શકશે. તેથી આપના શરીરને થોડો આરામ આપવો, હમણાં આપ માટે ઉત્તમ રહેવાનું છે. એ જાતકો જે ઘરથી દૂર રહીને નોકરી અથવા ભણતર કરી રહ્યા છે, તેઓને આ સપ્તાહ કોઈ કારણવશ પોતાના ધનનો ખર્ચ કરવો પડી શકે છે. કારણ કે શક્ય છે કે આપ અચાનક આપના મિત્રોના કહેવાથી કોઈ પ્રકારની પાર્ટી કરવા અથવા યાત્રા પર જવાનું પ્લાન કરો. કેટલાક લોકો માટે, પરિવારમાં કોઈ નવા મહેમાનનું આગમન ઉત્સવ અને આનંદના ક્ષણો લઈ આવશે. આનાથી ઘરમાં નવા-નવા પકવાનો બનશે અને સાથે જ આપને લાંબા સમય પછી, આખા પરિવાર સાથે બેસવા અને સમય વ્યતીત કરવાનો અવસર પણ મળશે. આ સપ્તાહ આપ દરેક અવધિમાં પોતાને આશાવાદી રાખવામાં સફળ રહેશો, જેના કારણે આપ પરિસ્થિતિનો ડટીને આ સમયે સામનો કરી શકશો.

**મકર - (ખ, જ) :-**આપની ચંદ્ર રાશિના સાતમા ભાવમાં ગુરુ ગ્રહ ઉપસ્થિત રહેશે અને આના ફળ સ્વરૂપ, સ્વાસ્થ્ય રાશિફળમાં આ સપ્તાહ આપને ઘણા, મહત્વપૂર્ણ અને સકારાત્મક બદલાવ નજરે પડી શકે છે. કારણ કે આ સમયે આપના થોડા-ઘણા પ્રયત્નોથી જ, આપ આપના સ્વાસ્થ્યને બહેતર કરી શકો છો અને આપનું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય દુરસ્ત રહેશે. એ જાતકો જે ઘરથી દૂર રહીને નોકરી અથવા ભણતર કરી રહ્યા છે, તેઓને આ સપ્તાહ કોઈ કારણવશ પોતાના ધનનો ખર્ચ કરવો પડી શકે છે. કારણ કે શક્ય છે કે આપ અચાનક આપના મિત્રોના કહેવાથી કોઈ પ્રકારની પાર્ટી કરવા અથવા યાત્રા પર જવાનું પ્લાન કરો. આ સપ્તાહ આપની ચંદ્ર રાશિના ત્રીજા ભાવમાં શનિ દેવ બેઠા હોવાના કારણે આપને આપના જીવનમાં કોઈ સારા સમાચાર મળશે, જેનાથી આપ આપના મિત્રો સાથે મૌજ-મસ્તી અને પાર્ટી કરતા આપની ખુશી મનાવશો. પરંતુ આ દરમ્યાન આપનું દારૂ પીને ઘરે આવવું, પરિવારના સભ્યોને પરેશાન કરી શકે છે. તેથી મૌજ-મસ્તીના ચક્કરમાં આવી, ઘર પર આપની છબી ખરાબ ન થવા દો અને એવું કંઈ પણ કરવાથી બચો, જેના કારણે આપને પરિવાર વચ્ચે શરમિંદગી ઉઠાવવી પડે. આ સમય આપની કારકિર્દીમાં તો ઉન્નતિ લઈ આવશે જ, પરંતુ આપને સલાહ આપવામાં આવે છે કે સફળતાનો નશો આપના દિમાગ પર ન છવાવા દેતા, આપનો ધૈર્ય ન ગુમાવો અને ઉતાવળમાં આવીને કોઈ ફૈંસલો ન લો.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-**ઘણો વધારે તણાવ અને ચિંતા કરવાની આપની આદત, આ સપ્તાહ આપના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. આવામાં ખાલી સમયમાં વધારે વિચારવાની જગ્યાએ, કંઈક કામ કરો અથવા ઘરવાળાઓની મદદ કરો. આનાથી આપનું દિમાગ વધારે વિચારવાથી બચશે. આ સપ્તાહ શનિ મહારાજ આપની ચંદ્ર રાશિના બીજા ભાવમાં સ્થિત હોવાના કારણે કાર્યક્ષેત્ર પર આપને આપના વરિષ્ઠ અધિકારીઓ પાસેથી, સાચી પ્રશંસા અને પ્રોન્નતિ મળી શકશે. આ કારણ આપની આવકમાં વૃદ્ધિ થવાથી, આપ સારા પૈસા કમાશો. પરંતુ આ દરમ્યાન ગુરુ ગ્રહની છઠ્ઠા ભાવમાં હાજરી હોવાના કારણે આપના ખર્ચમાં વધારો, આપના ધનની બચતને વધારે મુશ્કેલ બનાવી દેશે. આવામાં આપના ખુલ્લા હાથ પર નિયંત્રણ રાખતા, આપના બેંક બેલેન્સ વધારવાની દિશામાં જ આપના પ્રયત્નો તેજ કરો. આપની નવી પરિયોજનાઓ માટે, આપના માતા-પિતાને વિશ્વાસમાં લેવાનો સાચો સમય છે. આ માટે આપને શરૂઆતમાં જ આપની દરેક યોજના વિશે, આપના માતા-પિતાને બધું જ જણાવવાની અને તેના પર તેઓનો વિચાર જાણવાની જરૂર રહેશે. જો આપ ભાગીદારીમાં વ્યાપાર કરો છો અને આપના વ્યાપારમાં વૃદ્ધિ માટે, આપે કોઈ લોન અથવા ઋણ માટે પૂર્વે કોઈ અરજી કરી હોય, તો આ સપ્તાહ આપની અરજી સ્વીકારવામાં આવી શકે છે. જેના પછી હવે આપ જલ્દી જ લોન લઈ, વ્યાપારમાં પૈસા રોકાણ કરી શકશો.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** શનિ દેવ આપની ચંદ્ર રાશિના પહેલા/લગ્ન ભાવમાં સ્થિત રહેશે અને આવામાં, કાર્યસ્થળ પર કામનું દબાણ વધવાની સાથે જ, આપ આ સપ્તાહ માનસિક ઉથલ-પાથલ અને મુશ્કેલી અનુભવ કરશો. જેના કારણે આપના સ્વભાવમાં પણ ચીડિયાપણું દેખાશે. જો આપે આપના ઘરના આર્થિક હાલાત સુધારવા માટે, પૂર્વે કોઈ લોન માટે અરજી કરી હોય, તો આ સપ્તાહ તેને લઈ આપને કોઈ શુભ સમાચાર મળવાના યોગ બનશે, કારણ કે ગુરુ દેવ આપની ચંદ્ર રાશિના પાંચમા ભાવમાં બેઠા રહેશે. જો કે આ દરમ્યાન આપને આપના પ્રયત્નો કરતા આપના ધનને જેટલું શક્ય હોય, તેના સંચયને લઈ ગંભીર રહેવાની પણ જરૂર રહેશે. આ સપ્તાહ ઘણી વધારે આશંકા છે કે આપનો કોઈ જૂનો અને નજીકનો મિત્ર, આપને કોઈ મોટો દગો દે. આના ચલતે આપ આપનો ગુસ્સો પરિવારના કોઈ સભ્ય પર ઉતારી શકો છો, જેનાથી પારિવારિક વાતાવરણમાં અશાંતિ ઉત્પન્ન થશે, સાથે જ આનાથી આપની છબી પણ ખરાબ થઈ શકે છે. કારકિર્દી અને વ્યવસાયના લિહાઝથી, આપની રાશિના જાતકોને આ સપ્તાહ આપના તણાવ અને જીવનમાં આવી રહેલ દરેક ઉતાર-ચઢાવથી છુટકારો મળી શકશે. કારણ કે આ સમય આપના જીવનમાં કેટલાક એવા સારા બદલાવ અને અણધારી ઘટના લઈ આવવાનો છે, જેની આપ ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા.

# સોનમ વાંગચૂકની ભૂખ હડતાલનું વિદ્યાર્થીઓને ફળ મળશે ખરું?

લદાખના જાણીતા પર્યાવરણવાદી, શિક્ષણ સુધારક અને મેગ્સેસે એવોર્ડ વિજેતા સોનમ વાંગચૂક ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. દિલ્હીના જંતર-મંતર ખાતે તેમની અનિશ્ચિત મુદતની ભૂખ હડતાળ એક ગંભીર તબક્કામાં પહોંચી ચૂકી છે. અગાઉ પોતાના ગેરરીતિઓ, પેપર લીક અને શિક્ષણ વિભાગની લાપરવાહી સામે ન્યાયની માંગ સાથે તેઓ ધરણા પર બેઠા છે. તેમની મુખ્ય માંગણી છે કે દેશની શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવામાં આવે અને આ ક્ષતિઓની જવાબદારી સ્વીકારીને કેન્દ્રીય કે મધ્યસ્થતાના સંકેત મળ્યા નથી. અગાઉ લદાખના આંદોલન વખતે વાંગચૂકની અટકાયત પણ કરવામાં આવી હતી, પરંતુ માર્ચ ૨૦૨૬માં તેમના પરથી રાષ્ટ્રીય સુરક્ષા કાયદો હટાવી લેવાયો હતો.

વાંગચૂકના સતત બગડતા સ્વાસ્થ્ય (૧૯ દિવસમાં તેમનું જીવની રક્ષા કરવી એ સરકારની પ્રાથમિક ફરજ છે.

દૈનિક તબીબી દેખરેખઃ કોર્ટે કેન્દ્ર અને દિલ્હી સરકારને આદેશ આપ્યો છે કે સરકારી ડૉક્ટરો દ્વારા સોનમ વાંગચૂકની દરરોજ ક્લિનિકલ તપાસ કરવામાં આવે.

જો તબીબોની સલાહ મુજબ અરવિંદ કેજરીવાલ તેમજ સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ જંતર-મંતર જઈને વાંગચૂકને મળ્યા છે અને સરકારને સંવેદનશીલતા દાખવવા અપીલ કરી છે.

સોનાક્ષી સિંહા જેવી બોલિવૂડ હસ્તીઓ અને સોશિયલ મીડિયા

## સોનમ વાંગચૂકે ૨૦ જુલાઈની સંસદ કૂચમાં જોડાવા માટે લોકોને અપીલ કરી છે,આ કૂચને સરકાર સંસદ સુધી પહોંચવા દેશે કે કેમ તે મોટો પ્રશ્ન છે : આજની સરકારો લોકો માટે નહીં પરંતુ અહમ સંતોષવા ચાલતી હોવાનું ઉપસતું ચિત્ર



**[વાત અને વિચાર]**

હોમ સ્ટેટ લદાખના બંધારણીય અધિકારો અને પર્યાવરણ સુરક્ષા માટે લડતા વાંગચૂક, આ વખતે દેશના યુવાઓ અને શિક્ષણ વ્યવસ્થાના પ્રશ્નોને લઈને મેદાને પડ્યા છે.

૨૮ જૂન ૨૦૨૬થી સોનમ વાંગચૂકે દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી અને દેશના વિદ્યાર્થીઓના સમર્થનમાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે. દેશમાં NEET (UG) ૨૦૨૬ પરીક્ષામાં થયેલી કથિત શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે.

સરકારનું વલણ

સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં સ્પષ્ટ કર્યું છે કે સરકાર વાંગચૂકના સ્વાસ્થ્ય અંગે ગંભીર છે અને સરકારી તબીબોની ટીમ સતત તેમના સ્વાસ્થ્યની દેખરેખ રાખી રહી છે. જોકે, તેમની મુખ્ય રાજકીય માંગણીઓ (જેમ કે મંત્રીનું રાજીનામું) અંગે સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર વાટાઘાટો વજન ૯ કિલો જેટલું ઘટી ગયું છે) ને લઈને હાઈકોર્ટમાં એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. આ અંગે દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે ચુકાદો આપતા મહત્ત્વની ટિપ્પણીઓ કરીઃ

"દરેક નાગરિકનો જીવ કિંમતી છે": કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દેશના કોઈપણ નાગરિકના સ્વાસ્થ્ય વધુ બગડે, તો કોઈપણ વિલંબ વિના તેમને હોસ્પિટલમાં ખસેડી જરૂરી મેડિકલ ટ્રીટમેન્ટ આપવાની સત્તા પણ કોર્ટે પ્રશાસનને આપી છે.વાંગચૂકના આ અનશનને કારણે આ મુદ્દો હવે માત્ર એક વિદ્યાર્થી આંદોલન મટીને રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બન્યો છે.

વિપક્ષના ઘણા અગ્રણી નેતાઓ અને પૂર્વ મુખ્યમંત્રી ઈન્ફ્લુએન્સર્સ પણ દેશના બાળકોના ભવિષ્ય માટે વાંગચૂકના આ કદમને સમર્થન આપી રહ્યા છે. દેશભરમાંથી પેપર લીકનો ભોગ બનેલા હજારો વિદ્યાર્થીઓ અને યુવાનો તેમના સમર્થનમાં પ્રદર્શનમાં જોડાઈ રહ્યા છે. વાંગચૂકે પોતે અપીલ કરી છે કે, આ લડત દેશના ભવિષ્ય સમાન વિદ્યાર્થીઓની સુરક્ષા માટેની છે, તેથી આગામી ૨૦ જુલાઈ ૨૦૨૬ના રોજ યોજાનારા 'સંસદ ચલો' માર્ચને લોકો વધુ મજબૂત બનાવે.

# વરસતા વરસાદમાં બંધ કમરામાં લાલ બંગલાવાળા શેઠનું ખૂન અને સોનાની ઘડિયાળ

કાતિલ ઠંડી રાત્રે આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું હતું. ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. બરાબર રાત્રે બાર વાગ્યે સિટી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અરવિંદના ફોનની ઘંટડી વાગી. સામે છેડેથી ગભરાયેલો અવાજ આવ્યો, "સાહેબ, લાલ બંગલાવાળા શેઠ સમરજિત સિંહનું ખૂન થઈ ગયું છે!"

ઈન્સ્પેક્ટર અરવિંદ અને તેમની ટીમ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ. સમરજિત સિંહ શહેરના જાણીતા ઉદ્યોગપતિ અને કીમતી વસ્તુઓના સંગ્રાહક હતા.

સમરજિત સિંહ પોતાના આલીશાન સ્ટડી રૂમમાં મૃત હાલતમાં પડ્યા હતા. તેમના ગળા પર કોઈ તીક્ષ્ણ હથિયારના ઘા હતા. રૂમનો દરવાજો અંદરથી બંધ હતો, જે નોકર રમેશે તોડ્યો હતો.

સમરજિત સિંહ તેમની આરામદાયક ખુરશી પર ઢળેલી હાલતમાં હતા. ટેબલ પર લોહીના ડાઘ હતા.

દીવાલ પર રહેલી તિજોરી ખુલ્લી હતી. તેમાંથી માત્ર એક જ કીમતી વસ્તુ ગાયબ હતી— તેમની પૂર્વજોની અતિ કીમતી 'સોનાની ખિસ્સા ઘડિયાળ'

એશ-ટ્રેમાં એક મોંઘી વિદેશી સિગારેટનો ટુકડો પડેલો હતો. સમરજિત સિંહ ક્યારેય ધૂમ્રપાન નહોતા કરતા.

"જો રૂમ અંદરથી બંધ હતો, તો ખૂની બહાર કેવી રીતે ગયો? અને તે માત્ર એ સોનાની ઘડિયાળ જ કેમ લઈ ગયો?" ઈન્સ્પેક્ટર અરવિંદના મગજમાં સવાલો ઘૂમરાવા લાગ્યા.

પોલીસે બંગલામાં હાજર લોકોની પૂછપરછ શરૂ કરી. મુખ્યત્વે બે વ્યક્તિઓ શંકાના દાયરામાં હતી.રમેશ (ઘરનો વફાદાર નોકર), તેણે દાવો કર્યો કે તે રાત્રે ૯ વાગ્યે શેઠને દૂધ આપીને પોતાના ક્વાર્ટરમાં સૂવા ચાલ્યો ગયો હતો. અવાજ આવતા તે દોડી આવ્યો અને દરવાજો તોડ્યો.

વિક્રમ (સમરજિત સિંહનો ભત્રીજો), વિક્રમ દેવાના બોજ હેઠળ દબાયેલો હતો. તેણે જણાવ્યું, "હું રાત્રે ૮ થી ૧૧ વાગ્યા સુધી હાઈવે પર આવેલી ક્લબમાં મારા મિત્રો સાથે પાર્ટી કરી રહ્યો હતો. મારી પાસે ત્યાંના બિલ પણ છે."

ઈન્સ્પેક્ટર અરવિંદે રૂમની બારી તરફ નજર કરી. બારી અંદરથી બંધ હતી, પણ તેની કાચની પેનલ સહેજ ઢીલી હતી. બારીની બહાર બગીચાની ભીની માટી હતી. ત્યાં કોઈના પગલાંના નિશાન નહોતા, કારણ કે વરસાદે બધું ધોઈ નાખ્યું હતું.

પરંતુ, ઈન્સ્પેક્ટર અરવિંદની તીક્ષ્ણ નજરે કંઈક એવું શોધી કાઢ્યું જે ખૂનીથી છૂટી ગયું હતું. તેમણે વિક્રમને નજીક બોલાવ્યો અને તેના શૂઝ તરફ જોયું.

"વિક્રમ, તેં કહ્યું કે તું હાઈવે પરની ક્લબમાં હતો. પરંતુ તારા મોંઘા લેધર શૂઝ પર લાલ માટી ચોંટેલી છે. આખા શહેરમાં આવી લાલ માટી માત્ર આ લાલ બંગલાના ખાસ બગીચામાં જ છે!" ઈન્સ્પેક્ટરે કડક અવાજે કહ્યું.

વિક્રમના ચહેરા પરનો રંગ ઊડી ગયો. તે ગભરાઈને બોલ્યો, "પણ સાહેબ, રૂમ તો અંદરથી બંધ હતો!"

ઈન્સ્પેક્ટર અરવિંદ હસ્યા અને બોલ્યા,

"ખૂન અંદરથી બંધ રૂમમાં નથી થયું. તેં સમરજિત સિંહને બગીચામાં જ બોલાવ્યા હતા. તારી દેવાની રકમ ચૂકવવા માટે તેં તેમની પાસે એ સોનાની ઘડિયાળ માંગી, પણ તેમણે ના પાડી. ઝપાઝપીમાં તેં તેમનું ગળું કાપી નાખ્યું. ત્યારબાદ તું તેમની લાશને ખભે ઊંચકીને બારી વાટે અંદર લાવ્યો, તેમને ખુરશી પર બેસાડ્યા અને દરવાજો અંદરથી બંધ કરીને તું બારી વાટે જ બહાર નીકળી ગયો. બારીનો કાચ બહારથી સરકાવી શકાય તેવો ઢીલો હતો જેનો તેં ફાયદો ઉઠાવ્યો.""અને સૌથી મોટો પુરાવો..." ઈન્સ્પેક્ટરે વિક્રમના કોટના ગજવામાં હાથ નાખીને એ સોનાની ચમકતી ઘડિયાળ બહાર કાઢી. "આ ઘડિયાળ અને એશ-ટ્રેમાં મળેલી એ વિદેશી સિગારેટ, જે બ્રાન્ડ તું પીએ છે!"

પોતાની ચોરી અને પાપ પકડાઈ જતાં વિક્રમ ઘૂંટણિયે પડી ગયો અને રડવા લાગ્યો. લાલચ અને લોભમાં આવીને તેણે પોતાના જ કાકાની હત્યા કરી નાખી હતી. ઈન્સ્પેક્ટર અરવિંદે હથકડી પહેરાવી ગુનેગારને જેલના સળિયા પાછળ ધકેલી દીધો અને વધુ એક જટિલ કેસનો ઉકેલ લાવી દીધો.

## એશ-ટ્રેમાં એક મોંઘી વિદેશી સિગારેટનો ટુકડો પડેલો હતો. સમરજિત સિંહ ક્યારેય ધૂમ્રપાન નહોતા કરતા, "જો રૂમ અંદરથી બંધ હતો, તો ખૂની બહાર કેવી રીતે ગયો? અને તે માત્ર એ સોનાની ઘડિયાળ જ કેમ લઈ ગયો?" ઇન્સ્પેક્ટર અરવિંદના મગજમાં સવાલો ઘૂમરાવા લાગ્યા




**[ક્રાઈમ સ્ટોરી]**

# સંસદના ચોમાસુ સત્રમાં થશે એનડીએ અને ઈન્ડિયા ગઠબંધનની કસોટી

સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થવા જઈ રહ્યું છે. આ સત્ર દરમિયાન મોદી સરકાર લોકસભાની બેઠકો વધારવા માટેનું સીમાંકન બિલ અને મહિલા અનામત બિલ ફરી રજૂ કરી શકે તેવી શક્યતા છે. આ બિલ પાસ કરાવવા માટે સંસદમાં બે-તૃતિયાંશ બહુમતી એટલે કે ૩૬૦ સાંસદોના સમર્થનની જરૂર છે. આ અગાઉ એપ્રિલમાં યોજાયેલા વિશેષ સત્રમાં પૂરતી સંખ્યા ન હોવાને કારણે સરકાર આ બિલ પાસ કરાવી શકી નહોતી, પરંતુ હવે ત્રણ મહિના પછી સરકાર ફરીથી તેને પાસ કરાવવાની તૈયારી કરી રહી છે. સરકારને ઘેરવા માટે કોંગ્રેસે પણ અન્ય વિરોધ પક્ષો સાથે મળીને પોતાની રણનીતિ ઘડવાનું શરૂ કરી દીધું છે.

ચોમાસુ સત્રને ધ્યાનમાં રાખીને ભાજપ નેતૃત્વએ બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ્થાને એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી, જેમાં ગૃહ મંત્રી અમિત શાહ અને સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ હાજર રહ્યા હતા. આ બેઠકમાં સત્રની વ્યૂહરચના અને સંસદમાં રજૂ થનારા વિધેયકો પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ સિવાય સંગઠનમાં ટૂંક સમયમાં થનારા ફેરફારો અંગે પણ મંથન થયું હોવાના સંકેત છે.

લોકસભામાં હાલ ૩ બેઠકો ખાલી હોવાથી બંધારણીય સુધારા માટે ૩૬૦ સભ્યોના સમર્થનની જરૂર છે. હાલના આંકડા મુજબ ભાજપની આગેવાની હેઠળના દ્રઢછ પાસે ૨૯૩ સાંસદોનું સમર્થન છે. જો તૃણમૂલ કોંગ્રેસથી અલગ થયેલા દ્રઝૈના ૨૦ સાંસદો અને ડીએમકેના ૨૨ સાંસદો સરકારને ટેકો આપે, તો આ સંખ્યા ૩૩૫ સુધી પહોંચી શકે છે. આ સિવાય વાયએસઆરસીપીના ૪ સાંસદો, એક અપક્ષ અને ઉદ્ધવ ઠાકરે જૂથના એકનાથ શિંદે સાથે આવેલા ૬ સાંસદોનો ટેકો મળતાં આ આંકડો ૩૪૬ થઈ શકે છે. જો શરદ પવારની પાર્ટીના ૮ સાંસદો પણ સમર્થન આપે તો સરકાર ૩૫૪ના આંકડા પર પહોંચી શકે છે. આમ, બે-તૃતિયાંશ બહુમતી માટે સરકારને હજુ વધુ ૬ સાંસદોના સમર્થનની જરૂર પડશે.

આ જરૂરી આંકડો મેળવવા માટે ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમજ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે બેઠકો કરી છે. બીજી તરફ, વિપક્ષી ખેમામાંથી સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ શરતો સાથે બિલને સમર્થન આપવાની વાત કરી છે, જે સ્વીકારવી સરકાર માટે મુશ્કેલ છે. જ્યારે ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે સંકેત આપતાં કહ્યું કે, 'જો સરકાર અમારી માંગણીઓ સ્વીકારશે, તો અમે સમર્થન આપવા અંગે વિચારીશું.' ઉદ્ધવ જૂથ પાસે ૩ સાંસદો છે. જો તેમનો ટેકો મળે અને મમતા બેનર્જીના પક્ષના કેટલાક સાંસદો સહકાર આપે તો સરકાર સરળતાથી બહુમતી મેળવી શકે છે.

ચોમાસા સત્રમાં વિપક્ષનો સહકાર મેળવવા માટે સરકારે ૧૯ જુલાઈએ સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં સરકાર તમામ પક્ષોને સત્રના એજન્ડા અને રજૂ થનારા વિધેયકોની માહિતી આપશે. ત્યારબાદ ૨૦ જુલાઈથી સત્રની શરૂઆત થશે અને ૨૧ જુલાઈએ દ્રઢછ સંસદીય દળની બેઠક યોજાશે, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંબોધિત કરશે.

## સંસદ સત્રમાં રજૂ થનારા સીમાંકન અને મહિલા અનામત સહિતના બિલ પસાર કરવા મોદી સરકારે કવાયત શરૂ કરી દીધી છે,બીજી તરફ કોંગ્રેસ સિવાયના અન્ય પક્ષોના વિરોધાભાસી વલણથી સંભવિત બિલને રોકવું વિપક્ષ માટે મુશ્કેલ બનશે



**[રાજકારણ]**

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ઔ | ન | શિ | અઃ | મા | ઉ | ખ | કા | હા | સા | ધ |
| ઔ | લ | ક્ષ | મા | રી | ધ | ક | ક્ષ | ફ | ર | કી | ફ |
| ઔ | ક | સ | મ | દ | વિ | ઊ | ર | મા | બં | પ્રા | લ |
| પ્રા | ગં | લા | બા | ઈ | જ્ઞા | ગ | દ | ણ | ધ | કી | ઊ |
| લી | ભ | ઓ | ક | ર | ન | અ | ઓ | બ | ળ | વિ | જ્ઞા |
| કા | રો | લ | લ | ર | સા | સા | ત | કુ | લ | આ | હા |
| ધ | ઈ | ક | અઃ | ર | બ | ખ | બૂ | કા | મો | ર | લા |
| ભા | દા | વિ | ણ | તી | ભો | મો | વિ | ર | ભો | બ | ક |
| ગી | ગ | કા | વિ | એ | મ | ક | આ | લ | પ્ર | બિ | સ |
| કા | ર | ળ | ચા | ન | ભો | ઐ | બ | જ | રી | ર | બ |
| ર | ડો | ળ | ર | ર | બ | ણે | ડો | ક્ષ | વા | જ | મા |
| રી | દ | કા | ણા | એ | ભો | બા | સ | ળો | શિ | ક્ષ | ણ |

શબ્દ શોધો: મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# શિવ અને શકિત એક સ્વરૂપ છે : સાધકે બન્નોની એક્યભાવે આરાધના કરવી જોઈએ

આ વિશ્વ શિવરૂપ હોવા છતાં ગુણ અને કાર્યથી તે ભિન્ન દેખાય છે.ભગવાન શિવ પોતાની શક્તિવડે આ જગતને સર્જે છે અને વિસર્જન પણ કરે છે.ભગવાન શિવ ખુદ આ જગતના નિયંતા છે.પરમાત્મા આ જગતને વ્યાપીને રહેલા છે.બ્રહ્મા, વિષ્ણુ,રુદ્ર,મહેશાન અને સદાશિવ આ પાંચ મૂર્તિ (સ્વરૂપ)એ મુખ્ય છે.આ ઉપરાંત ઈશાન,પુરુષ,ઘોર,વામ આદિ સ્વરૂપે આ જગતનો વિસ્તાર અને લય થાય છે.ભગવાન શિવ પોતાની શક્તિવડે આ જગતમાં વ્યાપીને રહેલા છે,આથી શિવ અને શક્તિ બન્ને એક સ્વરૂપ જ છે.

માતા પાર્વતીજી શક્તિ સ્વરૂપ છે,અને શક્તિમાન એવા ઈશ્વર તે શિવ છે.તેમની વિભૂતિના એક અંશમાંથી આ જગત ઉત્પન્ન થાય છે.જડ અને ચેતન સ્વરૂપ આ જગત શિવશક્તિનું જ સ્વરૂપ છે,માટે આ જગત ભગવાન શિવને આધીન રહ્યું છે.જે રીતે સૂર્યનો આધાર પ્રકાશ અને પ્રકાશનો આધાર સૂર્ય છે,તેજ રીતે શિવ શક્તિના આધારે અને શક્તિ શિવના આધારે રહ્યા છે.ભગવાન શિવ પોતાની શક્તિ થકીજ તમામને સંસારનું સુખ અને મોક્ષ આપે છે.આ શક્તિ જ્ઞાનરૂપ છે અને શિવનો આશ્રય કરીને રહેલી છે.જ્યારે ગુણવડે શિવના રૂપમાં ફેરફાર થાય છે ત્યારે શક્તિ વિવિધ સ્વરૂપ ધારણ કરીને ભગવાન શિવની ઈચ્છાથી અનેક રીતે આ જગતને નિપજાવે છે.ભગવાન શિવની આ શક્તિ એજ મુલમાયા કે મહામાયા છે.

ગુણના પ્રભાવથી માયાના ત્રણ સ્વરૂપ માનવામાં આવ્યા છે.ભગવાનને જ્યારે સૃષ્ટિની રચના કરવાનો વિચાર આવે છે ત્યારે તલમાં જેમ તેલ હોય છે,તેવી રીતે તત્વમય શક્તિ પ્રકાશમાન થાય છે.આ તત્વમય શક્તિ થકી જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઈચ્છાશકિત વડે આ સમગ્ર જગત વિસ્તાર પામે છે.આ સમગ્ર બ્રહ્માંડ શિવ અને શક્તિ સ્વરૂપ છે. માનવીએ આ જગતના કાર્ય અને કારણ રૂપ ભગવાન શિવ અને શક્તિની આરાધના કરવી જોઈએ.ભગવાન શિવ પોતાની શકિતવડે આ જગતમાં વ્યાપીને રહ્યા છે.ભગવાન શિવની વિભૂતિને જાણનાર ભક્ત સર્વ પાપોથી મુક્ત થઈને મોક્ષ મેળવે છે.ભગવાન શિવની ઉપાસના કરનાર ભાવિકે ભગવાન શિવ અને શક્તિ બન્નેની એકયભાવે પૂજા કરવી જોઈએ.શિવશક્તિની આરાધના કરનાર મનુષ્ય આ લોકમાં ઉત્તમ ફળ મેળવી મોક્ષનો અધિકારી થાય છે.

**[ધર્મ દર્શન]**



# જામનગર સ્થિત સૈનિક સ્કૂલ બાલચડી ખાતે ૬૫માં શાળા સ્થાપના દિવસની ઉજવણી







જામનગર : જામનગર સ્થિત સૈનિક સ્કૂલ બાલાચડીમાં તા.૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ ૬૫મા શાળા સ્થાપના દિવસની ઉજવણી દેશભક્તિ, ગૌરવ અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

ઉજવણીની શરૂઆત કાર્યકારી આચાર્ય કમાન્ડર હરિ રામ પુનિયાએ શાળાના શૌર્ય સ્તંભ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરીને દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ત્યારબાદ શાળાના ઓડિટોરિયમમાં યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં સામાજિક વિજ્ઞાન વિભાગના વડા રાઘેશ પી.આર.એ સૌનું સ્વાગત કરી શાળાની ૬૫ વર્ષની ગૌરવમય સફર અને નોંધપાત્ર સિદ્ધિઓનો પરિચય કરાવ્યો.

આ પ્રસંગે શાળાના ઈતિહાસ, પરંપરા અને વારસાને રજૂ કરતી વિશેષ દસ્તાવેજી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. ધોરણ ૬ના કેડેટ્સે આકર્ષક સમૂહ નૃત્ય રજૂ કરી કાર્યક્રમમાં રંગત ભરી હતી. ઉપરાંત, શાળાના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, પૂર્વ સ્ટાફ સભ્યો અને અધિકારીઓના વિડિયોના માધ્યમ દ્વારા એક ઉત્તમ સંદેશો આપી કાર્યક્રમને ભાવનાત્મક અને યાદગાર બનાવ્યો.

આ પ્રસંગે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ગિરીશ અગ્રવાલે બાલનિકેતન પ્રાથમિક શાળાના એક વિદ્યાર્થીની શાળા ફીનું દાન આપી સમાજ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. -ઑબસાના પ્રમુખ શ્રી નૈનેશ પટેલે સૌને સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી અને શાળાના સંસ્મરણો સાથે કેડેટ્સને શિસ્ત, મૂલ્યો અને શ્રેષ્ઠતાના માર્ગે આગળ વધવા પ્રેરિત કર્યા. કાર્યકારી આચાર્ય કમાન્ડર હરિ રામ પુનિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે સૈનિક સ્કૂલ બાલાચડી કેડેટ્સમાં નેતૃત્વ, સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતા, ભાવનાત્મક બુદ્ધિ અને મજબૂત ચારિત્ર્યનો વિકાસ કરે છે. તેમણે કેડેટ્સને મોટા સ્વપ્ન જોવા, પડકારોનો આત્મવિશ્વાસપૂર્વક સામનો કરવા તથા જીવનભર શિસ્ત, પ્રામાણિકતા અને દેશભક્તિના મૂલ્યો જાળવી રાખવા આહ્વાન કર્યું.કાર્યક્રમમાં વાઈસ પ્રિન્સિપાલ સ્ક્વોડ્રન લીડર રાકેશ તિવારી, ઑબસાના સભ્યો, શાળાના અધિકારીઓ, સ્ટાફ તથા કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન અને આયોજન શ્રી આર. જે. મકવાણા, (ટીજીટી સામાજિક વિજ્ઞાન ) ના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. ઉજવણીનો સમાપન કેક કટિંગ સમારોહ અને કેડેટ્સ મેસમાં આયોજિત ડિનર નાઈટ સાથે થયો. સમગ્ર કાર્યક્રમે શાળાની ગૌરવશાળી પરંપરા, રાષ્ટ્રપ્રેમ અને સંસ્થાની એકતાને વધુ મજબૂત બનાવી.

## દ્વારકાના સનસેટ પોઈન્ટ નજીક ડ્રોન ઉડાડનાર મથુરાના શખ્સ સામે કાર્યવાહી

દ્વારકા : દ્વારકા યાત્રાધામમાં સંવેદનશીલ વિસ્તાર ગણાતા સનસેટ પોઈન્ટ પાસે ડ્રોન કેમેરો ઉડાડી રહેલા મથુરાના શખ્સને પોલીસે દબોચી લીધો હતો.

દ્વારકાના સનસેટ પોઈન્ટ પાસે ગઈકાલે આકાશમાં ડ્રોન ઉડતુ જોવા મળતા કોઈએ આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે આ ડ્રોન કેમેરાને રીમોટથી ઓપરેટ કરતા મથુરાના અનુરાગ રામકુમાર શાસ્ત્રી નામના શખ્સને ઝડપી લીધો હતો. દ્વારકામાં મંદિર તેમજ સનસેટ પોઈન્ટ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન ઉડાવવા સામે પ્રતિબંધ હોવા છતાં આ શખ્સ ડ્રોન ઉડાડતો મળી આવ્યો હતો. પોલીસે મથુરાના અનુરાગ શાસ્ત્રી સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## દ્વારકાધીશ મંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજાયો



દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીને સવારે શૃંગાર દર્શન સમયે શુક્રવારના શ્વેત વાઘા સાથેના વિશિષ્ટ શૃંગાર સાથે ભાવિક ભક્ત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવેલ. આ દિવ્ય દર્શનનો ઉપસ્થિત હજારો ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતોએ નિહાળ્યો હતો.

## જામનગરમાં પવનચક્કી વિસ્તારમાં રોડના ખાડામાં કાર ખાબકી



જામનગર : જામનગર શહેરના પવનચક્કી વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા રોડના કામ માટે ખોદકામ કરવામાં આવ્યું છે. જોકે, ખોદકામ બાદ ખાડાઓ યોગ્ય રીતે પુરવામાં ન આવતા વાહનચાલકો માટે ગંભીર મુશ્કેલી ઊભી થઈ રહી છે.

આજે એક કાર રોડ પર રહેલા ખાડામાં ખાબકી જતાં થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાના પગલે આસપાસના વિસ્તારમાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા ઘણા દિવસોથી આ વિસ્તારમાં ખુલ્લા ખાડાઓના કારણે વારંવાર આવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. અકસ્માતનો ભય સતત રહેતો હોવાથી વાહનચાલકો અને રાહદારીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે.

વિસ્તારના લોકોએ જામનગર મહાનગરપાલિકાના તંત્રને તાત્કાલિક કાર્યવાહી કરીને રોડના ખાડાઓ પુરાવી માર્ગને સલામત બનાવવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં અકસ્માતો અને ટ્રાફિકની સમસ્યા ટાળી શકાય.

## ખંભાળિયામાં મકાનમાંથી દેશી દારૂના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા: એક ફરાર

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં એક રહેણાંક મકાનમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી દેશી દારૂના જથ્થા સાથે બે શખ્સને ઝડપી પાડ્યા હતા અને સ્થળપરથી દેશી દારૂ તેમજ મોબાઈલ ફોન સહિત રૂ. ૪૪ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે કર્યો હતો જ્યારે અન્ય શખ્સ હાજર નહી મળી આવતા ફરાર જાહેર કરી ત્રણેય વિરુધ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરમાં આલ્ફા શાળા પાછળ રહેતા પ્રવીણભાઈ નારણભાઈ મસુરાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ખંભાળિયા પોલીસે દરોડો પાડી રૂ. ૪૪૮૦૦ની કિંમતનો ૨૨૪ લીટર દેશી દારૂ પકડી પાડ્યો હતો તેમજ સ્થળપરથી રૂ. ૧૨૫૦૦ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૫૭૩૦૦ના મુદામાલ સાથે પ્રવીણભાઈ મસુરા અને શ્યામભાઈ હરિભાઈ મસુરાની ધરપકડ કરી હતી જ્યારે માળી ગામના ખેંગાર જામની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## જામ્યુકોની સામાન્ય સભા સોમવારે મળશે

જામનગર : જામનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા આગામી સોમવારે મળનાર છે, જેમાં જુદી જુદી સમિતિઓ માટે સભ્યોની નિમણૂક કરવામાં આવશે.

જામનગર મહાનગર પાલિકાની સામાન્ય સભા મેયરના અધ્યક્ષસ્થાને આગામી તા. ૨૦ અને સોમવારે યોજાનાર છે, જેમાં જુદી જુદી પેટા સમિતિની રચના થશે અને સભ્યોની નિમણૂક થશે ઉપરાંત વી.એમ. મહેતા કોલેજમાં મેનેજમેન્ટ સભ્યોની વરણી થશે. જે સમિતિની રચના થનાર છે તેમાં પબ્લિક વર્કસ કમિટી, વોટર વર્કસ કમિટી, સેમિટેશન કમિટી, લાઈટ કમિટી, શહેરી ગરીબ સમાજ કલ્યાણ કમિટી, સ્લમ અપગ્રેશન કમિટી, રમતગમત અને સાંસ્કૃતિક કમિટી, ટાઉન પ્લાનિંગ અને માર્કેટીગ કમિટી આરોગ્ય અને ગાર્ડન કમિટી, ડ્રેનેજ કમિટી, વાહન કમિટી, પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક કમિટી, લીગલ કમિટી (સલાહકાર સમિતિ) કોલેજ મેનેજમેન્ટ કમિટી અને સ્ટાફ વગેરે નો સમાવેશ થાય છે.

## સલાયા મરીન પોલીસે ચુડેશ્વરની લીધી મુલાકાત



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : ગૃહ વિભાગ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અનુસાર પોલીસ અને પ્રજા વચ્ચેનો સમન્વય વધારવા તેમજ ગ્રામ્ય સ્તરે સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવાના હેતુથી દ્વારકા જિલ્લાના સલાયા મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. ચાવડા તથા ટીમ દ્વારા ચુડેશ્વર ગામે 'વિલેઝ વિઝિટ' (ગામ મુલાકાત) કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ચુડેશ્વર ગામની શાળાના કંપાઉન્ડમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, મહિલાઓ અને શાળાના બાળકોએ ઉત્સાહભેર હાજરી આપી પોલીસ પ્રશાસનને બહોળો પ્રતિસાદ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' સંવાદના માધ્યમથી ગ્રામજનોના પ્રશ્નો સાંભળવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત સપ્ટેમ્બર માસના સંદર્ભે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના પ્રકૃતિપ્રેમ, દેશદાઝ અને તેમની ઐતિહાસિક સિદ્ધિઓ વિશે શાળાના બાળકોને વિસ્તૃત માહિતી આપી પ્રેરિત કરવામાં આવ્યા હતા. બાળકોના મનમાંથી પોલીસ પ્રત્યેનો ડર અને બીક દૂર થાય અને તેઓ પોલીસને પોતાના મિત્ર સમજે તેવા સાર્થક પ્રયાસો કરાયા હતા.

પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. ચાવડા દ્વારા ગામમાં અને શાળા પરિસરમાં સ્વચ્છતા જાળવવા, નશામુક્તિ અભિયાનને વેગ આપવા અને બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવવા અંગે ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી. આ સાથે જ મહિલાઓ આત્મનિર્ભર બને અને ઘરબેઠા સરકારી સહાય મેળવી નાના ઘરેલું ઉદ્યોગો શરૂ કરી આર્થિક રીતે સક્ષમ બને તે અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં વધતા જતા સાયબર ક્રાઈમના ગુનાઓથી બચવા, ડિજિટલ ફ્રોડથી સાવચેત રહેવા અને ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરી કિંમતી માનવ જિંદગી બચાવવા અંગે વિશેષ સમજણ આપવામાં આવી હતી.

ચોમાસાની ઋતુના આગમન પૂર્વે (મોન્સુન બ્રેક દરમિયાન) દરિયાકાંઠાના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવાના ભાગરૂપે માછીમારી પ્રતિબંધિત જાહેરનામા અંગે માછીમારો અને ગ્રામજનોને વાકેફ કરાયા હતા. દરિયાકાંઠા વિસ્તારમાં તણાઈ આવતી કોઈપણ બિનવારસી વસ્તુઓ કે દાણચોરી સંબંધિત પ્રવૃત્તિઓ, શંકાસ્પદ બોટો કે દરિયાઈ ઘૂસણખોરી જેવી કોઈપણ હિલચાલ જણાય તો તુરંત જ પોલીસનો સંપર્ક કરવા જણાવાયું હતું. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે ખેતમજૂરી અર્થે આવતા બહારના શ્રમિકોના નામ, સરનામા, મોબાઈલ નંબર અને આઈ.ડી. પ્રૂફ મેળવી પોલીસ વેરિફિકેશન કરાવવા બાબતે ગ્રામજનોને કડક સૂચના આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ચુડેશ્વર ગામના નાગરિકોએ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તથા રાષ્ટ્રીય સુરક્ષાના કાર્યોમાં સલાયા મરીન પોલીસને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી ઉચ્ચારેલ છે.

## બોલબાલા ટ્રસ્ટ દ્વારા જામ્યુકોના નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન



જામનગર : ચેમ્બર ઓફ કોમર્સ ખાતે શ્રી બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જામનગરના પદાધિકારીઓ તેમજ નવનિયુક્ત કોર્પોરેટરોના સન્માન સમારોહ યોજાયો હતો તેમજ સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મેયર મોનિકાબેન વ્યાસ ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન ધીરેનભાઇ મોનાણી શાસકપક્ષના નેતા અમરભાઈ મોદી દંડક પ્રવિણાબેન રૂપડિયા તેમજ શહેર સંગઠનના હોદ્દેદારો કાર્યકર્તાઓ બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટના આગેવાનો ખુબ બહોળી સંખ્યા માં જોડાયા હતા. ચેમ્બર ઓફ કોમર્સ ખાતે બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત કાર્યક્રમમાં જામનગરના પ્રથમ નાગરીક મેયર મોનિકાબેન વ્યાસ દ્વારા સાંવરિયો રે મારો ગીત ગાય લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને સમગ્ર વાતાવરણ સંગીતમય બની ગયું હતું.

## જામનગરમાં ઉદ્યોગકારો માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો



જામનગર : જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા નેશનલ પ્રોડક્ટિવિટી કાઉન્સીલ ના સંયુક્ત ઉપક્રમે અને ક્રીશ કન્સલ્ટન્ટસી ના સંકલન હેઠળ જામનગરના ઉદ્યોગકારો માટે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન તરફ એક મહત્ત્વપૂર્ણ પગલારૂપે ઈન્ડસ્ટ્રી ૪.૦ રોડશો જામનગરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત જામનગર ચેમ્બરના પ્રમુખ રમણીકભાઈ અકબરીના પ્રેરક સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી જેમાં તેઓએ ચેમ્બરનો પરિચય આપી સાથે દેશના વડાપ્રધાનના વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા અને દેશને ડિઝિટલ દિશા તરફ લઈ જવા અને ટેક્નોલોજીને અપનાવી આપણા વેપાર-ઉદ્યોગને નવી દિશા આપવા આહ્વાન કરેલ હતું. ત્યારબાદ ક્રીશ કન્સલ્ટનસીના સ્થાપક અને સીઈઓ, વૈશાલી પારેખે આ સેમિનારનો ઉદેશ્ય સરળ રીતે રજુ કર્યો હતો. તે સાથે ચંદન ચૌધરી, ડેપ્યુટી મેનેજર, એનપીસી દ્વારા એમએસએમઈ આ યોજનાનો લાભકેવી રીતે મેળવી શકે તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્યારબાદ આ સ્કીમના પ્રોજેકટ મેનેજર સાગર પંચાલ દ્વારા સીમકીટ ડિવાઈસની માહિતી આપવામાં આવી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ ભારત સરકારની આરએએમપી યોજના હેઠળ અમલમાં મૂકાયેલા 'સ્કેલીગ અપ ઈન્ડસ્ટ્રી ૪.૦ ટ્રાન્સફોર્મેશન ઈન ગુજરાત મેન્યુફેકચરીગ સેક્ટર' પ્રોજેક્ટનો એક ભાગ હતો. જેનો મુખ્ય હેતુ એમએસએમઈએસને ઈન્ડસ્ટ્રી ૪.૦ ટેક્નોલોજી તરફ પ્રેરિત કરવો અને તેમને આધુનિક બનાવવાનો છે.

કાર્યક્રમમાં ઉદ્યોગકારો, મેનેજમેન્ટ પ્રોફેશનલ્સ અને ટેક્નોલોજી પાર્ટનર્સની નોંધપાત્ર હાજરી જોવા મળી. કાર્યક્રમ દરમિયાન itndustry 4.0 વિષયક નિષ્ણાતો દ્વારા વિવિધ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું, જેમાં ડિજિટલાઈઝેશન, ઓટોમેશન અને ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયાઓનો સમાવેશ થયો. આ ઉપરાંત, પસંદ કરાયેલા એમએસએમઈએસ માટે પ્રોજેક્ટ હેઠળ આઈઓટી ડિવાઈસ મફત સ્થાપિત કરવાની વિશેષ સુવિધા પણ જાહેર કરવામાં આવી, જે ઉદ્યોગોને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ તરફ આગળ વધવામાં મદદરૂપ થશે. ગુજરાતના એમએસએમઈએસને વૈશ્વિક સ્પર્ધામાં આગળ લાવવા અને ટેક્નોલોજી દ્વારા કાર્યક્ષમતા વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે. કાર્યક્રમમાં હાજર ઉદ્યોગકારોએ આ પહેલને ખૂબ જ ઉપયોગી ગણાવી અને ઈન્ડસ્ટ્રી ૪.૦ અપનાવવા માટે ઉત્સાહ વ્યક્ત કર્યો. હતો. કાર્યક્રમનું સફળ સંચાલન ચેમ્બરના માનદ મંત્રી કૃણાલભાઈ વી. શેઠે તેમજ કાર્યક્રમના અંતે ચેમ્બરના માનદ ખજાનચી તુષારભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રગીત રજૂ કરવામાં આવ્યું હતું.

## રાઈઝ વર્લ્ડવાઈડે ભારતની ઊભરતી ક્રિકેટ સેન્સેશન ગુણાલન કમલિની સાથે કરાર કર્યો

મુંબઈ: રિલાયન્સની માલિકીની અને ભારતની અગ્રણી સ્પોર્ટ્સ, લાઈફસ્ટાઈલ અને એન્ટરટેઈનમેન્ટ કંપની રાઈઝ વર્લ્ડવાઈડ લિમિટેડે દેશની સૌથી હોનહાર યુવા પ્રતિભાઓ સાથે ભાગીદારી કરીને રમતના ભવિષ્યમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું છે. એજન્સીમાં સામેલ થયેલી નવી પ્રતિભા ગુણાલન કમલિની ભારતની સૌથી રોમાંચક યુવા ક્રિકેટરોમાંની એક તરીકે ઉભરી આવી છે. પોતાના નીડર પ્રદર્શન અને ખૂબ જ ઝડપથી કરેલી પ્રગતિના પરિણામે તેણે દેશભરમાં આગવી ઓળખ મેળવી છે.

આ કરાર રાઈઝ વર્લ્ડવાઈડના વિશિષ્ટ ક્રિકેટ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવે છે, જેમાં રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા અને સાઈ સુદર્શન જેવા દિગ્ગજો સામેલ છે. કમલિનીના એક્સક્લુઝિવ કોમર્શિયલ અને ટેલેન્ટ મેનેજમેન્ટ પાર્ટનર તરીકે એજન્સી તેના બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ, વ્યૂહાત્મક ભાગીદારી, જાહેર કાર્યક્રમોમાં હાજરી, લાઈસન્સિંગ, ડિજિટલ કન્ટેન્ટ અને લાંબા ગાળાના બ્રાન્ડ ડેવલપમેન્ટનું સંચાલન કરશે. આનાથી તેને પોતાની રમત પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે એક અર્થપૂર્ણ અને સ્થાયી વ્યક્તિગત બ્રાન્ડ તૈયાર કરવામાં મદદ મળશે.



આ જાહેરાત અંગે વાત કરતા રાઈઝ વર્લ્ડવાઈડના હેડ નિખિલ બરડિયાએ જણાવ્યું હતું કે, "અમે રાઈઝ વર્લ્ડવાઈડ પરિવારમાં કમલિનીનું સ્વાગત કરતા ખૂબ જ આનંદ અનુભવી રહ્યા છીએ. તે એક અસાધારણ યુવા પ્રતિભા છે જેના પ્રદર્શને અત્યારથી જ ઉચ્ચ સ્તરે સફળ થવા માટે જરૂરી સ્વભાવ, આત્મવિશ્વાસ અને મહત્વાકાંક્ષા દર્શાવ્યા છે. અમારા ટેલેન્ટ રોસ્ટરમાં પ્રથમ મહિલા ક્રિકેટરનું સ્વાગત કરતા અમને વિશેષ ગર્વ થાય છે, જે અમારી એજન્સી માટે એક મહત્વપૂર્ણ સીમાચિન્હ છે. અમે મેદાનની બહાર તેના માટે યોગ્ય તકો ઊભી કરીને તેની આ સફરને મદદ પૂરી પાડવા આતુર છીએ, જેથી તે મેદાન પર વધુ મોટી સફળતા મેળવવા માટે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી શકે."

રાઈઝ વર્લ્ડવાઈડ સાથે જોડાવા અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા ગુણાલન કમલિનીએ કહ્યું, "હું રાઈઝ વર્લ્ડવાઈડ સાથે જોડાવા બદલ ખરેખર ખૂબ જ ખુશ છું. તેમણે ભારતીય ક્રિકેટના કેટલાક સૌથી મોટા નામો સાથે કામ કર્યું છે અને હું આ ટીમનો ભાગ બનવા માટે ઉત્સાહિત છું. અત્યારે મારું ધ્યાન એક ક્રિકેટર તરીકે વધુ બહેતર બનવા અને મારી સામે આવતી દરેક તકનો પૂરેપૂરો ઉપયોગ કરવા પર છે. જ્યારે હું મારા સપના પૂરા કરવા માટે આગળ વધી રહી છું ત્યારે રાઈઝ જેવી ટીમનો સાથ મળવો એ અદભૂત બાબત છે. હું સાથે મળીને આ રોમાંચક સફરની શરૂઆત કરવા માટે ઉત્સુક છું."

કમલિનીએ ક્રિકેટ જગતમાં ખૂબ જ ઝડપી અને સાતત્યપૂર્ણ પ્રગતિ કરી છે. તેણે તમિલનાડુ વતી અંડર-૧૫ ક્રિકેટમાં પ્રતિનિધિત્વ કર્યું હતું અને ત્યારબાદ રાજ્યની અંડર-૧૯ ટીમમાં સ્થાન મેળવ્યું હતું, જેની સાથે તેણે ટી૨૦ ટાઈટલ જીત્યું હતું. ત્યારપછી તે ભારતની અંડર-૧૯ ટીમનો ભાગ બની જેણે ૨૦૨૫ની શરૂઆતમાં આઈસીસી અંડર-૧૯ મહિલા ટી૨૦ વર્લ્ડકપ જીત્યો હતો, જેમાં તે ટુર્નામેન્ટમાં ત્રીજી સૌથી વધુ રન બનાવનાર બેટર રહી હતી. એ જ વર્ષે માત્ર ૧૬ વર્ષની ઉંમરે તેણે વિમેન્સ પ્રીમિયર લીગનો કોન્ટ્રાક્ટ મેળવીને ઈતિહાસ રચ્યો હતો અને આ ટુર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે ડેબ્યૂ કરનારી સૌથી યુવા ખેલાડી બની હતી. ડોમેસ્ટિક ક્રિકેટમાં તેનું શાનદાર પ્રદર્શન ૨૦૨૫ દરમિયાન ચાલુ રહ્યું હતું જેને કારણે તે જ વર્ષના અંતમાં શ્રીલંકા સામેની ઘરઆંગણાની ટી૨૦ ઈન્ટરનેશનલ સિરીઝ માટે તેને પ્રથમ વખત રાષ્ટ્રીય ટીમમાં સામેલ કરવામાં આવી હતી, જ્યાં તેણે ૧૭ વર્ષની ઉંમરે પોતાનું આંતરરાષ્ટ્રીય પદાર્પણ કર્યું હતું. ઉ‍ન ૨૦૨૬ના મેગા ઓક્શન પહેલા મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા રિટેન કરવામાં આવેલા પાંચ ખેલાડીઓમાં પણ તે સામેલ હતી, જે તેની ઉચ્ચ ક્ષમતા અને મેચ જીતાડવાની ક્ષમતા દર્શાવે છે. તાજેતરમાં જ ૨૦૨૬ની એશિયન ગેમ્સ માટે ભારતની ટીમમાં તેની પસંદગી કરવામાં આવી છે, જે તેની ઝડપી પ્રગતિ અને દેશના સૌથી આશાસ્પદ યુવા ક્રિકેટરોમાંની એક તરીકે તેનું વધતું જતું કદ બતાવે છે.

કમલિની સાથેનો આ કરાર ભારતની સર્વશ્રેષ્ઠ રમતગમત પ્રતિભાઓનું પ્રતિનિધિત્વ કરવાની રાઈઝ વર્લ્ડવાઈડની સતત પ્રતિબદ્ધતામાં વધુ એક મહત્વપૂર્ણ પ્રકરણ ઉમેરે છે. વ્યૂહાત્મક ટેલેન્ટ મેનેજમેન્ટને લાંબા ગાળાના બ્રાન્ડ બિલ્ડિંગ સાથે જોડીને એજન્સી ખેલાડીને મેદાનની અંદર અને બહાર તેમની સંપૂર્ણ ક્ષમતાને ખીલવવામાં મદદ કરવા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત રાખે છે.

## હેપ્પી બર્થ-ડે

### દ્વારકાના સામાજિક કાર્યકર સન્નીભાઈનો આજે જન્મદિન



દ્વારકાના પ્રખ્યાત શ્રીજી ઈન્સ્ટિટયૂટ ઓફ એજ્યુકેશનના ડાયરેક્ટર, દ્વારકા પંથકના લોકપ્રિય શિક્ષક, ૫૦૫ ન્યૂઝના એન્કર,ગૌ સેવક, સરળ, નિખાલસ વ્યક્તિત્વ ધરાવનાર, દ્વારકા જિલ્લા પૂર્વ યોગ કોર્ડીનેટર, અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્તના સામાજિક કાર્યકર સન્નીભાઈ પુરોહિતનો આજરોજ જન્મદિવસ તેમને જન્મદિવસની ખુબ ખુબ શુભકામના

## અવસાન નોંધ

**જામનગર :** જામનગર નિવાસી પ્રદીપ કાંતિલાલ રાવલ (ઉ.વ.૬૭)નું તા. ૧૭ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. શશીકાંત રાવલ, સ્વ. ઈન્દુબેન મગનલાલ જોશી, જગદીશ કાંતીલાલ રાવલ, દેવેન્દ્ર કાંતિલાલ રાવલ, સ્વ. અશોક કાંતીલાલ રાવલના નાનાભાઈનું ઉઠમણું આજે તા. ૧૮ને શનિવારના રોજ સાંજે ૫થી ૫:૩૦ તેમના નિવાસ સ્થાન રાજ પાર્ક, સેવાસદન-૪ના છેડે, સાંઈ બંગલો, ગુલાબનગર રોડ ખાતે રાખવામાં આવેલ છે.

# દિલ્હીમાં એનડીએ જૂથના મંત્રીઓની બેઠક

## સોમવારથી શરૂ થતા સંસદના ચોમાસુ સત્ર પહેલા મળેલી બેઠકમાં મહત્વના બિલ અંગે શાસક સંગઠનની રણનીતિ અંગે કરાઈ ચર્ચા

નવી દિલ્હી,

સંસદના ચોમાસુ સત્ર પહેલા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને ગૃહ પ્રધાન અમિત શાહ સહિત એનડીએના મંત્રીઓના જૂથની એક મહત્વપૂર્ણ બેઠક શુક્રવારે કર્તવ્ય ભવનમાં યોજાઈ હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે આ બેઠકમાં કેન્દ્રીય પ્રધાનો અને એનડીએના સાથી પક્ષો લલ્લન સિંહ (જેડીયુ), જયંત ચૌધરી (આરએલડી) અને કિંજરપુ રામ મોહન નાયડુ (ટીડીપી) પણ હાજર રહ્યા હતા, જેમાં ૨૦ જૂલાઈ સોમવારથી શરૂ થઈ રહેલા આગામી સંસદ સત્રમાં શાસક ગઠબંધનની રણનીતિની ચર્ચા કરવામાં આવી હતી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે બેઠકની અધ્યક્ષાતા કરી હતી જેમાં મહિલા અને બાળ વિકાસ પ્રધાન અન્નપૂર્ણા દેવી પણ હાજર રહ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે, બેઠકમાં આગામી સત્ર માટે સરકારી કામકાજ અને સત્ર દરમિયાન બે વટહુકમોને સંસદના કાયદાઓમાં રૂપાંતરિત કરવાની સરકારની "પ્રાથમિકતા" અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સરકાર આગામી ચોમાસુ સત્રમાં આવકવેરા (સુધારા) બિલ રજૂ કરવાની યોજના ધરાવે છે જેથી વિદેશી રોકાણકારોને સરકારી સિક્યોરિટીઝ (જી-સેકન્ડ) માં રોકાણમાંથી વ્યાજ કમાણી અને મૂડી લાભ પર આવકવેરામાંથી મુક્તિ આપવા માટે અમલમાં મુકાયેલા વટહુકમને બદલી શકાય.

પશ્ચિમ એશિયા સંકટને કારણે ઘટતા રૂપિયા પરના દબાણને ઓછું કરવા માટે વિદેશી મૂડી આકર્ષવા માટે ગયા મહિને આ વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો. આવકવેરા (સુધારા) બિલ, ૨૦૨૬, આવકવેરા (સુધારા) વટહુકમ, ૨૦૨૬નું સ્થાન લેશે.

આગામી સત્રમાં સરકાર સંસદમાં પસાર થવા માટે સીમાંકન બિલ સાથે સુધારેલ મહિલા અનામત બિલ પણ લાવી શકે છે. એનડીએ સૂત્રોએ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સિવાય વિવિધ વિપક્ષી પક્ષોના સમર્થનથી જરૂરી બે તૃતીયાંશ બહુમતી મેળવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. સરકાર દક્ષિણ રાજ્યોની ચિંતાઓને દૂર કરવા માટે તમામ રાજ્યો માટે લોકસભા બેઠકોની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો કરવા માટે અનેક ફોર્મ્યુલેશન પર કામ કરી રહી હોવાનું જાણવા મળ્યું છે, કારણ કે તે મહિલા અનામતના કાયદા પર બંધારણ સુધારા બિલના નવા ડ્રાફ્ટને કાર્યરત કરવા માંગે છે.

દક્ષિણ રાજ્યોની ચિંતાઓને ધ્યાનમાં રાખીને ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે કે વસ્તી આધારિત સીમાંકન કવાયત લોકસભામાં તેમની રાજકીય શક્તિ ઘટાડશે. પહેલું બિલ ૧૭ એપ્રિલના રોજ લોકસભામા પાસ થઈ શક્યું નહીં કારણ કે સરકાર તેને પસાર કરવા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતી હાંસલ કરી શકી ન હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સન્માનના અપમાન (સુધારા) બિલ, ૨૦૨૬, જે રજૂઆત, વિચારણા અને પસાર કરવા માટે સૂચિબદ્ધ છે, તેને પહેલા રાજ્યસભામાં લાવવામાં આવી શકે છે.

# મોદીએ સ્ટેજ પર કોંગ્રેસના નેતા મનીષ તિવારી સાથે લાંબી વાતચીત કરતા રાજકારણમાં ગરમાવો

## મનીષ તિવારીને કેન્દ્ર સરકારે ઓપરેશન સિંદૂર પ્રતિનિધિમંડળમાં પણ સામેલ કર્યા હતા

ચંદીગઢ,

ચોમાસુ સત્ર પહેલા ભાજપ દ્રઢછ ની સંખ્યાત્મક તાકાતને મજબૂત બનાવવા માટે કામ કરી રહી છે, ત્યારે વડાપ્રધાન મોદીની પંજાબની મુલાકાતે કોંગ્રેસમાં અસ્વસ્થતાભર્યા તણાવ પેદા કર્યા છે. ચંદીગઢમાં એક રેલીમાં પીએમ નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ મનીષ તિવારીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. પંજાબમાં ચરણજીત સિંહ ચન્ની અને અમરિંદર સિંહ રાજા વાડિંગ વચ્ચે ચાલી રહેલા ઝઘડા વચ્ચે, તેમણે તિવારી સાથે હાથ મિલાવ્યા અને વાત કરી. તિવારીએ અનેક મુદ્દાઓ પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે. ચંદીગઢના સાંસદ હોવાને કારણે તિવારી શિષ્ટાચાર અને પ્રોટોકોલના ભાગ રૂપે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, પરંતુ પીએમ મોદીની તેમની સાથેની વાતચીતથી રાજકીય તણાવ પેદા થયો. પીએમ મોદી અને મનીષ તિવારી વચ્ચેની મુલાકાત સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગઈ છે.

તાજેતરમાં, જ્યારે કોંગ્રેસ પાર્ટીએ ૨૦૨૭ પંજાબ વિધાનસભા ચૂંટણી માટે કેટલીક નિમણૂકો કરી, ત્યારે તિવારીએ પંજાબ કોંગ્રેસના સંગઠનાત્મક ફેરબદલ અને ચૂંટણી સમિતિઓમાંથી તેમનું નામ બાકાત રાખવા અંગે ઊંડી નારાજગી વ્યક્ત કરી. પક્ષ દ્વારા જવાબદારીના અભાવ અંગેનો તેમનો ક્રોધ સોશિયલ મીડિયા પર ફેલાઈ ગયો, જેને તેમણે પાર્ટી નેતૃત્વમાં અસુરક્ષાને જવાબદાર ગણાવી. પીએમ મોદી જે રીતે તિવારી સાથે મળ્યા અને વાત કરી તે નોંધપાત્ર હતી. ત્યારથી, ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે મનીષ તિવારી પણ ભાજપના રડાર પર છે. પીએમ મોદી જ્યારે બોલ્યા ત્યારે જેપી નડ્ડા હાજર હતા.

ખરેખર, મનીષ તિવારી કોંગ્રેસ પાર્ટીમાં તેમની ઉપેક્ષાથી નારાજ છે અને અસ્વસ્થતા અનુભવે છે. હાલમાં કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના સંસદ સભ્ય, મનીષ તિવારીએ હિન્દી કહેવતનો ઉપયોગ કરીને પાર્ટીની કાર્યશૈલી પર પ્રશ્ન ઉઠાવ્યો, "જેની પાસે કુશળતા નથી તેનામાં કોઈ મોટી ખામી નથી." આનો અર્થ એ થયો કે પ્રતિભાશાળી વ્યક્તિને ઘણીવાર પાર્ટીમાં નબળાઈ તરીકે જોવામાં આવે છે.

# કોલકાતામાં ઐતિહાસિક બાંકરા મસ્જિદના સ્થાનાંતરણ સામે બાંગ્લાદેશમાં વિરોધ

## ભાજપના ધારાસભ્ય સૌરવ સિકદરને ફાંસી આપોના નારા લાગ્યા

કોલકતા,

કોલકાતાના નેતાજી સુભાષચંદ્ર બોઝ આંતરરાષ્ટ્રીય વિમાનમથકની અંદર ઐતિહાસિક બાંકરા મસ્જિદના સ્થાનાંતરણ અંગેનો વિવાદ હવે સરહદ પાર વધ્યો છે. બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા, જ્યાં પ્રદર્શનકારીઓએ કથિત રીતે ભાજપના ધારાસભ્ય સૌરવ સિકદર સામે "મોતની ધમકી" ના નારા લગાવ્યા.

કોલકાતા એરપોર્ટ સંકુલમાં સ્થિત બાંકડા મસ્જિદ (જે ગૌરીપુર જામા મસ્જિદ તરીકે પણ ઓળખાય છે) માં શુક્રવારની નમાજ પર પ્રતિબંધના અહેવાલો બાદ, સ્થાનિક રહેવાસીઓ અને બાંગ્લાદેશના અનેક મુસ્લિમ સંગઠનોએ વિરોધ રેલી કાઢી.

પ્રદર્શન દરમિયાન, લોકોએ ઐતિહાસિક મસ્જિદને તોડી પાડવાના પ્રયાસને "ષડયંત્ર" ગણાવતા અને ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની માંગ કરતા બેનરો પણ પકડી રાખ્યા હતા. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં વિરોધીઓ "સૌરવ સિકદરને ફાંસી આપો" ના નારા લગાવતા જોવા મળ્યા, જે પશ્ચિમ બંગાળના ભાજપના ધારાસભ્ય પર સીધો હુમલો છે.

સૌરવ સિકદર ઉત્તર ૨૪ પરગણાના દમ દમ ઉત્તર વિધાનસભા મતવિસ્તારના ભાજપ ધારાસભ્ય છે. તેમના મતવિસ્તારમાં એરપોર્ટ વિસ્તારનો સમાવેશ થાય છે જ્યાં બાંકડા મસ્જિદ આવેલી છે. તાજેતરના સમયમાં, તેઓ મસ્જિદના સ્થાનાંતરણને સમર્થન આપતા સૌથી વધુ અવાજ ઉઠાવનારા નેતાઓમાંના એક રહ્યા છે. તેઓ દલીલ કરે છે કે એરપોર્ટ પરિસરમાં મસ્જિદની હાજરી ઓપરેશનલ અને રાષ્ટ્રીય સુરક્ષા દ્રષ્ટિકોણથી ગંભીર ચિંતાનો વિષય છે.

# ઉજ્જૈન મહાકુંભ માટે મધ્યપ્રદેશ પોલીસનો માસ્ટર પ્લાન : સુરક્ષા વ્યવસ્થામાં એઆઈ અને ભીડ મનોવિજ્ઞાનનો વ્યાપક ઉપયોગ થશે

## મધ્યપ્રદેશ પોલીસે ૨૦૨૮માં ઉજ્જૈનમાં યોજાનાર સિંહસ્થ મહાકુંભ માટે એક અનોખી અને ઉચ્ચ તકનીકી બ્લુપ્રિન્ટ તૈયાર કરી



ઉજ્જૈન,

મધ્યપ્રદેશ પોલીસે ૨૦૨૮માં ઉજ્જૈનમાં યોજાનાર સિંહસ્થ મહાકુંભ માટે એક અનોખી અને ઉચ્ચ તકનીકી બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે. આ વખતે, સિંહસ્થમાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પોલીસ જૂની અને પરંપરાગત પદ્ધતિઓનો ત્યાગ કરી રહી છે. નવી યોજના મુજબ, ઉજ્જૈનના રામ ઘાટ પર તૈનાત પોલીસ અધિકારીઓ પહેલા ભક્તના આગમન પહેલાં દરેક શેરીથી પરિચિત હશે. તેઓએ ચોક પોઇન્ટ્સ (જ્યાં ભીડ અટવાઈ જાય છે) નો અભ્યાસ કર્યો હશે, બચાવ માર્ગો યાદ રાખ્યા હશે અને દરેક આરતી પછી ભીડના પ્રવાહની પેટર્ન સમજી હશે.

આ વખતે, સામાન્ય બ્રીફિંગને બદલે, મધ્યપ્રદેશ પોલીસ સ્થાન-વિશિષ્ટ તાલીમ, વર્તણૂકીય વિજ્ઞાન અને એઆઇ-સહાયિત (એઆઈ) ભીડ વ્યવસ્થાપનનો ઉપયોગ કરશે.

અધિકારીઓને ચોક્કસ ઘાટ, મંદિર, માર્ગ અથવા ક્ષેત્ર માટે જમીન પર તાલીમ આપવામાં આવશે જ્યાં તેઓ તૈનાત કરવામાં આવશે. વધુમાં, ભીડ મનોવિજ્ઞાનનો ઉપયોગ ભીડની માનસિકતાને સમજવા માટે કરવામાં આવશે અને છેં-આધારિત આગાહી વિશ્લેષણનો ઉપયોગ સંભવિત ટ્રાફિક જામની આગાહી કરવા માટે કરવામાં આવશે, જે અકસ્માતો થાય તે પહેલાં અટકાવશે.

આ નવી વ્યૂહરચનાને સમર્થન આપતાં, ઉજ્જૈન ઝોનના એડીજી રાકેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "આ વ્યૂહરચના એ સિદ્ધાંત પર આધારિત છે કે અધિકારીઓને ભક્તોના આગમન પહેલાં તેમના તૈનાતી વિસ્તારોની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ. સિંહસ્થને સામાન્ય પોલીસિંગ કવાયત તરીકે જોવાને બદલે, અમે સંવેદનશીલ સ્થળોને નાના 'ઓપરેશનલ ઝોન'માં વિભાજીત કરી રહ્યા છીએ. અહીં તૈનાત અધિકારીઓને વિસ્તારની ભૂગોળ અને ભીડની પ્રકૃતિના આધારે વિશેષ તાલીમ મળશે.

# મુંબઈની તાજમહેલ પેલેસ હોટેલને રસ્તાઓ, ફૂટપાથ પર કબજો કરવા બદલ નોટીસ

મુંબઈ,

મુંબઈ મહાનગરપાલિકાએ તાજમહેલ પેલેસ હોટેલને ડિમાન્ડ નોટિસ મોકલી છે, જેમાં આશરે ૨૭ કરોડની ચુકવણીની માંગણી કરવામાં આવી છે. આ રકમ કોલાબામાં પ્રખ્યાત હોટેલની આસપાસ સુરક્ષા હેતુઓ માટે સ્થાપિત પ્લાન્ટર્સ, બેરિકેડ અને પાર્કિંગ જગ્યાઓ માટે રસ્તાઓ અને ફૂટપાથના ઉપયોગ માટે છે. આ પગલું અગાઉ આપવામાં આવેલી છૂટછાટો પાછી ખેંચી લેવાને પગલે છે.

'એ' વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરની નોટિસ અનુસાર, મ્યુનિસિપલ બોડીએ હોટેલને રસ્તાના ઉપયોગ માટે ૪.૯૭ કરોડ અને ફૂટપાથના ઉપયોગ માટે ૨૨.૧૫ કરોડ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. આનાથી કુલ માંગ ૨૭.૧૨ કરોડ થઈ ગઈ છે. આ રકમમાં માર્ચ ૨૦૨૬ સુધી વ્યાજ અને અન્ય ચાર્જનો સમાવેશ થાય છે.

૨૬/૧૧ના આતંકવાદી હુમલા પછી હોટલની આસપાસ સુરક્ષા વ્યવસ્થા અને પાર્કિંગ માટે ૮૬૯.૫૯ ચોરસ મીટર રોડ અને ૧,૧૩૬.૩ ચોરસ મીટર ફૂટપાથ જગ્યાના ઉપયોગ સાથે આ વિવાદ સંબંધિત છે. શરૂઆતમાં, તાજે રોડ યુસેજ ચાર્જમાં ૫૦% ડિસ્કાઉન્ટ અને ફૂટપાથ યુસેજ ચાર્જમાં સંપૂર્ણ માફીની માંગ કરી હતી. તેઓએ દલીલ કરી હતી કે ઉપયોગમાં લેવાતા ફૂટપાથનો ઉપયોગ વાણિજ્યિક હેતુઓ માટે થઈ રહ્યો નથી.તત્કાલીન બીએમસી સ્ટેન્ડિંગ કમિટીએ જાન્યુઆરી ૨૦૨૧ માં આ દરખાસ્તને મંજૂરી આપી હતી, પરંતુ આ મામલો જનરલ બોડી પાસે પેન્ડિંગ રહ્યો હતો.

# હિંદુ ધર્મ પર વિવાદાસ્પદ ટિપ્પણીઓને કારણે મૌલાના અંસારી સામે ૯૫ અલગ અલગ સ્થળોએ ફરિયાદો

## ભગવાન કૃષ્ણને પાંચ વખત નમાઝી કહેવા અને હિન્દુ ધર્મ વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરવા બદલ જારજીસ વિરુદ્ધ FIR દાખલ

લખનૌ,

ઉત્તર પ્રદેશના ઇટાવાના રહેવાસી મૌલાના જારજીસ અંસારીની મુશ્કેલીઓમાં વધારો થયો છે. વાસ્તવમાં, ભગવાન કૃષ્ણને પાંચ વખત નમાઝી કહેવા અને હિન્દુ ધર્મ વિશે અન્ય અપમાનજનક ટિપ્પણીઓ કરવા બદલ જારજીસ વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. વધુમાં, ઉત્તર પ્રદેશના વિવિધ જિલ્લાઓમાં જારજીસ વિરુદ્ધ ૯૫ ફરિયાદો દાખલ કરવામાં આવી છે. આ દરમિયાન, જારજીસ અંસારી વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો વધુ તીવ્ર બન્યા છે, હિન્દુ સંગઠનોએ તેમની સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. નોંધનીય છે કે ૨૩ જૂને ઝારખંડમાં આપેલા ભાષણમાં, મૌલાના જારજીસ અંસારીએ ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, હિન્દુ પૂજા પ્રણાલી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વિશે વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી હતી. જારજીસે દાવો કર્યો હતો કે ભગવાન કૃષ્ણ પણ દિવસમાં પાંચ વખત પ્રાર્થના કરતા હતા. આ ભગવદ ગીતાના છઠ્ઠા અધ્યાયના દસમા શ્લોકમાં જોઈ શકાય છે. આ સાબિત કરવા માટે, જારજીસ અંસારીએ કહ્યું, "યોગી યુંજીત સતાતમમનમ રાસી સ્થિતઃ." "એકાકી યત્ચિત્તમા નિરાશીરપરિગ્રહઃ." આ શ્લોકનું ખોટું અર્થઘટન કરતાં, જારજીસ અન્સારીએ સમજાવ્યું કે શ્લોકમાં, કૃષ્ણ અર્જુનને કહી રહ્યા છે, "હે અર્જુન, જ્યારે તમે ભગવાનની પૂજા કરો છો, ત્યારે તમારા આખા શરીરથી યોગ કરો. પૂજા ઉભા રહીને નહીં, પરંતુ તમારા આખા શરીરથી કરવી જોઈએ." પરંતુ આજે, હિન્દુ ધર્મમાં, લોકો ફક્ત હાથ ઉંચા કરીને 'ઓમ નમઃ શિવાય' કહે છે, અને પૂજા પૂર્ણ થાય છે." મૌલાના જારજીસે કહ્યું હતું કે ઈસ્લામ ફક્ત મુસ્લિમોનો ધર્મ નથી; તે તેમનો ધર્મ પણ છે. આ જ ધર્મ અને આ જ ધર્મ ભગવાન રામ અને ભગવાન કૃષ્ણ દ્વારા પણ રજૂ કરવામાં આવ્યો હતો.

# ક્યુબ હાઈવેઝ ટ્રસ્ટનો આઈપીઓ ૨૨ જુલાઈના રોજ ખુલશે




ક્યુબ હાઈવેઝ ટ્રસ્ટ નો આઈપીઓ ૨૨ જુલાઈના રોજ ખૂલી રહ્યો છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈકવિટી શેર દીઠ રૂ ૧૫૧ થી રૂ ૧૫૨ રાખવામાં આવી છે.બીડ્ અરજી ૯૫ ઈકવિટી શેર અને ત્યારબાદ ૯૫ ઈકવિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યૂ ૨૨ જુલાઈ રોજ ખુલશે અને ૨૪ જૂલાઈના રોજ બંધ થશે.

# પ્રિયંકા ચતુર્વેદીએ કેટલાક મુદ્દાઓ પર કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારને "સમર્થન" આપ્યું

નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૭ જુલાઈના રોજ હરિયાણાના જીંદ રેલ્વે સ્ટેશનથી ભારતની પ્રથમ હાઇડ્રોજન સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવી. શિવસેના (યુબીટી)ના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ પણ આ પગલાની પ્રશંસા કરી છે. તેમણે અગાઉ ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા સંસદના આગામી ચોમાસુ સત્રમાં મહિલા અનામત બિલ અને સીમાંકન બિલ માટે સમર્થન વ્યક્ત કર્યું હતું. વિપક્ષ ઇન્ડિયા બ્લોકના નેતા અને રાજ્યસભાના ભૂતપૂર્વ સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ તમામ પક્ષોને અપીલ કરી હતી કે મહિલાઓ માટે ૩૩ ટકા અનામતને વાસ્તવિકતા બનાવવાનો સમય આવી ગયો છે.

# હવે પાકિસ્તાનમાં પણ "જય જગન્નાથ"નો નાદ ગુંજ્યો : કરાચીના રસ્તાઓ પર રથયાત્રા નીકળી

## કરાચીમાં સંપૂર્ણ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહ સાથે પાકિસ્તાની ધ્વજ સાથે કાઢવામાં આવેલી રથયાત્રાનો વીડિયો વાયરલ થયો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના કેટલાક વિસ્તારોમાં હજુ પણ હિન્દુ તહેવારો ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. અગાઉ, પાકિસ્તાનમાં હોળી, દિવાળી, નવરાત્રી અને દશેરાની ઉજવણીના વીડિયો ઓનલાઈન સામે આવ્યા છે. આ દિવસોમાં, ઓડિશાના પુરી સહિત સમગ્ર ભારતમાં ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ રહી છે, ત્યારે પાકિસ્તાનનો એક વિડિઓ પણ સામે આવ્યો છે જેણે ઇન્ટરનેટ વપરાશકર્તાઓને મંત્રમુગ્ધ કરી દીધા છે. કરાચીમાં સંપૂર્ણ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહ સાથે પાકિસ્તાની ધ્વજ સાથે કાઢવામાં આવેલી રથયાત્રાનો એક વીડિયો વાયરલ થયો છે. ક્લિપમાં એક જગ્યાએ મોટી સંખ્યામાં ભક્તો ભેગા થયા છે, જેઓ ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના રથને દોરડાથી ખેંચી રહ્યા છે. ભક્તો આનંદથી નાચતા અને ગાતા પણ જોવા મળે છે.

ભગવાનના રથને ખેંચતા ભક્તોની ભીડ વીડિયોમાં "જય જગન્નાથ" અને "હરે કૃષ્ણ" ના નારા લગાવી રહી છે. આ ધાર્મિક કાર્યક્રમના વાયરલ વીડિયોએ ઈન્ટરનેટ વપરાશકર્તાઓને આ ઘટનાની ચર્ચા કરવા પ્રેર્યા છે.

પાકિસ્તાની પ્રભાવશાળી પ્રીતમ દેવરિયાએ રથયાત્રાના ઘણા વીડિયો શેર કર્યા છે. રથયાત્રા શરૂ થાય તે પહેલાં, મંદિરમાં દેવતાઓને વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ ત્રણેય દેવતાઓની મૂર્તિઓને ફૂલોથી શણગારેલા ભવ્ય રથ પર મૂકવામાં આવી હતી. રથને રંગબેરંગી ફૂલો અને અન્ય વસ્તુઓથી શણગારવામાં આવ્યો હતો. રથયાત્રા દરમિયાન ભક્તો પરંપરાગત વસ્ત્રોમાં પણ સજ્જ જોઈ શકાય છે.

# ચાર દેશો પાસે અમેરિકી ચૂંટણી પ્રણાલીને પ્રભાવિત કરવાની ક્ષમતા હોવાનો ટ્રમ્પનો ગુપ્તચર દસ્તાવેજોના આધારે દાવો

## વર્ષોથી ચૂંટણી પ્રણાલીની સુરક્ષા વિશેનું સત્ય અમેરિકન જનતાથી છુપાવવામાં આવ્યું

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે રશિયા, ચીન, ઈરાન, ઉત્તર કોરિયા અને કેટલાક બિન-સરકારી જૂથો સાયબર હુમલાઓ દ્વારા યુએસ ચૂંટણી પ્રણાલીને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે. તેમણે આ દાવો તેમની સરકાર દ્વારા જાહેર કરાયેલા નવા ડિક્લાસિફાઇડ ગુપ્તચર દસ્તાવેજોના આધારે કર્યો હતો. "ચૂંટણી અખંડિતતા" પર રાષ્ટ્રને સંબોધનમાં, ટ્રમ્પે કહ્યું કે તેમની સરકાર દ્વારા જાહેર કરાયેલા દસ્તાવેજોનો ત્રીજો સેટ સાબિત કરે છે કે યુએસ વહીવટ ઘણા વર્ષોથી ચૂંટણી પ્રણાલીમાં રહેલી નબળાઈઓથી વાકેફ છે.

તેમના ચોંકાવનારા દાવાઓમાં, ટ્રમ્પે કહ્યું, "ચીનની દખલગીરી છુપાવવી એ માત્ર શરૂઆત હતી. આજે અમે જે દસ્તાવેજો જાહેર કરી રહ્યા છીએ તેનો ત્રીજો સેટ સાબિત કરે છે કે ઘણા વર્ષોથી ચૂંટણી પ્રણાલીની સુરક્ષા વિશેનું સત્ય અમેરિકન જનતાથી છુપાવવામાં આવ્યું છે. આમાં ઈલેક્ટ્રોનિક મતદાન મશીનો અને ગણતરી પ્રણાલીઓનો સમાવેશ થાય છે. આ સંવેદનશીલ છે અને સરળતાથી ચેડા થઈ શકે છે." ટ્રમ્પે ૨૦૨૦ ની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ચીની દખલગીરી છુપાવનારા યુએસ અધિકારીઓની તપાસનો પણ આદેશ આપ્યો છે. યુએસ ઈન્ટેલિજન્સ કોમ્યુનિટીના એક અહેવાલને ટાંકીને તેમણે કહ્યું,

"અમારું મૂલ્યાંકન છે કે ઓછામાં ઓછા રશિયા, ચીન, ઈરાન અને ઉત્તર કોરિયા સહિત યુનાઈટેડ સ્ટેટ્સના વિરોધીઓ, તેમજ કેટલાક બિન-સરકારી જૂથો, યુએસ ચૂંટણી માળખા સાથે છેડછાડ કરવાની ક્ષમતા ધરાવે છે."

રિપોર્ટનો બીજો ભાગ વાંચતા, ટ્રમ્પે કહ્યું, "અમારું માનવું છે કે મતદાર નોંધણી ડેટાબેઝ, મતદાન પુસ્તકો અને સત્તાવાર ચૂંટણી વેબસાઈટ્સ જેવા કેન્દ્રિયકૃત ચૂંટણી-સંબંધિત ડેટા ભંડારો સૌથી વધુ જોખમમાં છે. જો વિરોધીઓ આ સિસ્ટમોની ઍક્સેસ મેળવે છે, તો તેઓ ચૂંટણી પ્રક્રિયાને વિક્ષેપિત કરી શકે છે." તેને "અમેરિકન લોકશાહીના હૃદય પર સાયબર હુમલો" ગણાવતા ટ્રમ્પે કહ્યું કે તેમની સરકાર જાન્યુઆરી ૨૦૨૦ થી જૂન ૨૦૨૬ ના સમયગાળાને આવરી લેતા ગુપ્તચર અહેવાલોને ડિક્લાગાઈઝ કરી રહી છે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે નવા ડિક્લાગાઈઝ્ડ દસ્તાવેજોમાં સીઆઈએ રિપોર્ટનો સમાવેશ થાય છે જેમાં વેનેઝુએલાની સરકાર પર ૨૦૨૦ ની ચૂંટણીના પરિણામોને ડિજિટલી હેરફેર કરવાનું કાવતરું કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેમણે કહ્યું,

"આજે અમે એવા દસ્તાવેજો જાહેર કરી રહ્યા છીએ જે દર્શાવે છે કે સીઆઈએને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોના શાસન દ્વારા એક ચોક્કસ ષડયંત્ર વિશે માહિતી મળી હતી.

# પંજાબમાં ગેંગ વોર ચાલી રહી છે, ડ્રગ ડીલરો મુક્તપણે ફરે છે અને યુવાનો ડ્રગ્સમાં ધકેલાઈ રહ્યા છે: પીએમ મોદી

## ચંદીગઢમાં પીએમ મોદીએ ૪૭૦૦ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું



ચંડીગઢ,

પંજાબ મહારાજા રણજીત સિંહની ભૂમિ છે. તેમના શાસનકાળ દરમિયાન, પંજાબ શાંતિપૂર્ણ હતું. તેમણે આપ પર પ્રહાર કરતા કહ્યું કે આજે પંજાબમાં ગેંગ વોર ચાલી રહી છે. ડ્રગ ડીલરો મુક્તપણે ફરે છે. પંજાબના યુવાનો ડ્રગ્સમાં ધકેલાઈ રહ્યા છે. પંજાબમાં સત્તા પર બેઠેલા લોકો દેશની રાજનીતિ બદલવાનો દાવો કરે છે. આજે પંજાબમાં સત્તા પર બેઠેલા પક્ષ પાસે ન તો સ્વચ્છ ઈરાદા છે અને ન તો પ્રામાણિકતા. તેમણે કહ્યું કે પંજાબમાં આપ સરકાર કેન્દ્ર સરકારની યોજનાઓ પર પોતાનો પ્રભાવ લાદી રહી છે.

વડાપ્રધાન મોદીએ દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસ, અમૃતસર-વારાણસી એક્સપ્રેસ ટ્રેન, કરતૌલી પંજાબ-અંબાલા એક્સપ્રેસ ટ્રેન સેવા અને દૌલતપુર ચોક-કરતૌલી પંજાબ નવી રેલ લાઈનનું ઉદ્ઘાટન કર્યું. આ સેવાઓ પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશ વચ્ચે જોડાણને મજબૂત બનાવશે.

મોદીએ કહ્યું કે દેશમાં લગભગ ૧.૭૫ લાખ આરોગ્ય આયુષ મંદિરો કાર્યરત છે, અને ટેકનોલોજી દ્વારા ટેલિમેડિસિન શરૂ કરવામાં આવ્યું છે. ધ્યેય દેશને ટીબી મુક્ત બનાવવાનો છે. ટીબી સ્ક્રીનીંગ સમયસર થવી જોઈએ. દર્દીઓને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. આજે, દેશમાં ટીબી સારવાર કવરેજ ૯૦% થી વધુ પહોંચી ગયું છે. ટીબી ચેપમાં પણ ૨૧% ઘટાડો થયો છે. પીજીઆઈ ખાતે એમબીબીએસ મંજૂર કરવામાં આવ્યું છે. ચંદીગઢ એક આશાસ્પદ સ્ટાર્ટઅપ હબ બનશે.

મોદીએ કહ્યું કે સ્વચ્છતા અભિયાન (સ્વચ્છતા અભિયાન) તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે નિવૃત્ત ચંદીગઢ આઈપીએસ અધિકારી ઈન્દ્રજીત સિંહ સિદ્ધુના સ્વચ્છતા અભિયાનની પ્રશંસા કરી. મોદીએ કહ્યું કે તેમણે જોયું કે તેમના આગમન પહેલાં, નેતાઓ શહેરમાં સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા હતા.

મોદીએ કહ્યું કે એક સમય હતો જ્યારે દુનિયા ભારતના આરોગ્ય ક્ષેત્ર પર સવાલ ઉઠાવતી હતી. કોવિડ-૧૯ મહામારી દરમિયાન, આપણે ભારત પ્રત્યે વિશ્વની ધારણામાં ફેરફાર જોયો. ભારત હવે મદદ માંગતું નહોતું, પરંતુ વિશ્વને તે પૂરું પાડી રહ્યું હતું. ભારત એક તબીબી સ્થળ બની રહ્યું છે. બાર વર્ષ પહેલાં, અમે દેશને વધુ સારી આરોગ્યસંભાળ સુવિધાઓ પૂરી પાડવાનો સંકલ્પ કર્યો હતો.વડાપ્રધાને કહ્યું કે જ્યારે તેઓ ચંદીગઢમાં રહેતા હતા, ત્યારે તેમને કોઈને મદદ કરવા માટે પીજીઆઈ જવું પડતું હતું.

સૌરાષ્ટ્ર આસપાસ

# જામનગરમાં ગાળો બોલવા જેવી સામાન્ય બાબતમાં યુવાનની હત્યા

## યુવાન પર છરીના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યો, બે મહિલા સહિત સાત શખ્સો સામે ગુનો નોંધાયો



તસવીર: સુનિલ ચુડાસમા



મૃતકનો ફાઈલ ફોટો

જામનગર : જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ગાળો બોલવાના મુદ્દે શરૂ થયેલો વિવાદ લોહિયાળ અથડામણ સુધી પહોંચી ગયા બાદ એક યુવાનની લોથ ઢળતા સનસનાટી મચી છે. યુવાનના ઘરની બાજુમાં ટોળા અંદરો અંદર ગાળો બોલતા હોવાથી આરોપીઓએ ફરિયાદીનો ભાઈ (મૃતક યુવાન) ગાળો બોલતો હોવાની શંકાના આધારે ઘરે જઈ બબાલ કરી યુવાન પર છરીના જીવલેણ ઘા ઝીકી યુવાનને મોતને ઘાત ઉતારી દીધો હતો. જે મામલે બે મહિલા સહિત સાત સામે ફરિયાદ નોંધાઈ છે.

શહેરના ગોકુલનગર શેરી નં.૧૧, ગીરીરાજ પાનની બાજુમાં રહેતા અને બ્રાસપાર્ટના કારખાનામાં મજૂરી કરતા બાબુ ઉર્ફે રણજીતસિંહ જશાજી જેઠવા (ઉ.વ.૩૦) એ પોતાના ભાઈની હત્યા મામલે આરોપી સોનુબા ગુમાનસિંહ જાડેજા, ગુમાનસિંહ જાડેજા, પ્રદિપસિંહ ગુમાનસિંહ જાડેજા, જયલો રાઠોડ, દીવ્યરાજસિંહ વાઘેલા, જોષનાબા, જોષનાબાના પતિ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવાયા અનુસાર

ગઈકાલે તા.૧૭/૭ના રોજ ફરિયાદના ઘરની બાજુમાં ખુલ્લા પટમાં માણસો ભેગા થયા હતા ત્યારે ગાળો બોલતા ફરિયાદીના વિસ્તારમાં રહેતા સોનુબા ગુમાનસિંહ જાડેજાને એવી શંકા હતી જે ફરિયાદીના ભાઈ સહિતના ગાળો બોલી રહ્યા છે.

આથી રાત્રે ફરિયાદીના ઘરે ઘસી ગયા હતા જ્યાં વાતચીત દરમ્યાન ચાલતી હતી આ વેળાએ અન્ય આરોપીઓ ફરિયાદીના ઘરે ઘસી આવ્યા હતા. થોડા જ સમયમાં અન્ય લોકો પણ ત્યાં આવી પહોંચતા વાતાવરણ તંગ બન્યું હતું.

આરોપી પ્રદીપસિંહ ગુમાનસિંહ જાડેજા પાસે રહેલી છરી વડે ફરિયાદીના ભાઈ પ્રદીપસિંહ જશાજી જેઠવા પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન અન્ય આરોપીઓએ પણ હુમલામાં સાથ આપ્યો હતો તેમજ ફરિયાદીના બીજા ભાઈ મયુરસિંહને માર માર્યો હતો. ઘટના બાદ ઘાયલ પ્રદીપસિંહને તાત્કાલિક જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતો બનાવ હત્યામાં પલટાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો હોસ્પિટલ તેમજ બનાવ સ્થળે દોડી ગયો હતો. હાલ આરોપીઓને પકડી પાડવા પોલીસે જુદી જુદી ટીમ બનાવી કવાયત હાથ ધરી છે.

# કાલાવડ-રણુજા પાસે બે બાઈક તકરતા પરિવારના ચાર સભ્યો ઘાયલ

જામનગર : કાલાવડ-રણુજા હાઈવે રોડ પર સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ચાર સભ્યો ઘાયલ થયા હતા. જેમાં પિતા અને ૧૧ વર્ષીય પુત્રને ગંભીર ઈજાઓ પહોંચતાં પોલીસે અકસ્માત સર્જનાર બાઈકચાલક સામે ગુનો નોંધ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના ભીમરાવનગર વિસ્તારમાં રહેતા પ્રકાશભાઈ પીઠાભાઈ કરશનભાઈ રાઠોડ પોતાની પત્ની હીનાબેન તથા બે પુત્રો રુદ્ર અને રીયાંશ સાથે હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ પર મુસાફરી કરી રહ્યા હતા. તે દરમિયાન કાલાવડ-રણુજા હાઈવે રોડ પર સામે તરફથી પૂરઝડપે અને બેફામ રીતે આવી રહેલા હીરો ડિલક્સ જી.જે. -૩ પી.બી. ૦૨૯૫ ના ચાલકે તેમની મોટરસાયકલને સામેથી ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં પ્રકાશભાઈના જમણા પગમાં ગંભીર ઈજા પહોંચી પગ ભાંગી ગયો હતો. તેમના ૧૧ વર્ષીય પુત્ર રુદ્રના જમણા પગના સાથળમાં ગંભીર ઈજા થતાં સાથળનું હાડકું ભાંગી ગયું હતું. પત્ની હીનાબેનને જમણા પગે છોલ-છાલાની ઈજા થઈ હતી, જ્યારે ચાર વર્ષીય પુત્ર રીયાંશને માથાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનમાં હીરો ડિલક્સના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.એસ. જાડેજાએ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર શહેરમાં બે બાળકોમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણ દેખાતા દોડધામ

## બંને બાળ દર્દીઓ જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા, બંનેના સેમ્પલો લઈ લેબોરેટરીમાં મોકલાયા, વિસ્તારમાં આરોગ્ય ટીમ દોડી ગઈ

જામનગર : જામનગરમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ બે બાળ દર્દીઓ નોંધાતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. શહેરના વોર્ડ નાં -૬ ના ગણપતનગર વિસ્તારના એક વર્ષના બાળક તેમજ ઢીચડા રોડ પર રવિ પાર્ક વિસ્તારના અન્ય એક બાળકને ગંભીર હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બંને બાળકોને તાવ, આંચકી સહિતના ગંભીર લક્ષણો જણાતા તેમને હોસ્પિટલના આઈસીયુમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. ડોક્ટરોએ બંને બાળકોના સેમ્પલ લઈ વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ જ ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થઈ શકશે.

બંને શંકાસ્પદ કેસ સામે આવ્યા બાદ હોસ્પિટલ તંત્ર, મહાનગરપાલિકા અને આરોગ્ય વિભાગે સંકલિત કામગીરી શરૂ કરી છે. દર્દીઓના રહેણાંક વિસ્તારોમાં સર્વેલન્સ, સફાઈ અને જરૂરી આરોગ્યલક્ષી પગલાં લેવામાં આવી રહ્યા છે.



તસવીર: સુનિલ ચુડાસમા

આરોગ્ય અધિકારીઓએ વાલીઓને અપીલ કરી છે કે બાળકોને તાવ, સતત ઉલટી, આંચકી અથવા બેભાન થવા જેવા લક્ષણો દેખાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા હોસ્પિટલમાં લઈ જવું. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં બાળકોની સ્વચ્છતા જાળવવી, મચ્છરો અને અન્ય જીવાતોથી બચાવના પગલાં લેવા તેમજ ઘરની આસપાસ સ્વચ્છતા રાખવી જરૂરી છે. હાલ બંને બાળકોની સારવાર ચાલુ છે અને તેમના લેબોરેટરી રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

# જામનગરમાં યુવતી સાથે શારીરિક સંબંધ બાંધી લગ્નનો ઈન્કાર કરતા યુવાન સામે ગુનો નોંધાયો

## દોઢ વર્ષના પ્રેમસંબંધ દરમિયાન અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યાનો આક્ષેપ

જામનગર : જામનગર શહેરના ખોજાગેટ વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે પડોશમાં રહેતા યુવકએ લગ્નની લાલચ આપી વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા બાદ લગ્ન કરવાનો ઈનકાર કરી દેતા ભોગ બનનાર યુવતીએ ફરિયાદ નોંધાવતા સીટી એ ડિવિઝન પોલીસે યુવક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં ખોજાગેટ, લાલખાણ, મદીના મસ્જિદ પાસે રહેતી એક યુવતી સાથે દોઢ વર્ષ પહેલાં પડોશમાં રહેતા અયાન કાદર ચાકી નામના યુવાનના સંપર્કમાં આવી હતી. ત્યાર બાદ આરોપીએ યુવતીને લગ્ન કરવાની વાત કરીને વિશ્વાસમાં લીધી હતી અને બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. ત્યાર બાદ ફોન તેમજ રૂબરૂ મુલાકાતો થતી હતી.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, સંબંધ શરૂ થયાના આશરે પંદર દિવસ બાદ આરોપીએ યુવતીને રાત્રિના સમયે પોતાના ઘરની અગાસી પર બોલાવી લગ્ન કરવાની ખાતરી આપીને પ્રથમ વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો.

ત્યારબાદ પણ લગ્નનું વચન આપી અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

યુવતીએ અનેક વખત લગ્ન અંગે પૂછપરછ કરતાં આરોપી વિવિધ બહાનાં બનાવી લગ્ન ટાળતો રહ્યો હતો. અંતે ગત તા. ૧ મે,ના રોજ બંને વચ્ચે થયેલી વાતચીત દરમિયાન આરોપીએ સ્પષ્ટપણે લગ્ન કરવાનો ઈનકાર કર્યો હોવાનું અને "લગ્ન નહીં કરું" તેમ કહી દીધું હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ યુવતીએ પરિવારજનોને સમગ્ર ઘટનાની જાણ કરી અને પોતાના ફોઈ સાથે સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પહોંચીને ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે યુવતીની ફરિયાદના આધારે આરોપી અયાન કાદર ચાકી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૬૯ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં બહુચર્ચિત થયેલ બાળકીના અપહરણમાં આરોપી પોરબંદરથી ઝડપાયો

## મેડિકલી તપાસણી બાદ વાલીને સોંપી દેવાઈ, આરોપી સામે દુષ્કર્મ અને પોક્સોનો ગુનો નોંધાયો

જામનગર : જામનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી એક ગરીબ વિધવા મહિલાની સગીર પુત્રીના અપહરણના કેસમાં જામનગર પોલીસે માત્ર ૧૦ દિવસમાં ટેકનિકલ એનાલિસિસના આધારે પોરબંદરમાંથી બાળકીને હેમખેમ મુક્ત કરાવી છે. આ સાથે અપહરણ કરનાર જેસીબી ચાલક આરોપી કાના મેરામણને ઝડપી લઈને જામનગર લાવવામાં આવ્યો છે. બાળકીનું તબીબી પરીક્ષણ કરાવ્યા બાદ પોલીસે અપહરણ ઉપરાંત દુષ્કર્મ અને પોક્સો સહિતની ગંભીર કલમો ઉમેરી આરોપીની ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ જામનગરના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ગરીબ વિધવા મહિલાની ૧૨ વર્ષની સગીર પુત્રીને પોરબંદરનો જેસીબી ચાલક કાના મેરામણ લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. ઘટનાની જાણ થતાં ગભરાયેલી માતાએ બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી હતી.

આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફેલાયો હતો. વિધવા મહિલાના સમર્થનમાં સમાજના આગેવાનો અને સ્થાનિક લોકો મેદાને ઉતર્યા હતા. બાળકીને તાત્કાલિક શોધી કાઢવાની માંગ સાથે ધરણાં, રજૂઆતો તેમજ પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. વિવિધ સામાજિક કાર્યક્રમો દ્વારા પણ ઝડપી કાર્યવાહી માટેની માંગ કરાઈ હતી.

જે ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને સતત તપાસના આધારે આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. ૧૦ દિવસની સઘન તપાસ બાદ એલસીબીની ટીમે પોરબંદરમાં દરોડો પાડી આરોપી કાના મેરામણને ઝડપી લીધો હતો અને તેની ચુંગાલમાંથી બાળકીને સુરક્ષિત રીતે મુક્ત કરાવી હતી.

ત્યારબાદ બાળકીની મેડિકલ તપાસણી કરાવ્યા બાદ તેના વાલીને સોંપવામાં આવી હતી. બાળકીની તબીબી તપાસના આધારે પોલીસે ગુનામાં દુષ્કર્મ તેમજ પોક્સો અધિનિયમની કલમોનો ઉમેરો કરીને આરોપી સામે વધુ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર-ધ્રોલમાં વરસાદી ઝાપટાં, ગ્રામ્યમાં છૂટાછવાયો વરસાદ

## સૌથી વધુ ૧૫ મીમી જામવંથલીમાં નોંધાયો

જામનગર : જામનગર શહેરમાં ગઈકાલે સવારે વરસાદી ઝાપટું વરસી ગયું હતું, જો કે ત્યારબાદ આખો દિવસ કોરો રહ્યો હતો, અને આજે પણ મેઘરાજાએ વીરામ રાખ્યો છે. સાથે સાથે જામનગર જીલ્લાના ધ્રોલમાં બપોરે એક વરસાદનું ઝાપટું વરસી ગયું હતું અને ત્યાર પછી ઉઘાડ નીકળી ગયો હતો.

ત્યારબાદ જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન છૂટાછવાયા વરસાદની નોંધ થઈ છે. જિલ્લામાં સૌથી વધુ ૧૫ મી.મી. વરસાદ જામવંથલીમાં નોંધાયો હતો. જ્યારે મોટી ભલસાણમાં ૧૨ મી.મી., લૈયારા અને હરિપરમાં ૭-૭ મી.મી., દરેડમાં ૩ મી.મી. તેમજ વસઈ, લાખાબાવળ, ઘુનડા, પીપરટોડા, પડાણા અને મોડપરમાં ૨-૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લાના અન્ય મોટાભાગના ગામોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદ નોંધાયો નથી.

દરમિયાન, તા. ૧૮-૦૭-૨૦૨૬ના હવામાનના આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી સેલ્સિયસ, લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડિગ્રી સેલ્સિયસ, હવામાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા અને પવનની સરેરાશ ગતિ ૧૩.૩ કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી.

# અલીયા ગામના ઉપસરપંચ પર અરજી કરવાના પ્રશ્ને શખ્સ દ્વારા ધોકાથી હુમલો



જામનગર : જામનગર તાલુકાના અલીયા ગામના ઉપસરપંચ અને રેસ્ટોરન્ટ સંચાલક પાર્થ પ્રકાશભાઈ હરિયાણી પર અલીયા ગામની ફાટક પાસે બેઝબોલના ધોકાથી હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. હુમલામાં તેમને બે જગ્યાએ ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ પહોંચતાં જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં ગ્રીન સીટી ખાતે રહેતા પાર્થ પ્રકાશભાઈ હરિયાણી પટેલ કોલોની વિસ્તારમાં "ઓવનસબ" નામનું રેસ્ટોરન્ટ ચલાવે છે. તેઓ અલીયા ગ્રામ પંચાયતના ઉપસરપંચ પણ છે. ઘટનાના દિવસે તેઓ ગામના સમૂહ જમણવારમાં હાજરી આપવા અલીયા ગયા હતા. સાંજે ગ્રામ પંચાયતથી જામનગર પરત ફરી રહ્યા હતા, ત્યારે અલીયા ગામની ફાટક નજીક પાછળથી આવેલા સિલ્વર રંગના મોટરસાયકલના ચાલકે તેમની કાર આગળ મોટરસાયકલ ઉભું રાખી તેમને અટકાવ્યા હતા.

આરોપીએ પીજીવીસીએલમાં લાઈટ માટે અરજી કેમ કરી હોવાનું પૂછતાં પાર્થભાઈએ આવી કોઈ અરજી કરી ન હોવાનું જણાવ્યું હતું. આ વાતથી ઉશ્કેરાયેલા આરોપીએ ગાળો આપી રસ્તાની બાજુમાં પડેલો બેઝબોલનો ધોકો લઈને તેમના ડાબા પગના ગોઠણ પાસે ઘા માર્યો હતો. તેઓ નીચે પડી જતાં આરોપીએ આડેધડ હુમલો ચાલુ રાખ્યો હતો.

બૂમાબૂમ સાંભળી અલીયા ગામના કલ્પેશભાઈ મહેશભાઈ મકવાણા સ્થળ પર પહોંચ્યા અને હુમલાખોરના ચંગુલમાંથી પાર્થભાઈને છોડાવ્યા હતા. તે દરમિયાન આરોપીએ પોતાનું નામ ઈમરાન જુણેજા હોવાનું જણાવ્યું હતું અને "આજે તો બચી ગયો, ફરી મળીશ તો જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી મોટરસાયકલ પર ફરાર થઈ ગયો હતો.

ઈજાગ્રસ્ત પાર્થભાઈને કલ્પેશ મકવાણાએ જી.જી. હોસ્પિટલ પહોંચાડ્યા હતા. તબીબી તપાસમાં તેમના ડાબા પગના ગોઠણ પાસે તથા ડાબા હાથની ટચલી આંગળીમાં ફ્રેક્ચર તેમજ જમણા પગના ગોઠણ અને જમણા હાથમાં મુઢ્ઢ ઈજાઓ હોવાનું સામે આવ્યું છે. આ બનાવ અંગે પાર્થ પ્રકાશભાઈ હરિયાણીની ફરિયાદના આધારે પોલીસે ઈમરાન જુણેજા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામ્યુકોના અધિકારીનો અયોગ્ય વર્તનનો વિડીયો વાયરલ થતાં લેખિત ખુલાસો પૂછાયો



જામનગર : જામનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા એક અધિકારી ટેબલ ઉપર પગ ચડાવીને કર્મચારી સાથે અયોગ્ય ભાષામાં વાતચીત કરતા તેનો વિડીયો વાયરલ થયો હતો. જેના અનુસંધાને આ અધિકારીનો લેખિત માં ખુલાસો પૂછવામાં આવ્યો છે.

જામનગર મહાનગરપાલિકાની વોટર વર્ક્સ શાખાના ગોકુલનગર ઝોનલ ઓફિસમાં ફરજ બજાવતા એક અધિકારી ટેબલ ઉપર પગ ચડાવીને શાખાના જ એક કર્મચારી સાથે રજા બાબતે ચર્ચા કરતા હતા. જે અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આથી વોટર શાખાના કાર્યપાલક ઈજનેર નરેશ પટેલ દ્વારા આ અધિકારીને લેખિત નોટિસ આપીને તેને ખુલાસો આપવા જણાવ્યું છે. આમ મહાનગરપાલિકાના અધિકારીનો વિડીયો વાયરલ થતા ચર્ચાના ચાકડે ચડ્યો છે.

# સરમત ગામે કામમાં મન નહિ લગતા યુવાનનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના સિક્કા પોલીસ મથક વિસ્તારમાં સરમત પાટીયા પાસે આવેલી આર્ય ભગવતી સોસાયટીમાં રહેતા બિહારના મૂળ વતની એક યુવાનનું કામમાં મન નહિ લાગતા ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ, હિતેશકુમાર ભગવાનસિંઘ રાજપુત મૂળ બેલા ગામ, રાજપુર પોસ્ટ, બેલહાર પોલીસ સ્ટેશન, બાંકા જિલ્લાના વતની અને હાલ સરમત પાટીયા પાસે આવેલી આર્ય ભગવતી સોસાયટીમાં રહી મજૂરી કામ કરતો હિતેશકુમાર ભગવનસિંઘ રાજપૂત નામના યયવનને પોતાના વતનથી દૂર રહી અહીં કામ કરવામાં મન ન લાગતું હોવાથી અને તેનાથી કંટાળી જતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આ બનાવ અંગે અમનકુમાર ભગવનસિંગે સિક્કા પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે દોડી મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં દારૂના નશામાં પિતા ઘરે માથાકૂટ કરતા પુત્રએ પોલીસ બોલાવી

જામનગર : જામનગરના આંબેડકરવાસ વિસ્તારમાં દારૂના નશામાં બેફામ બનેલા શખ્સે પરિવારના સભ્યો સાથે માથાકૂટ, ઝપાઝપી કરતા પુત્રની ફરિયાદના આધારે પોલીસે દોડી જઇ પિતાની અટકાયત કરી હતી.

શહેરના બાઈની વાડી, ચુનાના ભઠ્ઠા નજીક આવેલા આંબેડકરવાસ વિસ્તારમાં રહેતા અને કડિયાકામ કરતા હિતેષભાઈ મેઘજીભાઈ હીંગોરસે પોતાના પિતા એવા મેઘજીભાઈ દેવજીભાઈ હીંગોરસ સાથે નોંધાવેલી ફરિયાદ અનુસાર સાંજે આશરે નવ વાગ્યાના સમયે તેમના પિતા મેઘજીભાઈ દેવજીભાઈ હીંગોરસ દારૂના નશામાં ઘરે આવ્યા હતા, અને પોતાના પત્ની સાથે બોલાચાલી તેમજ ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ તેમણે પરિવારજનોને ગાળો આપી ફરિયાદી પુત્ર સાથે પણ ઝપાઝપી કરી હતી. આરોપી પિતાની ધમાલથી કંટાળી પુત્રે ૧૧૨ જનરક્ષક ફોન કરીને પોલીસને જાણ કરતા પોલીસે દોડી જઇ પિતાને સિટી ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પોલીસની તપાસમાં આરોપી દારૂના નશામાં હોવાનું સામે આવતા પ્રોહિબિશન અધિનિયમની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં મકાનમાંથી દારૂની ૪૨ બાટલી ઝડપાઈ, આરોપીની અટકાયત

જામનગર : જામનગર શહેરના ભીમવાસ ઢાળિયા નજીક વેલનગર શેરી નં. ૧ વિસ્તારમાં રહેતા એક શખ્સના મકાનમાં પોલીસે દરોડો પાડતા સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની ૪૨ બોટલ મળી આવતા મુદ્દામાલ સાથે શખ્સની અટકાયત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ સર્વેલન્સ સ્ક્વોડના પોલીસ કોન્સ્ટેબલ નીલેશભાઈ વજુભાઈ ઠાકરીયા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી બાતમીના આધારે શહેરના ભીમવાસ વિસ્તારમાં વેલનગર શેરી નં. ૧માં રહેતો જીગ્નેશ નરશીભાઈ રાઠોડના રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૪૨ નંગ નાની ઈંગ્લીશ દારૂ ની બાટલીઓ મળી આવી હતી. પોલીસે કુલ રૂ. ૧૨,૬૦૦ કિંમતનો દારૂ કબજે કરી આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં દહેજની માંગણી કરી પરિણીતાને સાસરિયાઓનો ત્રાસ

જામનગર : જામનગરમાં રહેતી એક પરિણીતાએ જૂનાગઢમાં રહેતા પોતાના પતિ, સાસુ અને સસરા સામે લગ્નજીવન દરમિયાન શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવો, મારપીટ કરવી અને દહેજની માંગણી કરવાના આક્ષેપો સાથે મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં રહેતા મીનાઝબેન તુફેલશાહ શાહમદારના નિકાહ તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ જુનાગઢ નિવાસી તુફેલશાહ મુનીરશાહ શાહમદાર સાથે મુસ્લિમ શરિયત મુજબ થયા હતા. લગ્નના અંદાજે છ મહિના બાદથી પતિ દ્વારા નાની-નાની બાબતોમાં ઝઘડા કરી ગાળો આપવી, મારપીટ કરવી અને પત્ની તરીકે સ્વીકાર ન કરવાની વાતો કહી શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

તેમજ સસરા પણ ઝઘડા કરી અપશબ્દો બોલતા હતા, જ્યારે સાસુ પતિને ફરિયાદી વિરુદ્ધ ચડામણી કરતા હતા તેમજ ઘરકામના મુદ્દે ઝઘડા કરી પિયર તરફથી વોશિંગ મશીન અને ટીવી લાવવાની માંગણી કરતા હતા. પિયરની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ફરિયાદી માંગણી પૂરી કરી શક્યા ન હોવાનું પણ જણાવાયું છે. ફરિયાદમાં સાસુએ પોતાના સોનાના દાગીના વેચી નાખ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

આશરે ચૌદ મહિના અગાઉ થયેલા ઝઘડા બાદ સાસરિયાઓએ કોઈ સમાધાનનો પ્રયાસ કર્યો ન હોવાથી અગાઉ મહિલા પોલીસ મથક અને પોલીસ અધિક્ષકને અરજી કરવામાં આવી હતી, પરંતુ સમાધાન ન થતાં આખરે કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ફરિયાદના આધારે પતિ, સાસુ અને સસરા સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.